

# ન્યુઝ 4 કચ્છ
'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily

News Help Line : 78 74 88 99 33

વર્ષઃ ૦૨ અંક : ૨૪ તા.૦૯.૦૮.૨૦૨૪, શુક્રવાર પાનાઃ ૬ કિંમતઃ રૂ.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 24 Dt. 09-08-2024, Friday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


**સુવિચાર**
આપણી સૌથી મોટી નબળાઈ, છોડી દેવામાં છે. એક વાર પ્રયત્ન કરવો એ સફળ થવાનો ચોક્કસ રસ્તો છે.

# લોકસભામાં વક્ફ સંશોધન બિલ રજૂ થતા હોબાળો ! અધ્યક્ષે બેઠક છોડી

**ઘણા દિવસોથી જે ચર્ચામાં છે તેવુ વક્ફ સંશોધન બિલ કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ ગુરૂવારેલોકસભામાં રજૂ કર્યું હતું. બિલ રજૂ થતાં જ સંસદમાં ભારે હોબાળો થયો હતો કોંગ્રેસ સહિત અનેક રાજકીય પાર્ટીએ બીલનો વિરોધ કરી બીલને બંધારણ-મુસ્લિમ વિરોધી ગણાવ્યુ હતુ તો વક્ફ સંશોધન બિલના સમર્થનમાં પણ કેટલાક સાંસદોએ પોતાનો પક્ષ રાખ્યો હતો સૌથી મહત્વની વાત એ રહી હતી કે આ તમામ કાર્યવાહી વચ્ચે વિપક્ષના સાંસદોના વર્તનથી નારાજ રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડ રાજ્યસભાની કાર્યવાહી છોડીને ચાલ્યા ગયા હતા**

નવી દિલ્હી, તા.૮

સંસદમાં સરકાર તરફથી આજે વક્ફ બોર્ડમાં સુધારાની માગ કરતું બિલ રજૂ કરવામાં આવ્યું છે. સંસદીય કાર્ય અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુ દ્વારા વક્ફ એક્ટ ૧૯૯૫માં સુધારા માટે વક્ફ(સુધારા) બિલ ૨૦૨૪ અને મુસ્લિમ વક્ફ એક્ટ ૧૯૨૩ને સમાપ્ત કરવા માટે મુસ્લિમ વક્ફ (રિપીલ) બિલ ૨૦૨૪ લોકસભામાં રજૂ કરાયું. તેના પર સંસદમાં સત્તાપક્ષ અને વિપક્ષ વચ્ચે ચર્ચા કરવામાં આવી હતી.

કિરેન રિજિજુએ કહ્યું કે અમે પ્રસ્તાવ મૂકીએ છીએ કે વક્ફમાં સુધારા અંગેનું બિલ જોઈન્ટ પાર્લામેન્ટ કમિટી ને મોકલી દેવામાં આવે. તેના પર સ્પીકરે કહ્યું કે હાં અમે જલદી જ સમિતિ બનાવીશું. અસદુદ્દીન ઓવૈસીએ આ મામલે ડિવિઝનની માગ કરી હતી. જેની સામે સ્પીકરે કહ્યું કે તેના પર ડિવિઝન કેમ માગો છો? ત્યારબાદ ઓવૈસીએ કહ્યું કે અમે તો શરૂથી ડિવિઝનની માગ કરી રહ્યા છીએ.

કેન્દ્ર સરકાર વતી કિરેન રિજિજુએ કહ્યું કે અમે ભાગીશું નહીં. આ બિલ અહીં પાસ કરી દો. તેના પછી તેમાં જે પણ સ્ક્રૂટિની કરવી હોય અમે તેના માટે તૈયાર છીએ. આ બિલ તમે સંયુક્ત સંસદીય સમિતિને મોકલી દો. દરેક પક્ષના સભ્યોને એ કમિટીમાં સામેલ કરો, જે પણ સ્ક્રૂટિની કરવી હોય તેના માટે અમે તૈયાર છીએ. આ સાથે કિરેન રિજિજુએ મુસ્લિમ વક્ફ રિપીલ બિલ રજૂ કર્યું હતું.

એવું જાણવા મળ્યું છે કે જે હેતુ માટે ૧૯૯૫નો વક્ફ સુધારો લાવવામાં આવ્યો હતો તે હેતુ પૂરો થઈ રહ્યો નથી. તેમાં ઘણી ખામીઓ જોવા મળી છે. એ સુધારાથી ઈચ્છા પ્રમાણેના લક્ષ્યો પ્રાપ્ત ન થયા એટલે આજે આ બિલ લાવવામાં આવ્યું છે. આપણે બધા ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ. આ બિલનું સમર્થન કરો, તમને કરોડો લોકોના આશીર્વાદ મળશે. કેટલાક લોકોએ વક્ફ બોર્ડ પર કબજો કરી લીધો છે. ગરીબોને ન્યાય મળ્યો નથી. ઈતિહાસમાં આ વાત નોંધાશે કે કોણે આનો વિરોધ કર્યો.

કિરેન રિજિજુએ કહ્યું કે આ બિલનો વિરોધ કરતી વખતે વિપક્ષ દ્વારા આપવામાં આવેલી દલીલો ક્યાંય ટકતી નથી. આ બિલમાં બંધારણની કોઈ જોગવાઈનો ભંગ કરવામાં આવ્યો નથી. આ બિલ કોઈના અધિકારો છીનવી લેવા માટે લાવવામાં આવ્યું નથી, પરંતુ જે લોકો વંચિતોને ન્યાય આપવા માટે લાવવામાં આવ્યું છે. તેમણે સુપ્રીમ કોર્ટના નિર્ણયનો પણ ઉલ્લેખ કર્યો. ભારત સરકારને બિલ લાવવાનો અધિકાર છે. વક્ફમાં સુધારા અંગેના બિલ બ્રિટિશ યુગથી આઝાદી પછી ઘણી વખત રજૂ કરાયા. આ કાયદો સૌપ્રથમ ૧૯૫૪માં લાવવામાં આવ્યો હતો, ત્યારબાદ તેમાં ઘણા સુધારા કરવામાં આવ્યા છે. આજે અમે જે સુધારો લાવવા જઈ રહ્યા છીએ તે વક્ફ એક્ટ ૧૯૫૫ છે જેમાં ૨૦૧૩માં સુધારો કરવામાં આવ્યો હતો અને તેમાં એવી જોગવાઈ દાખલ કરવામાં આવી હતી જેના કારણે અમારે આ સુધારો લાવવો પડ્યો છે. ૧૯૫૫ના વક્ફ સુધારામાં જે પણ જોગવાઈઓ લાવવામાં આવી હતી, લોકોએ તેને જુદી જુદી રીતે જોઈ. JDU બાદ શિવસેના (શિંદે)એ પણ બિલને સમર્થન આપ્યું છે. શ્રીકાંત શિંદેએ બિલને સમર્થન કરતા કહ્યું કે 'આ બિલનો વિરોધ કેટલાક લોકો જાતિ, ધર્મના નામ પર કરી રહ્યા છે. આ બિલનો હેતુ પારદર્શિતા અને જવાબદારી છે. વિરોધ પક્ષ બિલને લઈને ભ્રમ ફેલાવવાનો પ્રયત્ન કરી રહી છે.' શિંદેએ વધુમાં સવાલ પૂછ્યો કે તમારે અલગ કાયદાની જરૂર કેમ છે? મહારાષ્ટ્રમાં જ્યારે તેમની સરકાર હતી ત્યારે શિરડી અને અન્ય મંદિરો અંગે સમિતિ રચવાનું કામ થયું હતું. ત્યારે તેમને બિનસાંપ્રદાયિકતા યાદ આવી ન હતી.' લોકસભામાં સત્તા પક્ષ-વિપક્ષ ની જોરદાર ચર્ચા ચાલી રહી છે. ત્યારે મિયાં અલ્તાફ અહેમદે કહ્યું છેકે 'ભારત દેશ સમગ્ર વિશ્વમાં ધર્મનિરપેક્ષતા માટે જાણીતો છે. આ બિલ લાવીને સરકાર દેશની છબી ખરાબ કરી રહી છે.' તો આંધ્ર પ્રદેશના રૂજીઈઝ સાંસદ મિધુન રેડ્ડીએ પણ બિલનો વિરોધ કરીને કહ્યું છેકે 'અમે ઓવૈસીની ચિંતાઓ સાથે સહમત છીએ.' આ બિલનો વિરોધ કરતા ઈમરાન મસૂદે સંસદમાં કહ્યું કે 'આ બિલથી બંધારણના ધજાગરા ઉડાવવાનું કામ થઈ રહ્યું છે. વક્ફ બોર્ડ તમામ મસ્જિદોનું સંચાલન કરે છે. વક્ફ બોર્ડ પાસે દેશમાં આઠ લાખ એકર ની પ્રોપર્ટી છે. તમે વક્ફની જમીનોને અતિક્રમણમાંથી મુક્ત કરવા માટે પગલાં ભર્યા હોત.'

અખિલેશ યાદવે કહ્યું કે આ બિલ એકદમ સમજી વિચારેલા કાવતરાં હેઠળ રજૂ કરાયું છે. વક્ફ બોર્ડમાં બિન મુસ્લિમોને સામેલ કરવાનો શું ઉદ્દેશ્ય



છે? ઈતિહાસ વાંચો, એક જિલ્લાધિકારી હતા તેમણે શું-શું કર્યું તે આપણે બધા જાણીએ છીએ. લઘુમતીઓના અધિકારો છીનવાઈ રહ્યા છે. અખિલેશ યાદવે આ દરમિયાન લોકસભા અધ્યક્ષને સંબોધતા કહ્યું કે તમારા પણ અધિકારો છીનવાઈ રહ્યા છે. તેના પર ગૃહમાં બિરાજિત ગૃહમંત્રી અમિત શાહ ભડકી ગયા હતા અને તેમણે અખિલેશ યાદવને કહી દીધું કે તમે ગોળ ગોળ વાતો ના કરશો. તમે અધ્યક્ષના અધિકારોના સંરક્ષક નથી.

અસદુદ્દીન ઓવૈસીએ નિયમ ૭૨ (૨) હેઠળ બિલ રજૂ કરવાનો વિરોધ કરતાં કહ્યું કે આ બંધારણની મૂળ ભાવના પર હુમલો છે. હિન્દુઓ વિશે ઓવૈસીએ કહ્યું કે એક હિન્દુ તરીકે તમે દીકરી કે દીકરાને તમારી આખી સંપત્તિ આપી શકો છો પણ અમે મુસ્લિમ તરીકે એક તૃતીયાંશ જ આપી શકીએ છીએ. હિન્દુ સંગઠન અને ગુરુદ્વારા મેનેજમેન્ટ કમિટીમાં કોઈ અન્ય ધર્મની વ્યક્તિ સામેલ થતી નથી તો વક્ફમાં કેમ? આ બિલ હિન્દુ-મુસ્લિમો વચ્ચે ભેદભાવ કરે છે. વક્ફ પ્રોપર્ટી પબ્લિક પ્રોપર્ટી નથી.

## કેમ સરકાર વક્ફ બિલમાં સુધારા કરવા માંગે છે ?

જો આ બીલ પાસ થશે તો આ બિલ મારફતે મુસ્લિમ વક્ફ કાયદો ૧૯૨૩ સમાપ્ત થઈ જશે. અત્યાર સુધી વક્ફ કાયદો, ૧૯૯૫ નામ હતો. સુધારા બાદ તેને નવું નામ આપવામાં આવ્યું છે. તેને હવે એકીકૃત વક્ફ વ્યવસ્થાપન, સશક્તિકરણ, કાર્યક્ષમતા અને વિકાસ અધિનિયમ, ૧૯૯૫ નામ આપવામાં આવ્યું છે.સંશોધિત બિલમાં જે વ્યક્તિ ઓછામાં ઓછા પાંચ વર્ષથી મુસ્લિમ ધર્મનું પાલન કરી રહ્યો હોય તે પોતાની ચલ-અચલ સંપત્તિને વક્ફમાં દાન કરી શકશે વક્ફ કાયદો ૧૯૯૫ની કલમ ૪૦ને દૂર કરવામાં આવી રહી છે. આ કાયદા હેઠળ વક્ફ બૉર્ડને કોઈપણ સંપત્તિને વક્ફ સંપત્તિ જાહેર કરવાનો અધિકાર હતો. પરંતુ હવે સંપત્તિના અધિકારો પર કાતર આ કાયદાથી થોડી મર્યાદાઓ વધશે વક્ફ અધિનિયમની કલમ ૪૦ પર સૌથી વધુ વિવાદ છે. વક્ફ બૉર્ડના નિર્ણય વિરુદ્ધ માત્ર ટ્રિબ્યુનલમાં જવાનો અધિકાર છે. જો કે સંશોધિત બિલમાં કલેક્ટર કે ડેપ્યુટી કલેક્ટર જ સર્વે કમિશ્નર રહેશે.જો વક્ફ બૉર્ડ કોઈપણ સંપત્તિને વક્ફની સંપત્તિ સમજે છે, તો તેણે નોટિસ પાઠવી તપાસ હાથ ધર્યા બાદ તેનો નિર્ણય લેવામાં આવશે. વક્ફ સુધારા બીલના નિર્ણયનો અનેક લોકોએ વિરોધ કર્યો છે.

## રાજ્યસભામાં અધ્યક્ષનો જ વૉકઆઉટ !

ભારતીય ઈતિહાસમાં કલંક સમાન ઘટના આજે રાજ્યસભામાં બની હતી. વિપક્ષીઓના હોબાળા અને બેફામ આક્ષેપબાજીથી નારાજ થયેલા રાજ્યસભા અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અત્યંત પીડા સાથે પોતાની ખુરશી છોડીને ચેમ્બરમાં ચાલ્યા ગયા હતા. વાસ્તવમાં વિનેશ ફોગાટના ઓલિમ્પિકમાંથી બહાર થઈ જતા દેશવાસીઓ દુખી છે. આ મુદ્દે આજે રાજ્યસભામાં પણ ભારે હોબાળો થયો. આ વાત પર વિપક્ષના નેતા ખડગેએ રાજ્યસભામાં આ મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ રાજ્યસભાના અધ્યક્ષે ખડગેને મંજૂરી ન આપી. જ્યારે TMCના સાંસદ ડેરેક ઓ બ્રાયને ઊંચા અવાજે હોબાળો કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પણ અધ્યક્ષે ચેતવણી આપી. અધ્યક્ષે ડેરેકને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે જો તે આ કૃત્યનું પુનરાવર્તન કરશે તો તેમને રાજ્યસભામાંથી બહાર તગેડી મૂકાશે. ત્યારબાદ વિપક્ષમાં સામેલ કોંગ્રેસ-ટીએમસી અને અન્યો પક્ષોના સાંસદોએ ગૃહમાંથી વોકઆઉટ કરી દીધું હતું.

## ગુજરાત-મહારાષ્ટ્રમાં વરસાદનું એલર્ટ

દિલ્હી-એનસીઆરમાં બુધવારે જોરદાર વરસાદ પડ્યો હતો. હાલત એવી હતી કે દિલ્હીથી એનસીઆરને જોડતા રસ્તાઓ પર પાણીમાં ગરકાવ હતા. જેને કારણે ઓફિસથી ઘરે જતા સમયે લોકોને લાંબા ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે હવામાન વિભાગે રાજધાની દિલ્હી માટે ગુરુવારે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. તેમજ ભારે વરસાદને ધ્યાનમાં રાખતા દિલ્હી પોલીસે એડવાઈઝરી જાહેર કરી છે. IMDના જણાવ્યા અનુસાર, દિલ્હીની આસપાસ મોનસૂન ટર્ફ રચાયું છે, તેથી આ અઠવાડિયાના અંતથી આવતા સપ્તાહ સુધી હળવાથી મધ્યમ અને ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ પડી શકે છે. તેમજ આગામી ૪-૫ દિવસ દિલ્હીમાં હળવાથી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. હવામાન વિભાગે આજે ઉત્તરાખંડ, આસામ, મેઘાલય અને સિક્કિમમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. તેમજ રાજસ્થાન, યુપી, હિમાચલ પ્રદેશ, હરિયાણા, એમપી, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, ગુજરાત, અરુણાચલ પ્રદેશ, બિહાર, ઓડિશા, કર્ણાટક અને ગુજરાતમાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. તેમજ કેટલાક રાજ્યોમાં ઝડપી પવન ફૂંકાવાની સાથે વીજળી પડવાને લઈને પણ એલર્ટ આપવામાં આવ્યું છે. ઉત્તરાખંડમાં ફરી એકવાર વરસાદને લઈને હવામાન વિભાગે એલર્ટ આપ્યું છે. પ્રદેશના તમામ જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા જણાવી છે. ઉત્તરાખંડમાં ગત અઠવાડિયે વાદળ ફાટતા અનેક લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા અને એનડીઆરએફની ટીમે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરી અનેક લોકોના જીવ બચાવ્યા હતા.

## જાપાનમાં ૭.૧ની તીવ્રતાના શક્તિશાળી ભૂકંપથી ધરા ધ્રુજી, સુનામીની ચેતવણી

જાપાનમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ માપવામાં આવી છે. ભૂકંપની સાથે સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. આ ભૂકંપના આંચકા જાપાનના મિયાઝાકી વિસ્તારમાં અનુભવાયા છે. જાપાનમાં ફરી એકવાર ભૂકંપથી લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. ગુરુવારે દક્ષિણ જાપાનમાં ફરી ૭.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. અનેક શહેરોમાં તેના આંચકા અનુભવાયા છે. ભૂકંપ બાદ જાપાને સુનામીની ચેતવણી જાહેર કરી છે. સુનામી ૭:૫૦ જીએમટી વાગ્યે દક્ષિણ જાપાનમાં ત્રાટકે તેવી ધારણા છે. જાપાનના હવામાન વિભાગે એલર્ટ જાહેર કર્યું છે. રિએક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૭.૧ માપવામાં આવી છે. આ ભૂકંપના આંચકા જાપાનના મિયાઝાકી વિસ્તારમાં અનુભવાયા હતા. જોરદાર ભૂકંપના કારણે સુનામીની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. જાપાનના દરિયા કાંઠાના વિસ્તારો, ખાસ કરીને મિયાઝાકી, કોચી, ઈહિમે, કાગોશિમા અને આઈતા માટે સુનામી એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

## ઈઝરાયેલ સાથે તણાવ વચ્ચે ઈરાનમાં ૨૯ લોકોને ફાંસી આપવામાં આવી

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના તણાવ પર દુનિયાની નજર છે ત્યારે ઈઝરાયેલે લગભગ ૨૯ લોકોને ફાંસી આપી છે. રાજધાની તેહરાનની નજીકની બે જેલોમાં આ સામૂહિક સજા એક જ દિવસમાં આપવામાં આવી છે. આ સમાચાર સૌ કોઈ માટે આઘાતજનક છે. નોર્વે સ્થિત ઈરાન હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન અનુસાર, ૨૬ કેદીઓને ગેઝેલહેઝર જેલમાં અને ત્રણને કરજ સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી. એચઆર-એનજીઓના ડિરેક્ટર મહમૂદ અમીરી-મોગદ્દામ એક નિવેદનમાં જણાવ્યું હતુ કે ઈસ્લામિક રિપબ્લિક દેશમાં કેદીઓને સામૂહિક ફાંસી આપવા અને ઈરાનમાં દમનને વધુ તીવ્ર બનાવવા ઈઝરાયેલ સાથેના તેના તણાવ તરફ વૈશ્વિક ધ્યાનનો લાભ લઈ રહ્યું છે. ઈઝરાયેલ-ઈરાન તણાવ પર સમગ્ર વિશ્વની નજર છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ઈરાન દેશની અંદર માનવાધિકારને દબાવવા માટે આનો ફાયદો ઉઠાવી રહ્યું છે. ફાંસી આપવામાં આવેલા ૨૯ લોકોમાંથી ૧૭ને હત્યાના આરોપમાં, સાતને ડ્રગ સંબંધિત આરોપોમાં અને ત્રણને બળાત્કારના આરોપમાં ફાંસી આપવામાં આવી હતી. એચઆરએનજીઓએ પણ કહ્યું કે તેમને વધુ બે મહિલાઓને ફાંસી આપવામાં આવી હોવાના સમાચાર મળ્યા છે, પરંતુ હજુ સુધી તેની પુષ્ટિ થઈ નથી એચઆરએનજીઓએ વધુમાં જણાવ્યું કે ઈરાનમાં ૬ જુલાઈના રોજ રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ એક મહિનામાં ઓછામાં ઓછા ૮૭ લોકોને ફાંસી આપવામાં આવી છે. ૨૦૨૪ માં ફાંસી આપવામાં આવનાર લોકોની કુલ સંખ્યા ૩૩૮ પર પહોંચી ગઈ છે.

## સતત ૯મી વાર રેપો રેટમાં કોઈ ફેરફાર નહીં

### છેલ્લી વખત સેન્ટ્રલ બેંકે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં ફેરફાર કર્યો હતો ત્યારથી રેપો રેટ ૬.૫ ટકાના ઉચ્ચ સ્તરે યથાવત છે

નવી દિલ્હી, તા.૮

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ આજે ક્રેડિટ પોલિસીમાં લીધેલા નિર્ણયોની જાહેરાત કરી છે. આ વખતે પણ પોલિસી વ્યાજ દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. MPCના ૬માંથી ૪ સભ્યોએ દરોમાં ફેરફાર ન કરવાની તરફેણમાં નિર્ણય લીધો હતો. અર્થવ્યવસ્થાના સંદર્ભમાં, આરબીઆઈએ 'વિથડ્રોલ ઓફ એકમોડેશન' જાળવી રાખ્યું છે. આ નિર્ણયની જાહેરાત કરતા RBI ગવર્નર શક્તિકાંત દાસે કહ્યું કે આ પોલિસી મોંઘવારી દરને ૪% પર લાવવા પર આધારિત છે. અમે મોંઘવારી દરના લક્ષ્ય પર રહીએ છીએ. છેલ્લી વખત સેન્ટ્રલ બેંકે ફેબ્રુઆરી ૨૦૨૩માં રેપો રેટમાં ફેર-ફાર કર્યો હતો. ત્યારથી રેપો રેટ ૬.૫ ટકાના ઉચ્ચ સ્તરે યથાવત છે.

ગયા વર્ષે ભારતે મજબૂત આર્થિક વૃદ્ધિ નોંધાવી છે. ભારતીય રિઝર્વ બેંકે પણ છેલ્લી નાણાકીય નીતિ સમિતિની બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે તેના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૭ ટકાથી વધારીને ૭.૨ ટકા કર્યો હતો. હા, ફુગાવાના મોરચે સ્થિતિ થોડી ચિંતાજનક છે. સીપીઆઈ (કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ) ફુગાવો જૂનમાં ૫.૦૮ ટકાના ચાર મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો. તેવી જ રીતે ખાદ્ય ફુગાવો ૯.૩૬ ટકાના છ મહિનામાં સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયો છે.

બેંક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટ મદન સબનવીસ આશાવાદી છે કે આરબીઆઈ વ્યાજ દરોમાં કોઈ ફેરફાર નહીં કરે. મોંઘવારી દર આજે પણ ઊંચો છે. આવનારા મહિનામાં તે સંખ્યાત્મક રીતે ઘટશે, પરંતુ બેઝ ઈફેક્ટને કારણે તે ઊંચો રહેશે. ICRAના મુખ્ય અર્થશાસ્ત્રી અદિતિ નાયરનું કહેવું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઊંચી વૃદ્ધિ, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૪.૯ ટકાના ફુગાવાના દર સાથે, વ્યાજમાં કોઈ ફેરફારની તરફેણમાં વલણ બનાવી રહ્યું છે. દર તેમણે કહ્યું કે ઓગસ્ટ ૨૦૨૪ની બેઠકમાં વ્યાજદરમાં ઘટાડાનો કોઈ અવકાશ જણાતો નથી.

અદિતિ નાયર કહે છે કે જો સારા ચોમાસાની ગેરહાજરીમાં ખાદ્ય ફુગાવો સાનુકૂળ બને છે અને વૈશ્વિક અથવા સ્થાનિક આંચકા આવે છે, તો અમે ઑક્ટોબર ૨૦૨૪માં રેપો રેટમાં કાપની અપેક્ષા રાખી શકીએ છીએ. આ પછી ડિસેમ્બર, ૨૦૨૪ અને ફેબ્રુઆરી, ૨૦૨૫માં વ્યાજ દરોમાં ૦.૨૫-૦.૨૫ ટકાનો ઘટાડો થઈ શકે છે.

## કેજરીવાલને કોઈ રાહત નહીં, કોર્ટે ૨૦ ઓગસ્ટ સુધી કસ્ટડી વધારી

નવીદિલ્હી,તા.૮

રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી એક્સાઈઝ પોલિસી સંબંધિત સીબીઆઈ કેસમાં સીએમ અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૦ ઓગસ્ટ સુધી લંબાવી છે. તેનો દેખાવ તિહાર જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા થયો હતો. અગાઉ, હાઈકોર્ટે સોમવારે દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસના સંબંધમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડને રદ કરવાનો ઈનકાર કર્યો હતો. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ કહ્યું કે કેજરીવાલની ધરપકડ કરવા માટે પૂરતા આધાર છે. ધરપકડને રદ કરવાની અરજીને ફગાવી દેતાં કોર્ટે કહ્યું કે, એવું કહી શકાય નહીં કે ધરપકડ કોઈ વ્યાજબી કારણ વગર કરવામાં આવી હતી. કેજરીવાલે જામીન માટે સીધો હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. હાઈકોર્ટે સોમવારે જામીનના કેસનો યોગ્યતાના આધારે નિર્ણય લેવાનો ઈનકાર કર્યો હતો અને મુખ્યમંત્રીને ટ્રાયલ કોર્ટનો સંપર્ક કરવા કહ્યું હતું. કોર્ટે નિર્દેશ આપ્યો કે, જ્યાં સુધી જામીન અરજીનો સંબંધ છે, ટ્રાયલ કોર્ટમાં જવાની સ્વતંત્રતા સાથે તેનો નિકાલ કરવામાં આવે છે.

## વાયનાડ : પ્રભાવિત વિસ્તારમાં જશે મોદી

નવી દિલ્હી, તા.૮

કેરળના વાયનાડમાં ભારે વરસાદને પગલે થયેલા વિનાશક ભૂસ્ખલનમાં મૃત્યુઆંક વધીને ૪૧૩ થયો છે, જ્યારે ૧૫૨ લોકો હજુ પણ ગુમ છે. બુધવારે નવમા દિવસે રાહત અને બચાવ કામગીરી ચાલુ રહી હતી. દરમિયાન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ ઓગસ્ટે ભૂસ્ખલનગ્રસ્ત વાયનાડની મુલાકાત લેશે અને આપત્તિ અસરગ્રસ્તોને મળશે.વડાપ્રધાન એક વિશેષ વિમાન દ્વારા કન્નુર પહોંચશે.ત્યાંથી તેઓ હેલિકોપ્ટર દ્વારા ભૂસ્ખલન પ્રભાવિત વિસ્તારોનું હવાઈ સર્વે કરશે. આ પછી તે કેટલાક રાહત શિબિરોની મુલાકાત લેશે,જ્યાં હાલમાં ૧૦,૦૦૦ થી વધુ લોકો આશ્રય લઈ રહ્યા છે. આ તરફ, વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે લોકસભામાં કહ્યું -'હું કેન્દ્ર સરકારને વિનંતી કરું છું કે વાયનાડ માટે એક વ્યાપક પુનર્વસન પેકેજ આપે. કેન્દ્ર સરકારે લોકોને આપવામાં આવતા વળતરમાં પણ વધારો કરવો જોઈએ. કેન્દ્રએ વાયનાડ ભૂસ્ખલનને રાષ્ટ્રીય આપત્તિ જાહેર કરવી જોઈએ.દરમિયાન, તેલુગુ સુપરસ્ટાર પ્રભાસે બુધવારે કેરળના ભૂસ્ખલનગ્રસ્ત જિલ્લામાં પુનર્વસન પ્રયાસો માટે મુખ્યમંત્રીના આપત્તિ રાહત ફંડમાં રૂ. ૨ કરોડનું દાન આપ્યું હતું. વાયનાડમાં આપતી વચ્ચે પણ કેટલાય પ્રેરક કિસ્સાઓ સામે આવી રહ્યા છે બીજી તરફ મુશ્કેલી હજુ યથાવત છે ત્યારે રાહુલ-પ્રિયકાની મુલાકાત બાદ હવે વડાપ્રધાન અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે જશે ત્યાર બાદ સરકાર કોઈ વિશેષ પેકેજ પણ જાહેર કરી શકે છે.

## ભારત-પાક વચ્ચે ફરી એકવાર સરહદ પર તણાવ : સીડીએસ અનિલ ચૌહાણ

નવીદિલ્હી,તા.૮

ભારતીય સશસ્ત્ર દળોના ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ અનિલ ચૌહાણે ગુરુવારે (૮ ઓગસ્ટ) જણાવ્યું હતું કે પીર પંજાલ વિસ્તારમાં અણબનાવ અચાનક વધી ગયો છે. સીડીએસે કહ્યું કે બાંગ્લાદેશમાં થઈ રહેલી હિંસાને કારણે ચિંતા ઉભી થઈ છે. તેમણે એમ પણ કહ્યું કે પાડોશી દેશમાં સત્તા પરિવર્તન વચ્ચે અન્ય દેશો સાથેની સરહદો પર પહેલેથી જ તણાવ છે.

દિલ્હીમાં 'મિલિટરી એમ્યુનિશન' પર એક કોન્ફરન્સમાં બોલતા સીડીએસ અનિલ ચૌહાણે કહ્યું હતું કે "સુરક્ષા પડકારોમાં ભારતનો પોતાનો હિસ્સો છે. જમ્મુ અને કાશ્મીરમાં અમને શરૂઆતથી જ પાકિસ્તાન દ્વારા ત્રાસ આપવામાં આવ્યો છે. પ્રોક્સી વોરનો સામનો કરતા, પીર પંજાલ રેન્જમાં અચાનક વધારો થયો છે. તેમણે વધુમાં કહ્યું કે, "ચીન સાથે લાંબા સમયથી ચાલી રહેલ સીમા વિવાદ હજુ સમાપ્ત થયો નથી."

બાંગ્લાદેશ હિંસાના સંદર્ભમાં સીડીએસ અનિલ ચૌહાણે કહ્યું, "અમે અત્યારે બે મોટા પડકારોનો સામનો કરી રહ્યા છીએ, અમારા પડોશમાં અસ્થિરતા પણ અમારા માટે ચિંતાનું બીજું કારણ છે. ભારત જેવા મોટા દેશ માટે, સુરક્ષા સંબંધિત ઘણા મુદ્દાઓ છે. સમસ્યાઓ થાય છે." તેમણે વધુમાં કહ્યું, "ભારત જેવો દેશ લડાયક શસ્ત્રો માટે વિદેશી આયાત પર નિર્ભર ન રહી શકે. ખાસ કરીને જ્યારે વૈશ્વિક સુરક્ષા અને શાસન હંમેશા અસ્થિર પરિસ્થિતિઓનો સામનો કરે છે."

ચૌહાણનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી ઘટનાઓમાં ભારે વધારો થયો છે. જુલાઈ મહિનામાં અનેક આતંકવાદી ઘટનાઓ બની હતી, જેમાં સેનાના ઘણા જવાનો પણ શહીદ થયા હતા. એટલું જ નહીં પરંતુ તેમનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બાંગ્લાદેશ રાજકીય ઉથલપાથલનો સામનો કરી રહ્યું છે. શેખ હસીનાએ પીએમ પદ પરથી રાજીનામું આપી દીધું છે અને ભારતમાં આશરો લીધો છે.

## ભારતીય હોકી ટીમે ઓલિમ્પિકમાં બ્રોન્ઝ જીતી ઈતિહાસ રચ્યો !

**ભારતીય હોકી ટીમે પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ જીત્યો છે. ટીમ ઈન્ડિયાએ સ્પેનને ૨-૧થી હરાવ્યું છે. ભારતીય હોકી ટીમ ૫૨ વર્ષે ઉપરા-ઉપરી ઓલિમ્પિકમાં મેડલ જીત્યા છે. છેલ્લે તેઓ ૧૯૬૮ અને ૧૯૭૨માં જીત્યા હતા. હવે ૨૦૨૦ અને આજે એટલે કે ૨૦૨૪માં પણ મેડલ મેળવ્યો છે**

પેરિસ, તા.૮

પેરિસ ઓલિમ્પિક્સમાંથી ભારત માટે સારા સમાચાર સામે આવ્યા છે. ભારતીય હોકી ટીમે શાનદાર પ્રદર્શન કરતા બ્રોન્ઝ મેડલ મેચમાં સ્પેનને હરાવી દીધું છે. ભારતે બ્રોન્ઝ મેડલ મેચમાં ૨-૧થી જીત મેળવી હતી. ભારત માટે બંને ગોલ કેપ્ટન હરમનપ્રીત સિંહે કર્યા હતા. આ સાથે ભારતે ટોક્યો ઓલિમ્પિક્સ બાદ પેરિસમાં પણ પોડિયમ ફિનિશ કરતા બ્રોન્ઝ મેડલ કબજે કર્યો છે. ઓપિમ્લિક્સ ૨૦૨૪માં ભારતના ખાતામાં આ ચોથો મેડલ આવ્યો છે. ભારતે અત્યાર સુધી ચારેય બ્રોન્ઝ મેડલ કબજે કર્યા છે.

બ્રોન્ઝ મેડલની સાથે હોકી ટીમે પોતાના સીનિયર પ્લેયર અને દિગ્ગજ ગોલકીપર શ્રીજેશને મેડલ સાથે વિદાય આપી કારણ કે તેણે પહેલા જ નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. તેવામાં શ્રીજેશને સન્માનજનક વિદાય પણ ભારતના આ શાનદાર પ્રદર્શનને કારણે શક્ય બની છે. ભારત અને સ્પેન વચ્ચે પ્રથમ ક્વાર્ટરમાં રોમાંચક રમત જોવા મળી હતી. બંને



ટીમોએ એકબીજાને આકરી ટક્કર આપી હતી. પરંતુ બંનેમાંથી કોઈ ટીમ ગોલ કરી શકી નહીં. બીજા ક્વાર્ટરમાં સ્પેને ગોલ કરી ૧-૦ની લીડ મેળવી હતી. સ્પેન તરફથીમાર્કમિરાલેસેગોલકર્યોહતો.સ્પેને ગોલ કર્યા બાદ ટીમ ભારતે બીજા ક્વાર્ટરના અંતમાં વાપસી કરી હતી.

કેપ્ટનહરમનપ્રીતસિંહેગોલકરીસ્કોર બરોબર કર્યો હતો. હાફ ટાઈમ સુધી બંને ટીમનો સ્કોર ૧-૧થી બરોબર રહ્યો હતો. ત્રીજા ક્વાર્ટરની શરૂઆત ભારતે આક્રમક કરી હતી. ભારત માટે ૩૩મી મિનિટમાં કેપ્ટન હરમનપ્રીત સિંહે પેનલ્ટી કોર્નર પર ગોલ કર્યો હતો.

ત્રીજા ક્વાર્ટરના અંતે ભારતે ૨-૧ની લીડ જાળવી રાખી હતી. ચોથા ક્વાર્ટરમાં બંને ટીમ દ્વારા ગોલ કરવાના ભરપૂર પ્રયાસ કરવામાં આવ્યા હતા. આ દરમિયાન સ્પેનને પેનલ્ટી કોર્નર પણ મળ્યો હતો. પરંતુ ભારતીય ડિફેન્સે તેનો શાનદાર રીતે બચાવ કર્યો હતો. ચોથા ક્વાર્ટરમાં સ્પેને ગોલ કરવાના ભરપૂર પ્રયાસ કર્યા હતા.

### પહેલવાન અમનની સેમિફાઈનલમાં એન્ટ્રી

ઝજ્જરના પહેલવાને પરિસમાં કમાલનું પ્રદર્શન કરી બતાવ્યું છે. અમન સહરાવતે ૫૭ કિગ્રા કેટેગરીમાં શાનદાર પ્રદર્શન કરતા સેમિફાઈનલમાં જગ્યા બનાવી છે. અમન સહરાવતે અલ્બાનિયાના પહેલવાનને ૧૨-૦થી હરાવ્યો હતો. આ જીતની સાથે જ અમન હવે મેડલથી એક ડગલુ દૂર છે. જો અમન સહરાવત સેમીફાઈલમાં જીતશે તો તે ફાઈનલમાં પહોંચતા પોતાનો સિલ્વર મેડક પાક્કો થઈ જશે અને જો તે ફાઈનલમાં પણ જીતી તો ગોલ્ડ મેડલ તેના નામે થઈ જશે. અમન સહરાવતનું કરિયર શનદાર રહ્યું છે. માત્ર ૨૧ વર્ષનો આ પહેલવાન અત્યાર સુધીમાં ઘણી મોટી સ્પર્ધાઓમાં ગોલ્ડ મેડલ જીતી ચૂક્યો છે. ગત વર્ષે એશિયન ચેમ્પિયનશિપમાં તેણે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આ વર્ષે જાગ્રેબમાં પણ તેણે ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. બુડાપેસ્ટમાં તે સિલ્વર મેડલ જીત્યો હતો. ૨૦૨૨માં અમને ૬૧ કિલો કેટેગરીમાં પણ સિલ્વર મેડલ પોતાના નામે કર્યો. જોકે આ ખેલાડી હવે ૫૭ કિલો કેટેગરીમાં રમે છે.

## પુણેમાં એક જ દિવસમાં ઝિકા વાયરસના આઠ નવા કેસ

પુણે, તા.૮

મહારાષ્ટ્રના પુણેમાં ઝીકા વાયરસનો ખતરો વધી રહ્યો છે. બુધવારે પણ શહેરમાં ચેપના ૮ નવા કેસ નોંધાયા હતા. પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (પીએમસી) દ્વારા રજૂ કરાયેલા અહેવાલ મુજબ, તેમાં ૭ ગર્ભવતી મહિલાઓનો સમાવેશ થાય છે. દરેકની સ્થિતિ સામાન્ય છે. જૂનથી અત્યાર સુધીમાં લગભગ ૮૧ કેસ નોંધાયા છે. એક વરિષ્ઠ આરોગ્ય અધિકારીએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું કે અત્યાર સુધીમાં ચાર દર્દીઓના મોત થયા છે, પરંતુ તે બધા ચેપ સિવાય અન્ય ઘણી બીમારીઓથી પીડિત હતા.એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કુલ સંક્રમિત લોકોમાં ૨૬ સગર્ભા સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે, પરંતુ સદભાગ્યે તેમાંથી મોટા ભાગના લોકો સ્વસ્થ છે અને આ વર્ષે ૨૦ જૂને શહેરમાં ઝીકા વાયરસના ચેપનો પ્રથમ કેસ નોંધાયો હતો. તે ત્યારે પ્રકાશમાં આવ્યું જ્યારે એરંડવાને વિસ્તારમાં ૪૬ વર્ષીય ડૉક્ટરનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો. આ પછી, તેમની ૧૫ વર્ષની પુત્રીમાં પણ ચેપની પુષ્ટિ થઈ.આરોગ્ય વિભાગના અધિકારીઓનું કહેવું છે કે અત્યાર સુધીમાં ૪ લોકોના મોત થયા છે. પરંતુ આ દર્દીઓને હૃદયની સમસ્યા અને લીવરની બીમારીઓ પણ હતી, જેના કારણે આ ચાર દર્દીઓની ઉંમર ૬૮ થી ૭૮ વર્ષની વચ્ચે હતી. તમને જણાવી દઈએ કે આ વાયરસ સંક્રમિત એડીસ મચ્છરના કરડવાથી ફેલાય છે.વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) અનુસાર, ઝિકા વાયરસ પ્રથમ વખત ૧૯૪૭ માં પૂર્વ આફ્રિકન દેશ યુગાન્ડામાં જોવા મળ્યો હતો, તેનું નામ કરણ પણ યુગાન્ડાના જંગલોના નામ પરથી રાખવામાં આવ્યું છે. તે જ સમયે, વન વાંદરાઓ પ્રથમ વખત અલગ કરવામાં આવ્યા હતા. આ પછી, વર્ષ ૧૯૫૨ માં, ઝિકા વાયરસે યુગાન્ડા અને તાન્ઝાનિયાના લોકોને ઘેરી લીધા હતા, માનવ કોષોમાં વાયરસનો આ પ્રથમ દસ્તક હતો. આ પછી, આ વાયરસથી સંબંધિત કેસ અન્ય દેશોમાં મળવા લાગ્યા.

## આજનું રાશિફળ

**મેષ :**

આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. નવા પ્રૉજેક્ટ અને ભવિષ્ય પર ધકેલી દો. અચાનક આજે તમે કામથી વિરામ લેવાની શકો છો અને તમારા પરિવાર સાથે સમય પસાર કરી શકો છો. તમને અને તમારા જીવનસાથીને આજે અદભુત સમાચાર મળવાની શક્યતા છે.

**વૃષભ :**

આજના દિવસે ભય તમારી ખુશીને હાનિ પહોંચાડી શકે છે. તમારે એ સમજવાની જરૂર છે કે એ તમારા જ વિચારો અને કલ્પનાનું ઉત્પાદન છે. તે સ્વયંસ્ફૂરિતાને મારી નાખે છે-જીવનના આનંદને નુકસાન કરે છે અને આપણી કાર્યક્ષમતાન પંગુ બનાવે છે-આથી એ તમને બીકણ બનાવે એ પૂર્વે જ તેને ઉગતો જ ડામો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. આજે તમને એ વાસ્તવિકતા જાણવા મળશે કે તમારા બૉસ શા માટે તમારી સાથે દર વખતે આટલા આકરા કેમ છે. આ જાણીને તમને ખરેખર સારૂં લાગશે. તમારા મન ને નિયંત્રણ માં રાખવા નું શીખો કારણ કે ઘણી વખત તમે મન નું પાલન કરી ને તમારો કિંમતી સમય બગાડો છો. આજે પણ તમે આવું કંઈક કરી શકો છો. પ્રેમ અને સારૂં ભોજન લગ્નજીવનના પાયા છે, અને અઆજે તમને આ બંનેના શ્રેષ્ઠનો અનુભવ થવાનો છે.

**મિથુન :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે આજે કુટુંબ ની પરિસ્થિતિ તમે જે રીતે વિચારો છો તેવી રહેશે નહીં. આજે ઘર માં કોઈ બાબત ને લઈ ને વિવાદ ની સંભાવના છે, આવી સ્થિતિ માં પોતાને નિયંત્રિત રાખો. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારામાં ઘણું બધું પ્રાપ્ત કરવાની ક્ષમતા છે-આથી તમારી સામે આવતી તકોની પાછળ લાગો.

**કર્ક :**

આજના દિવસે તમારા મગજમાં હકારાત્મક વિચારો લાવો. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. બહુ અગાઉથી ઘડેલી મુસાફરીની યોજના પરિવારમાં કોઈકની માંદગીને કારણે મુલત્વી રહેવાની શક્યતા. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. આજે ખાલી સમય નું સાચું ઉપયોગ કરવા માટે તમે પોતાના જુના મિત્રો ને મળવા નું પ્લાન બનાવી શકો છો? તમારા લગ્નજીવનમાં પરિસ્થિતિ આજે ખરેખર સુંદર જણાય છે.તમારા જીવનસાથી સાથે એક અદભુત સાંનું આયોજન કરો.

**સિંહ :**

આજના દિવસે શારીરિક તથા માનસિક રીતે તમે તમારી જાતને આજે થાકેલા મહેસૂસ કરશો-થોડો આરમ તથા પોષચ આહાર તમારી ઉર્જાનું સ્તર ઉપર લાવવામાં ખૂબ જ મદદ કરશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. પૈતૃક સંપત્તિમાં વારસાના સમાચાર તમારા આખા પરિવારને ખુશખુશાલ કરી મુકશે. આજે તમે પ્રેમાળ મૂડમા હશો-આથી તમારા અને તમારા પ્રિયપાત્ર માટે ખાસ યોજના ચોક્કસ બનાવજો. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે. આજે ઘર ના લોકો સાથે વાત કરતી વખતે તમારા મોંમાં થી કંઇક એવી વાત આવી શકે છે જેના કારણે ઘર ના લોકો ગુસ્સે થઈ શકે છે. આ પછી તમે ઘર ના લોકો ને સમજાવવા માટે ઘણો સમય પસાર કરી શકો છો.

**કન્યા :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે. તમારી કાર્યકુશળતા વધારવા માટે નવી પદ્ધતિનો સ્વીકાર કરો-તમારી શૈલી અને કામ કરવાની નવી રીતો તમને નિકટથી જોનારા લોકોમાં રસ જગાડશે.

**તુલા :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો. અનુભવી લોકો સાથે આજે જોડાણ કરજો અને તેઓ શું કહે છે તેમાંથી શીખો. પાર્ક માં ચાલતી વખતે, આજે તમે એવી વ્યક્તિ ને મળી શકો છો જેની સાથે ભૂતકાળ માં તમારી સાથે મતભેદ હતા.

**વૃશ્ચિક :**

આજના દિવસે તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમે જેની સાથે રહો છો એમાંથી કોઈક તમારા અણધાર્યા તથા હળવાશભર્યા વર્તનથી હતાશ છે અને તમારાથી નારાજ છે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. સ્પર્ધા ઊભી થવાથી કામનું સમયપત્રક વધુ દોડધામભર્યું બની જશે. સમય નું ચક્ર ખૂબ જ ઝડપ થી ફરે છે, તેથી આજ થી જ તમારા કિંમતી સમય નો ઉપયોગ કરવા નું શીખો.

**ધન :**

આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારે તમારો ફાજલ સ્ય બાળકોની સોબત માણવામાં વિતાવવો જોઈએ-આવું કરવા માટે તમારે નિયમિત બાબતો કરતાં કશુંક અલગ કરવાની જરૂર પડે તો એવું કરજો. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે. કોઈ મહત્વની ફાઈલ તમારા બૉસના હાથમાં ત્યાં સુધી ન આપતા જ્યાં સુધી તમને પૂરેપૂરી ખાતરી હોય કે તે બધી જ રીતે બરાબર છે. એકાંત માં સમય પસાર કરવો સારું છે પરંતુ જો તમારા મન માં કંઈક ચાલતું હોય તો લોકો થી દૂર રહી ને તમે વધુ પરેશાન થઈ શકો છો.

**મકર :**

આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો. કોઈ નવો પ્રૉજેક્ટ હાથમાં લેતા પહેલા બે વાર વિચારજો. તમારે ફ્રી ટાઈમ નો યોગ્ય રીતે ઉપયોગ કરવા નું શીખવું પડશે નહીં તો તમે જીવન માં ઘણા લોકો થી પાછળ રહી જશો.

**કુંભ :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. આજે કામના સ્થળે તમે કશુંક ખરેખર અદભુત કરશો. દિવસ સારો છે; અન્યની સાથે તમે તમારા માટે પણ સમય કાઢવા માં સમર્થ હશો. તમારા જીવનસાથી આજે તમને ધરતી પર સ્વર્ગનો અનુભવ કરાવશે.

**મીન :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. ઘરમાં કેટલીક સાફસફાઈ કરવાની તાકીદે જરૂર છે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે. જો તેઓ ગુસ્સે છે તો તેમને શાંત કરવા નો પ્રયાસ કરો. તમારા બૉસને તમારા બહાનામા રસ નહીં પડે-તેની ગૂડ બુક્સમાં રહેવા માટે તમારૂં કામ કરો. તાણભર્યો દિવસ જ્યારે તમારા નિકટના સાથીદારો સાથે અનેક મતભેદો ઊભા થઈ શકે છે. કરિયાણાની ખરીદીને લઈને તમે તમારા જીવનસાથી પર આજે નારાજ થશો.

# ભુજ મંદિર-દાતાના સહયોગથી સેવા સાધના સંચાલિત છાત્રાલયોમાં સાધનોનું દાન

**ધાર્મીક સંસ્થાનના પ્રયાસથી વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત પણ મળે તે ઉદ્દેશ સાથે છાત્રાલયના બાળકોને રમત-ગમ્મતના સાધનો ભેટ અપાયા હતા સંતો-આગેવાનોની હાજરીમાં અર્પણ કરાયા**



સમગ્ર કચ્છમાં આર્થિક પછાત, સામાન્ય સુવિધાઓથી વંચિત લોકોના ઉત્થાન માટે કાર્યરત અને શિક્ષણ, આરોગ્ય અને સ્વાવલંબન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી ચલાવી રહેલ સેવા ભારતી-ગુજરાત સંલગ્ન સેવા સાધના દ્વારા વાગડના દુર્ગમ વિસ્તારના અને આર્થિક નબળા વિદ્યાર્થીઓ વધુ અભ્યાસ કરી આગળ વધી શકે તે માટે રાપર તથા ભુજમાં છાત્રાલય ચલાવવામાં આવે છે. તેમજ દયાપર મધ્યે વિદ્યાભારતી દ્વારા છાત્રાલય ચલાવવામાં આવે છે. આ ત્રણેય છાત્રાલયના વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે શારીરિક વિકાસ અને રમત-ગમ્મત ક્ષેત્રે આગળ વધે તે માટે સ્વામિનારાયણ મંદિર-ભુજના સંતોની પ્રેરણાથી ગામ સુખપર (મદનપુર) વાસી હાલે યુગાન્ડા કાન્તી મુરજી મેપાણીના સહયોગ દ્વારા ત્રણેય છાત્રાલયમાં રમત-ગમ્મતના સાધનો ભેટમાં આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના શારીરિક વિકાસ હેતુ ત્રણેય છાત્રાલયો માટે સ્વામિનારાયણ મંદિર-ભુજ તરફથી વોલીબોલ, વોલીબોલની નેટ, ફૂટબોલ,રીંગ (વલય),ડીસ, કુદવાની દોરી, ગોળો, ચક્ર અને ચેસ જેવા સાધનનો સહયોગ કરવામાં આવ્યો છે. સાધનો વિતરણ કરવા અને લાભાર્થી બાળકોને મળવા ભુજ મંદિરના શાસ્ત્રી કપીલમુની સ્વામીએ બાળકોને સંસ્કાર, સંસ્કૃતિની વાત, છાત્રાલય માંથી મેળવેલા સંસ્કારો અને વિચારો જીવનમાં અપનાવી આગળ વધવા પ્રેરણા આપી હતી, અને અભ્યાસમાં આગળ વધી પગભર બનો ત્યારે વાગડ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ એવી સેવા સાધના સંસ્થાના કાર્યોમાં જોડાવવા જણાવ્યું હતું. અને સ્વામીએ જણાવ્યુ કે જ્યારે પણ જરૂરિયાત હોય ત્યારે સ્વામિનારાયણ મંદિર-ભુજ સહયોગ આપવા હંમેશા તૈયાર રહેશે તેવી ખાતરી આપી હતી આ કાર્યક્રમમાં દાતા પરિવાર વતી રમત-ગમ્મતના સાધનો વિતરણ કરવા ભુજ મંદિરથી શાસ્ત્રી કપીલમુની સ્વામી,ઘનશ્યામસ્વરૂપ સ્વામી પધાર્યા હતા.શૈલેશ ભીંડે -પ્રમુખ જલારામ ગ્રુપ - રાપર, સંસ્થા વતી ખીમજી મીણાત,રોહિત ઠક્કર અને ગૃહપતિ ડાહ્યા ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. આ દાન બદલ સંસ્થા વતી પ્રમુખ માવજી સોરઠીયાએ કાન્તી મુરજીભાઇ મેપાણી અને સ્વામિનારાયણ મંદિર-ભુજનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અદાણી હોસ્પિટલમાં બાળરોગ વિભાગ દ્વારા વિશ્વ સ્તનપાન વીક ઉજવાયો



**શહેરના ઈન્નરવ્હીલ ક્લબ ઓફ ફ્લેમિંગોની બહેનો સહભાગી બની તબિબોએ કહ્યુ સ્તનપાન કરાવતી માતા બાળક માટે દુર્ગા, લક્ષ્મી, અને સરસ્વતી દેવીનું સાક્ષાત સ્વરૂપ**

ભુજ તા.૮

જી.કે. જનરલ અદાણી હોસ્પિટલમાં બાળ રોગ વિભાગ દ્વારા ૧લી થી ૭મી ઓગસ્ટ દરમિયાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.હોસ્પિટલના કોન્ફરન્સ કક્ષમાં આ ઉજવણી દરમિયાન બાળ રોગ નિષ્ણાત અને પ્રોફે.ડો.રેખાબેન થડાનીએ કહ્યું કે, સ્તનપાન કરાવતી દરેક માતા પોતાના બાળક માટે દુર્ગા, લક્ષ્મી અને સરસ્વતીનું સાક્ષાત સ્વરૂપ છે, કેમકે માતાના ધાવણ દ્વારા જ બાળક પૂર્ણ રૂપે ખીલે છે. તેમણે ઉપસ્થિત માતાઓને ધાવણનું મહત્વ સમજાવતા કહ્યું કે, બાળક જન્મે પછી અડધા કલાકમાં જ ધાવણ આપવાનું શરૂ કરવું જોઈએ અને સતત છ મહિના સુધી ધાવણ ઉપર જ રાખવો જોઈએ જેથી બાળક ક્યારેય બીમાર નહીં પડે અને તેના શરીર અને દિમાગનો પણ સંપૂર્ણ વિકાસ થશે. તેમણે પાવડરના દૂધ આપવા સામે લાલબત્તી ધરતા કહ્યું કે, તેનાથી બાળકનો વિકાસ અપૂર્ણ રહે છે માટે બાળકને છ મહિના સુધી સતત અને ત્યારબાદ ડોક્ટરની સલાહ મુજબ ખોરાક આપવાની સાથે બે વર્ષ સુધી સ્તનપાન કરાવતા રહેવું જોઈએ. માતાઓ એવી પણ ફરિયાદ કરે છે કે બાળકને તેમનું દૂધ પૂરું નથી થતું તે અંગે માર્ગદર્શન આપતા કહ્યું કે, જો બાળક ધાવ્યા પછી બે કલાક ઊંઘી જાય અને તો સમજવું કે દૂધ પૂરતું છે.બાળરોગ નિષ્ણાત સંદીપ તીલવાણી તેમજ સમીમ મોરબીવાલાએ પણ માર્ગદર્શન આપ્યું હતું.હોસ્પિટલના આસિ.નર્સ સુપ્રિ. હસીના આલિયાણીએ કચ્છીમાં સ્તનપાન વિશે સમજ આપી હતી. આ પ્રસંગે હોસ્પિટલના ડાયટીશ્યન પૃથ્વીબેન લખલાણીએ ધાત્રી માતાઓને લેવાના ખોરાક વિશે જાણકારી આપી હતી, જ્યારે ઈન્નવ્હિલ ક્લબ ઓફ ફ્લેમિંગોની બહેનો ઉપસ્થિત રહી માતાઓને બ્લેંક્ટ ભેટ આપ્યા હતા. ક્લબના મંત્રી વિશ્વા ધલ, આરતી શાહ,કૃપા જોષી ઉપસ્થિત રહ્યા હતા.પ્રોજેક્ટ ચેરમેન શિલ્પા સુપેકર હતા.

# ખેડૂત સંઘર્ષ સમિતિ જમીન સંપાદન ન કરવા લડી લેશે : મુન્દ્રામા આવેદન



**કચ્છના વિવિધ વિસ્તારોમાં વિજ ઉત્પાદન ક્રાન્તિ માટેના કાર્યો પ્રગતીમા છે ત્યારે કચ્છના ઘણા વિસ્તારો જમીન-સંપાદન તથા અયોગ્ય વળતર મુદ્દે લડી રહી છે જેમાં મુન્દ્રાના પાંચ ગામોમાં પણ આ કાર્યનો વિરોધ છે ત્યારે મુન્દ્રામાં આવેદનપત્ર આપી માંગણીઓ મુકાઇ**

મુન્દ્રા, તા.૬

મુન્દ્રા તાલુકાના પાંચ ગામોના ખેડૂતો ની જમીનમાં પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની વીજ ટ્રાન્સમિશન ટાવર અને વીજ સબસ્ટેશન માટે જમીન સંપાદનની ગતિવીધી છે તે વચ્ચે આ જમીન સંપાદન ન કરવા માટે લડત આદરવા ખેડૂત સંઘર્ષ સમિતિના નેજા હેઠળ ખેડૂતોએ મુન્દ્રા મામલતદાર કલ્પના ગૌંડીયા ને આવેદનપત્ર પાઠવી પોતાની રજુઆત કરી હતી ખેડૂત સંઘર્ષ સમિતિના વિરમ ગઢવી અને નારાણ ગઢવી એ જણાવ્યું હતું કે પાવર ગ્રીડ કોર્પોરેશન દ્વારા જમીન સંપાદન કરવા મુન્દ્રા તાલુકાના ઝરપરા ,નવીનાળ .મોટી ભુજપર ,સિરાચા અને દેશલપર ગામોના ખેડૂતોની જમીન માં ૪૦૦૦ કેવી નુ વીજ ટ્રાન્સમિશન ટાવર અને વીજ સબસ્ટેશન બનાવવા માટે સર્વેની કામગીરી ચાલુ છે. અને આ અંગે સંબંધિત ગ્રામ પંચાયતો પાસેથી ખેડૂતો નું લિસ્ટ મંગાવવા માં આવ્યુ છે.આ પ્રોજેક્ટ એક પીયુએસ એકમ છે.આ માટે ખેડૂતોની જમીન સંપાદન કરવું કેટલું વ્યાજબી છે.?આ વિસ્તારમાં ખેડૂતોને સારા પાણી સાથે ફળદ્રુપ જમીન છે. અને બાકીના વિસ્તારમાં ખારા પાણી હોવાથી ખેતી થઇ શકે એમ નથી જેથી આ જમીનો ખેડુતો માટે આજીવિકા માટેનું એકમાત્ર સાધન છે.અને ઉતમ પ્રકારની બાગાયતી વાડીઓ આ વિસ્તાર માં આવેલી છે.આ વિસ્તારના ગામો માં સારી જાતની ખારેક ,કેસર કેરી ,અને દાડમ નું ઉત્પાદન થાય છે આ વિસ્તાર માં ખેડૂતો ને આપવા માં આવતા વીજળી માટે પૂરતા સબ સ્ટેશન આવેલ છે. જેથી આ વધારાનો સબ સ્ટેશન શા માટે .???અને કોના લાભ માટે બનાવવા માં આવેલ છે ?? આવા સવાલો સાથે આવેદનપત્ર અપાયુ હતુ અને માંગ સાથે ચિમકી ઉચ્ચારાઇ હતી કે જો આ પાવર ગ્રીડના કાર્યને તાત્કાલિક સ્થગિત કરવામાં આવે અને જો જમીન સંપાદન કરવામાં આવશે તો કાયદો અને વ્યવસ્થા ના પ્રશ્નો ઊભા થશે. જેની તમામ જવાબદારી કચ્છના વહીવટી તંત્રની રહેશે રજુઆત સમયે ખેડૂત સંઘર્ષ સમિતિના ખેડતો સાથે અસરગ્રસ્ત વિસ્તારોના ખેડુતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને પોતાનીરજૂઆત કરી હતી

# સિધેશ્વર ફોટ મહાદેવ દેવાલયના ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન



**અબડાસા નખત્રાણા વચ્ચે નદી કિનારે આવેલ પૌરાણિક મંદિરનો જીર્ણોદ્ધાર પૂર્ણ ભવ્ય ધાર્મિક કાર્યક્રમોનું ધામધૂમથી આયોજન કરાયું**

ભુજ તા.૮

અબડાસા અને નખત્રાણા તાલુકાના જોડતા રામપર-રોહા અને બાલાચોડ (નાની) ના સીમાડામાં આવેલા વર્ષો પુરાણા નદી કિનારે ૧,૦૦૦ થી સ્વયંભુ પ્રગટેલા સિદ્ધેશ્વર કોટ મહાદેવ મંદિર જે જર્જરિત થઈ જતા બે વર્ષથી જિર્ણોદ્ધાર કામ ચાલુ હતું, જે પૂર્ણ થઈ જતા દેવાલય જીણોદ્ધાર એવમ શિવ પરિવારની મૂર્તિઓની પ્રાણ પ્રતિષ્ઠા ત્રિદિવસીય મહોત્સવ ધામધૂમથી યોજવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે સવારે ગણપતિ પૂજન, વારાહ માતૃકા પૂજન, નાંદી શ્રાદ્ધ, વિશ્વ વરણ મંડપ પૂજન, મંડપ પ્રવેશ સ્થાપિત દેવતાઓની પૂજા, મંદિર વાસ્તુપૂજન બાદ મહાપ્રસાદ અને સાંજે સ્થાપિત દેવોનું પૂજન, પંચ વક્ત્ર પૂજન, રાજા પ્રચાર પૂજન, સંધ્યા આરતી પ્રસાદ આદિ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા, બીજા દિવસે દેવોના પૂજન, અગ્નિ સ્થાપના, સ્થાપિત દેવોની મૂર્તિ સ્થાપના, જલયાત્રા મૂર્તિ સ્થાપના રાત્રે સંતવાણી સહિતના ધાર્મિક આયોજનો કરાયા હતા, અંતિમ ત્રીજા દિવસે હોમ હવન અને નું મુખ્ય યજમાન શિવજી ભાણજી નંદા(બાલાચોડ ગાંધીધામ) પરિવાર દ્વારા કરાયું હતું. ત્રીજા દિવસે ભવ્ય સંગીતમય મહાઆરતી સ્મિત જોષી અને શૈલેશ બારોટના સ્વ સંગીતના સથવારે યોજાઈ હતી, જેમાં કલાકો સુધી ભક્તો ડોલી ઉઠ્યા હતા. આ પ્રસંગે તખત્રાણા નાયબ કલેક્ટર સુરેશ સુથારે સહ પરિવાર ઉપસ્થિત રહી મહાદેવની પૂજા-અર્ચના કરી હતી. ત્રણ દિવસના કાર્યક્રમમાં જાણીતા વિદ્વાન સાહિત્ય શાસ્ત્રી સાહિત્ય રત્ન કર્મકાંડ દિવાકર કાશીના આચાર્યપ્રદેશ ગીરીશ શિવજી જોશી રવાપર વાળા સાથે આદિ બ્રાહ્મણોના મંત્રોચ્ચાર સાથે પૂજા અર્ચના કરવામાં આવી હતી. આ ધાર્મિક મહોત્સવમાં નખત્રાણા અને અબડાસાના ૨૫ થી વધુ ગામોના ભક્તો મહાપ્રસાદ અને હોમ હવનમાં જોડાયા હતા, મુખ્ય આયોજનમાં શિવજી ભાણજી નંદા પરિવાર (બાલાછોડ નાની હાલે ગાંધીધામ) રહ્યો હતો, આ મહોત્સવને સફળ બનાવવા અનેક લોકો, દાતાઓ અને વિવિધ સંસ્થાઓએ ભાગ લઈ સહયોગ પુરો પાડ્યો હતો, મંદિરના મહંત સોમનાથ ગીરીજી બાપુ તેમજ મુખ્ય આયોજનમાં શિવજી નંદા, રતન નંદા, શંકર ભાનુશાલી, મોહન નંદા,કલ્યાણજી ભાનુશાલી, ખીમજી પટેલ, કાંતિ પટેલ, પ્રવીણભાઈ, જયંતી પટેલ, ભગવાન પટેલ, વિશ્રામ પટેલ, કરમશી પટેલ, અરૂણ સોની, મંથન જેઠી, રાણા રબારી, જોરૂભા સોઢા, હિતેશ ભાનુશાલી, અરજણ ભાનુશાલી,પ્રેમજી ભાનુશાલી, જયરામ ભાનુશાલી,પરસોતમ ભાનુશાલી,પેરાજ ભાનુશાલી, લીલાધર ભાનુશાલી, રામા રબારી, નિર્મળસિંહ જાડેજા, હિંમતસિંહ સોઢા, વિશ્રામ પટેલ, ભગવાન પટેલ સહિતના સેવાભાવી લોકો એ આ ધાર્મિકોત્સવમાં જોડાઈને આ ઐતિહાસિક ફોટ મહાદેવ જીર્ણોદ્ધાર અને મહોત્સવ માટે તન મન ધનથી સહયોગી બન્યા હતા.

# અંજારમાં ગુરુવંદના અને નિવૃત્ત શિક્ષકોનાં સન્માન કાર્યક્રમનું આયોજન

**નિવૃત્ત શિક્ષકોને શાલ, શ્રીફળ, સાકર અને ભગવદ્ ગીતાનું પુસ્તક અર્પણ કરીને તેઓનું નિવૃત્તિમય જીવન મંગલમય બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવી અલગ-અલગ વિષયો પર જાગૃતિ માટે માહિતીની આપ-લે કાર્યક્રમ દરમ્યાન કરાઈ હતી**





અંજાર, તા.૮

અખિલ ભારતિય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ અંજાર તાલુકા અને નગર દ્વારા રાયમલ ધામ આશ્રમ આ કાર્યક્રમનુ આયોજન કરાયુ હતુ જેનો શુભ આરંભ મંચસ્થ મહાનુભાવો દ્વારા દિપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે પ્રસિદ્ધ કથાકાર હિરેન પંચાલ, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ગોપાલ અઘેરા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના વાઈસ ચેરમેન તેજસ મહેતા,જિલ્લા સંગઠન ઉપાધ્યક્ષ ભરત ધરજીયા,મહામંત્રી રમેશ ગાગલ, જિલ્લા કેળવણી નિરીક્ષકો જીતેન્દ્રસિંહ પરમાર,રવજી મહેશ્વરી વગેરે ગણમાન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. ઉપસ્થિત સર્વે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત નગર અધ્યક્ષ રઘુ વસોયાએ કર્યું હતું.ત્યારબાદ સર્વે મહાનુભાવોનું શાલ અને ગીતાજીના પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતુ જિલ્લા સંગઠન મંત્રી જખરા કેરાસિયા દ્વારા સંગઠનની કાર્યપ્રણાલીનો પરિચય આપવામાં આવ્યો હતો નગર શિક્ષણ સમિતિના વોઈસ ચેરમેન તેજસ મહેતા દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું. ત્યારબાદ કાર્યક્રમનાં મુખ્ય વકતા અને કથાકાર હિરેન પંચાલ દ્વારા ગુરુવંદનાનાં કાર્યક્રમને અનુરૂપ પ્રેરક પ્રવચન અપાયુ હતુ સાથે સાથે નિવૃત્ત થતાં ગુરૂજનોને આશીર્વચન પાઠવવામાં આવ્યા હતા ગૌ સેવા ગતિવિધિના કાર્યકર્તા દીપક પટેલ દ્વારા ભારતીય સંસ્કૃતિમાં દેશી ગાયોનાં મહત્વ અંગે સાંસ્કૃતિક,ધાર્મિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી ખૂબ જ સુંદર માર્ગદર્શન કાર્યક્રમ દરમ્યાન અપાયુ હતુ તાલુકા અને નગરનાં નિવૃત્ત શિક્ષકો ને શાલ, શ્રીફળ, સાકર અને ભગવદ્ ગીતાનું પુસ્તક અર્પણ કરીને તેઓનું નિવૃત્તિ મય જીવન મંગલમય બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવાઇ હતી.કાર્યક્રમની આભારવિધિ જિલ્લા કોષાધ્યક્ષ કાંતિ રોઝ દ્વારા કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં જિલ્લા એચ. ટાટ મહામંત્રી અમરા ભાઇ સહિત સંગઠનના વિવિધ સંવર્ગના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલુકા મહામંત્રી પિયુષ ડાંગર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે તાલુકા અધ્યક્ષ મયુર પટેલ,તાલુકા અને નગરના તમામ હોદ્દેદારો અને કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી તેવું જિલ્લા પ્રચાર પ્રમુખ મહેશ દેસાઈની યાદીમાં જણાવાયું છે.

# જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા જ્ઞાન સહાયકોના કરાર રીન્યુ કરાયા

**૧૧ માસનો કરાર પૂરો થતો હતો જેને ચાલુ શૈક્ષણિક સત્ર ૧૩ જૂનથી તેમનો કરાર ફરી રીન્યુ કરવામાં આવતા પ્રાથમિક શિક્ષણ માટે રાહતરૂપ નિર્ણય હોવાનુ હોદ્દેદારોએ જણાવ્યુ**



ભુજ તા. ૨

સમગ્ર રાજ્યમાં પ્રાથમિક ,માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની વ્યાપક ઘટ છે ત્યારે બાળકોનું શિક્ષણકાર્ય ન બગડે તે માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે ગત વર્ષે હંગામી ધોરણે જ્ઞાન સહાયકોની ભરતી કરી હતી.માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ગત ૮ મે ના રોજ જ્ઞાન સહાયકોનો ૧૧ માસનો કરાર પૂરો થતો હતો જેને ચાલુ શૈક્ષણિક સત્ર ૧૩ જૂનથી તેમનો કરાર ફરી રીન્યુ કરવામાં આવ્યો હતો.રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પણ ગત ૧ નવેમ્બરના રોજ જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી હતી. ૧૧ માસના કરાર આધારિત આ જ્ઞાન સહાયકોનો કોન્ટ્રાક્ટ ગત ૩૧ જુલાઈના રોજ પૂરો થતો હતો ત્યારે શિક્ષકોની નવી ભરતી ન થાય ત્યાં સુધી તેમને ચાલુ રાખી કરાર લંબાવવા જિલ્લા અને રાજ્યસંઘ દ્વારા રાજ્ય કક્ષા એ રજૂઆતો કરવામાં આવી હતી. શિક્ષણ વિભાગે પરિપત્ર કરી ૩૧/૭/૨૦૨૪ ની સ્થિતિએ શાળાઓમાં મહેકમ જળવાતું હોય તો શાળા વ્યવસ્થાપન સમિતિ દ્વારા સમીક્ષા કરી કરાર રીન્યુ કરવા તમામ જિલ્લાઓને સૂચના આપી હતી.કચ્છ જિલ્લામાં પણ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ એક પત્ર કરી કરાર જ્ઞાન સહાયકોનો કરાર રીન્યુ કરવા તમામ તાલુકાના પ્રાથમિક શિક્ષણાધિકારીઓ મારફતે શાળાઓના આચાર્યોને સૂચના આપી હતી. સૂચનાના પગલે કચ્છ જિલ્લામાં ૨ ઓગસ્ટ થી જ્યાં મહેકમ જળવાય છે તેવી શાળાઓમાં આગામી ૧૧ માસ અથવા શિક્ષકોની નવી ભરતી ન થાય ત્યાં સુધી કરાર રીન્યુ કરાયા છે.આ નિર્ણયને શિક્ષક સંઘ દ્વારા આવકારાયો છે. સાથે જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા અંદાજિત ૮૦૦ થી વધારે જ્ઞાન સહાયકોમાં પણ આનંદની લાગણી વ્યાપી છે.અત્રે ઉલ્લેખનીય છે કે સરકાર દ્વારા થોડા સમય અગાઉ રાજ્યમાં કુલ ૨૪૭૦૦ શિક્ષકોની ભરતીની જાહેરાત કરાઈ હતી. જેમાં આગામી ૧ નવેમ્બરના રોજ ધોરણ ૬ થી ૮ માટે ૭૦૦૦ જેટલી જગ્યાઓ માટે TET - 2 અને ૧ ડિસેમ્બરના રોજ ધોરણ ૧ થી ૫ માટે ૫૦૦૦ જેટલી જગ્યાઓ માટે TET - 1 પાસ ઉમેદવારો ની ભરતી કરવામાં આવનાર છે. પરંતુ સમગ્ર ભરતી પ્રક્રિયામાં હજુ ઘણો સમય નીકળી જાય તેમ છે ત્યારે જ્ઞાન સહાયકોના કરાર હાલ જે તે શાળાઓમાં રીન્યુ કરવામાં આવ્યા છે તે નિર્ણય રાહતરૂપ છે તેનાથી જિલ્લાના પ્રાથમિક શિક્ષણને હાલ પૂરતું ઑક્સિજન મળશે. ઉલ્લેખનીય છે કે જ્ઞાન સહાયકોને હાલ માસિક ૨૧ હજાર જેટલો પગાર મળે છે. વેકેશનનો તેમનો પગાર કપાય છે અને અન્ય રજાઓનો પણ લાભ

'વાત કચ્છીયતની'

# FILMY ગપશપ

## અમિતાભ ક્યારેય પત્ની જયાના કોલનો જવાબ નથી આપતા

મુંબઈ, તા.૮

અમિતાભ બચ્ચન અને જયા બચ્ચનનું દામ્પત્ય જીવન અનેક ઉતાર-ચડાવ વચ્ચે વધારે મજબૂત બન્યું છે. ફિલ્મી જોડીઓમાં સફળતાનો પર્યાય મનાતા આ કપલે ૧૯૭૩માં લગ્ન કર્યા હતા. જયા બચ્ચને 'કૌન બનેગા કરોડપતિ'ના એપિસોડમાં પતિ અમિતાભ બચ્ચન સાથે વીડિયો કોલ પર વાત કરી હતી. કોલ દરમિયાન પતિ સાથે ટીખળ કરતાં જયા બચ્ચને કહ્યું હતું કે, તેઓ મારો કોલ તો ક્યારેય ઉપાડતા જ નથી. અમિતાભ બચ્ચન પોતાના કોલ ઈગ્નોર કરતાં હોવાનું જયાએ કહ્યું હતું. તેમણે જણાવ્યુ હતું કે, હું દરેકને જણાવવા માગું છું. તેમની પાસે ૫-૭ ફોન છે. આપણે તેમને કોલ કરીએ તો તે ક્યારેય જવાબ નથી




આપતા. જયાની આ ટીખળ સાંભળીને ઓડિયન્સની સાથે દીકરી શ્વેતા અને દોહિત્રી નવ્યા ખડખડાટ હસી પડ્યા હતા અને તાળીઓથી હોલ ગૂંજી ઊઠ્યો હતો. જયાએ વધુમાં કહ્યું હતું કે, કોઈ ગંભીર ઘટના બને તો તે ઉપરથી અમને વઢે છે. કોલ કેમ કર્યો નહીં? ઘરે કોઈ પ્રોબ્લેમ હોય તો પણ કેમ કહેતા નથી? નાનીમાની વાતમાં સૂર પુરાવતા નવ્યાએ જણાવ્યુ હતું કે, ફ્લાઈટમાં બોર્ડિંગ કરી લીધું છે, તેવો મેસેજ જયા મૂકે તો ગ્રૂપમાં બધા સભ્યો તરત રિપ્લાય કરે છે. જ્યારે નાનાજીને જવાબ આપવામાં ચાર કલાક લાગે છે. તેઓ છેલ્લે કહેશે, બહુ સરસ. જયાનું પ્લેન સલામત આવી ગયું. પત્ની અને દોહિત્રીએ એક સાથે કરેલા પ્રહારને રમૂજમાં વાળી લેતાં અમિતાભ બચ્ચને નિર્દોષ ભાવે કહ્યું હતું કે, કદાચ નેટવર્કની સમસ્યા આવી હશે. બચ્ચન પરિવારની આ મીઠી દલીલે ઓડિયન્સને ખુશ કરી દીધું હતું અને થોડા સમય માટે પોતાના ફેવરિટ સ્ટારના અંગત જીવનમાં ડોકિયું કરવાની તક મળી હતી.

## 'રાઝી' ફેમ એક્ટર અશ્વથ ભટ્ટ ઈસ્તાંબુલ ગયાને લૂંટાયા

મુંબઈ, તા.૮

રાઝી, સીતા રામમ જેવી સુપરહિટ ફિલ્મોનો ભાગ રહી ચૂકેલા અશ્વથ ભટ્ટ તુર્કીના ઈસ્તાંબુલમાં રજાઓ ગાળવા ગયા હતા. TOI સાથે વાત કરતા અશ્વથે જણાવ્યું કે ૪ ઓગસ્ટે તેના પર પાછળથી લૂંટારાઓએ હુમલો કર્યો હતો. અશ્વથે કહ્યું- હું ગલતા ટાવર તરફ જઈ રહ્યો હતો, ત્યારે એક વ્યક્તિ મારી પાસે આવ્યો. તેના હાથમાં સાંકળ હતી, અને શું થઈ રહ્યું છે તે હું સંપૂર્ણપણે સમજી શકું તે પહેલાં, તેણે મને પીઠ પર માર્યો. પાછળ ફરીને જોતાં મને સમજાયું કે તે કદાચ કોઈ ટોળકી હતી જે મારી બેગ છીનવવાનો પ્રયાસ કરી રહી હતી. એક ક્ષણ માટે તો હું વિચારતો રહી ગયો કે આ શું થઈ રહ્યું છે? પરંતુ મને લાગે



છે કે તેમને અપેક્ષા નહોતી કે હું વિરોધ કરીશ અને લડીશ. જ્યારે તે મારી બેગ છીનવવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે એક કેબ ડ્રાઈવરે અટકાવ્યો અને દરમિયાનગીરી કરી. લૂંટારાએ તુર્કીમાં કંઈક કહ્યું અને પછી ભાગી ગયો. કેબ ડ્રાઈવરે મારો ઘા જોયો અને તરત જ મને પોલીસ પાસે જવાનું કહ્યું. અશ્વથે વધુમાં જણાવ્યું કે ઘણા લોકોએ તેને ચેતવણી આપી હતી.

## UKના વિઝા નામંજૂર થતાં ફિલ્મ ગુમાવી

**કેબોલિવૂડના બેડ બોય તરીકે ઓળખાતા સંજય દત્તે છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાની ઈમેજ બદલવા ભરપૂર પ્રયાસ કર્યા છે**





મુંબઈ, તા.૮

બોલિવૂડના બેડ બોય તરીકે ઓળખાતા સંજય દત્તે છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાની ઈમેજ બદલવા ભરપૂર પ્રયાસ કર્યા છે અને હવે તેમને ફેમિલીમેન કહેવામાં આવે છે. સંજય દત્તના જીવનમાં ભલે ઘણાં પરિવર્તન આવી ગયાં હોય, પરંતુ તેમને ભૂતકાળના કર્મો હજુ નડી રહ્યા છે. ૧૯૯૮ના વર્ષમાં 'ટાડા' કેસમાં તેમની ધરપકડ થઈ હતી. આ ગુનાઈત ઈતિહાસના કારણે સંજય દત્તને વિઝા આપવાનો યુકે દ્વારા ઈનકાર થયો છે અને તેના કારણે સંજય દત્તે ફિલ્મ ગુમાવવાનો વારો આવ્યો છે.

અજય દેવગનની હિટ ફિલ્મ 'સન ઓફ સરદાર'ની સીક્વલનું થોડા સમય પહેલાં એલાન થયું હતું. મૃણાલ ઠાકુર અને સંજય દત્ત સાથે 'સન ઓફ સરદાર ૨'નું શૂટિંગ શરૂ કરવાની તૈયારીઓ થઈ ચૂકી હતી. આ એક્શન કોમેડી ફિલ્મના શૂટિંગની શરૂઆત સ્કોટલેન્ડથી થવાની છે. ફિલ્મમાં મુખ્યત્વે સંજય દત્ત અને અજય દેવગન વચ્ચે ટક્કર થવાની છે. તેથી શૂટિંગ પૂર્વે લીડ સ્ટાર્સ સહિત સમગ્ર ટીમે યુકેના વિઝા માટે એપ્લિકેશન કરી હતી. યુકે દ્વારા સંજય દત્તની વિઝા અરજી ફગાવી દેવાઈ હોવાનું જાણવા મળ્યું છે.

## સની લિઓનીને એડલ્ટ સ્ટારનું ટેગ ભારરૂપ લાગવા માંડ્યું



મુંબઈઃ સની લિઓનીને બોલિવૂડમાં પહેલી ફિલ્મ જિસ્મ ૨ આવી હતી. તે પહેલી લીલા' અને 'મસ્તીજાદે' જેવી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. શરૂઆતના આવતી હતી. આ ઓળખના કારણે શરૂઆતના તબક્કે આ ઓળખ સ્ટારનું ટેગ બોજારૂપ લાગવા માંડ્યું બદલાય છે અને તેનું કામ પણ ઓળખ બનાવી દેવાય તે યોગ્ય હજુ પણ મને નકારાત્મક રીતે નિકટના લોકો સંરક્ષક દિવાલનું રાત્મકાથી બચાવે છે. મારા માટે નકા કામ મારા મિત્રો અને પરિવારજનો કરે કે અગાઉની એડલ્ટ ફિલ્મો માટે નકારાત્મક નથી. સનીનું ફોકસ હાલ પોતાની કરિયર પર ખાસ ઓફર મળી નથી. અનુરાગ કશ્યપે હતી. આ ફિલ્મ ૨૦૨૩ કાન્સ ફેસ્ટિ- રાગની ફિલ્મો કમર્શિયલ રીતે હિટ સાથે હિટ ફિલ્મ કરવાની ઈચ્છા

૧૩ વર્ષનો સમય વીતી ચૂક્યો છે. ૨૦૧૨માં સનીની પછી સનીએ 'રાગિની એમએમએસ ૨', 'એક ફિલ્મોમાં કામ કરેલું છે. સનીએ 'બિગ બોસ' બાદ સમયમાં સનીને એડલ્ટ સ્ટાર તરીકે ઓળખાવવામાં જ સની ઝડપથી જાણીતી બની હતી. સનીને સામે કોઈ વાંધો ન હતો, પરંતુ હવે તેને એડલ્ટ છે. સનીનું માનવું છે કે, સમયની સાથે વ્યક્તિ બદલાય છે. કોઈ એક પ્રવૃત્તિને હંમેશા તેની નથી. સની લિઓનીએ જણાવ્યું હતું કે, લોકો જુએ છે અને આ બાબત ખૂંચે છે. જો કે મારી કામ કરે છે અને મને આ પ્રકારની નકા રાત્મક માન્યતા ધરાવતા લોકોની સામે બચાવનું છે. સની લિઓનીએ પોતાની ટીકા કરનારા છબિ ધરાવનારા લોકો માટે કોઈ ફરિયાદ પણ છે. કારણ કે, બોલિવૂડમાં લાંબા સમયથી તેને છેલ્લે થ્રિલર ફિલ્મ કેનેડીમાં સનીને લીધી વલમાં પ્રીમિયર થઈ હતી. જો કે અનુ નથી હોતી અને સનીને મોટા બેનર છે.

### અનન્યા પાંડે સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે

## OTT થ્રિલર ફિલ્મ 'CTRL'માં અનન્યા બનશે

### સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કપલના છૂટા પડ્યા બાદ સર્જાયેલી ઉથલ-પાથલ રજૂ થશ

મુંબઈ, તા.૮

અનન્યા પાંડે સોશિયલ મીડિયા પર સતત એક્ટિવ રહે છે અન તેનું ફેન ફોલોઈંગ પણ મોટું છે. રીલ લાઈફમાં અનન્યા પાંડે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરનો રોલ કરવાની છે. અનન્યા અને તેનો પાર્ટનર વિહાન સામત કન્ટેન્ટ ક્રીએટર છે અને તેમને ઘણાં લોકો ફોલો કરે છે.

સોશિયલ મીડિયાની આ હિટ જોડી વચ્ચે મનદુઃખ થાય છે અને તેઓ છૂટા પડે છે. ત્યારબાદ બંનેના જીવનમાં આવેલી ઉથલ-પાથલને આ ફિલ્મમાં રજૂ કરાઈ છે. વિક્રમાદિત્ય મોટવાનેના ડાયરેક્શનમાંસોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર કપલના છૂટા પડ્યા બાદ સર્જાયેલી ઉથલ-પાથલ રજૂ થશે 'ઝૂઈન' બની રહી છે. આ ફિલ્મમાં અનન્યા અને વિહાનના લીડ રોલ છે.


નેટફ્લિક્સ પર આ ફિલ્મનું ૪ ઓક્ટોબરે પ્રીમિયર થવાનું છે. ફિલ્મમાં અનન્યાએ નેલ્લા અવસ્થી અને વિહાને જો માસ્કરેન્સનો રોલ કર્યો છે. તેઓ એકબીજાને ચાહતા હોવાથી સાથે રહે છે અને સાથે કામ કરે છે. નેલ્લા અને જોને સોશિયલ મીડિયા પર લોકો ખૂબ ચાહે છે. કોઈ કારણોસર તેમની વચ્ચે બ્રેકઅપ થાય છે અને સુંદર-આદર્શ લાગતી આ જોડીના બેહૂદા પાસાં બહાર આવે છે. સોશિયલ મીડિયાના દુરુપયોગ અન તેની અંગત જીવન પર અસરોને આ ફિલ્મમાં દર્શાવવામાં આવી છે. અનન્યાએ જણાવ્યું હતું કે, આ ફિલ્મ દરેક વ્યક્તિ માટે છે. ટેકનોલોજી પર વધી રહેલી નિર્ભરતાને આ ફિલ્મમાં દર્શાવાઈ છે. આપણે ડિજિટલ લાઈફના કંટ્રોલમાં છીએ કે નહીં? તેવો સવાલ આ ફિલ્મમાં ઊભો કરવામાં આવ્યો છે.

## વેબ સિરીઝ 'ખાખી'ની બીજી સિઝનમાં ચિત્રાંગદાની વાપસી

### ૨૦૨૩માં સારા સાથે 'ગેસલાઈટ' બાદ ખોવાયેલી ચિત્રાંગદાનો 'ખેલ ખેલ મૈં'માં કેમિયા

મુંબઈ, તા.૮


ચિત્રાંગદા સિંગ પાછલા કેટલાક સમયથી ફિલ્મોમાં જોવા મળી નથી. ૨૦૨૩માં સારા અલી ખાન સાથે 'ગેસલાઈટ' બાદ ચિત્રાંગદાની કોઈ ફિલ્મ આવી નથી. ચિત્રાંગદાને સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેવાનો ખાસ શોખ નથી, જેના કારણે કોઈ પ્રોજેક્ટના કારણે જ તે વધારે ચર્ચામાં રહે છે. અક્ષય કુમારની આગામી ફિલ્મ ખેલ ખેલ મૈંમાં ચિત્રાંગદાનો કેમિયો છે. આ ફિલ્મની રિલીઝ પૂર્વે ચિત્રાંગદાની વેબ સિરીઝ પાકી થઈ છે, જેને ફિલ્મ મેકર નિરજ પાંડે બનાવવાના છે. આ સિરીઝને ટૂંકમાં ખાખી ૨ તરીકે ઓળખવામાં આવે છે. ચિત્રાંગદાએ આગામી ઓટીટી પ્રોજેક્ટ અંગે વાત કરતાં કહ્યું હતું કે, અધકચરી વાતો જાહેર કરવામાં તેને ખચકાટ થાય છે. વેબ સિરીઝની વાત હોય ત્યારે બધું નક્કી થાય પછી જ કહેવું જોઈએ. તેનું ફોર્મેટ લાંબુ છે અને લખાણ અદભૂત હોવું જોઈએ. તેથી સમય લાગે છે. જો કે હવે નક્કી છે કે નિરજ પાંડેના ડાયરેક્શનમાં 'ખાખીઃ ધ બેંગાલ ચેપ્ટર' બનવાની છે.




આ સુંદરતા આર્જેની સૌથી વધુ કમાણી કરતી અભિનેત્રીઓમાંની એક છે. પરંતુ એક સમય એવો હતો જ્યારે તેણે હજારો રિજેક્શનનો સામનો કરવો પડ્યો હતો. તેની ડાર્ક સ્કિન ટૉનને કારણે તેને ઘણી ટ્રોલ કરવામાં આવી હતી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવવી ખૂબ જ મુશ્કેલ છે. દરરોજ લાખો યુવાનો સ્ટાર બનવાના સપના સાથે સપનાના શહેરમાં આવે છે.



ભોજપુરી એક્ટ્રેસ નેહા મલિક દરરોજ પોતાના બોલ્ડ ફોટા સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. નેહા મલિકની બોલ્ડ તસવીરો સામે આવતાં જ વાયરલ થઈ જાય છે. નેહા મલિકે ફરી એકવાર ચાહકો માટે પોતાની મનમોહક તસવીરો શેર કરી છે, જેને જોઈને ચાહકો નિસાસો નાખે છે.



ફિલ્મ 'હેટ સ્ટોરી ૨'માં સુરવીન ચાવલાનું એક અલગ જ રૂપ જોવા મળ્યું હતું. 'આજ ફિર તુમ્પે પ્યાર આયા હૈ' ગીત અને આખી ફિલ્મમાં સુરવીને તમામ હદો વટાવી દીધી હતી. આ પછી પણ સુરવીને ઘણી ફિલ્મો કરી પરંતુ તેનું ફિલ્મી કરિયર કંઈ ખાસ રહ્યું નહોતું. સુરવીન ચાવલા આ વર્ષે ૧ ઓગસ્ટે ૪૦ વર્ષની થઈ પરંતુ તમે તેને જોઈને તેની ઉંમરનો અંદાજ તમે લગાવી શકતા નથી.



મોડલ અને એક્ટ્રેસ રૂમા શર્મા સોશિયલ મીડિયા પર અવારનવાર પોતાની બોલ્ડ સ્ટાઈલ દર્શાવતી તસવીરો શેર કરતી રહે છે. ટીવી અભિનેત્રી રુમા શર્માએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર તેની સુંદર તસવીરો શેર કરીને ચાહકો માં સનસનાટી મચાવી દીધી છે રુમા શર્માની આ સ્ટાઈલિશ ગોર્જિયસ તસવીરો જોઈને ફેન્સ ક્રેઝી થઈ રહ્યા છે.


# SPORTS કોર્નર

## શું હજુ પણ વિનેશ ફોગાટને મળી શકે છે સિલ્વર મેડલ

નવી દિલ્હી, તા.૮

ભારતીય રેસલર વિનેશ ફોગાટ-ને લઈને સારા સમાચાર સામે આવ્યાં છે. જેમાં પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ફોગાટને હજુ પણ સિલ્વર મેડલ મળવાની શક્યતા છે. આ દરમિયાન આર્બિટ્રેશન કોર્ટે ફોગાટનો કેસ સ્વીકાર્યો છે. વજન વધારે હોવાથી ફોગાટને અયોગ્ય ઠેરવવામાં આવ્યાં હતા. તેવામાં ફોગાટે બે મુદ્દાઓને લઈને કોર્ટનું ધ્યાન દોર્યું હતું. જેમાં એક મુદ્દે કોર્ટનો જવાબ સામે આવ્યો છે, ત્યારે હજુ પણ એક મુદ્દાને લઈને કોર્ટ દ્વારા આવતી કાલે નિર્ણય કરવામાં આવશે. જ્યારે ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીએ ફોગાટને સિલ્વર મેડલ આપવાની ફરજ પડી શકે છે.

૭ ઓગસ્ટે ફોગાટને વુમન્સ ફ્રિસ્ટ-ાઈલ રેસલિંગના ૫૦ કિલોગ્રામ વર્ગની ફાઈનલમાં ભાગ લેવાની હતી. જેમાં તેને સિલ્વર મેડલ પાકો હતો, કારણ કે તેને એક જ દિવસમાં પ્રી-ક્વાટ-ર ફાઈનલ્સ, ક્વાર્ટર ફાઈનલ અને સેમિફાઈનલ જીતીને ફાઈનલમાં પહોંચી હતી. જોકે, ફાઈનલ મેચની સવારે જ્યારે તેનું વજન માપવામાં આવ્યું ત્યારે તેનું વજન ૧૦૦ ગ્રામથી



વધુ હોવાનું જણાતાં તેને ગેરલાયક ઠેરવવામાં આવી હતી. આ દરમિયાન, ફોગાટે જે ખેલાડીને સેમિફાઈનમાં હાર આપી હતી તે ખેલાડીને ફાઈનલમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. જ્યારે ઓલિમ્પિક મેડલ ગુમાવ્યા બાદ વિનેશ અને તેના સપોર્ટ સ્ટાફે અવાજ ઉઠાવ્યો હતો. વિનેશ ફોગાટ અને તેમની ટીમ દ્વારા આર્બિટ્રેશન કોર્ટમાં કેસ દાખલ કરાવ્યો હતો, ત્યારે કોર્ટમાં રેસલિંગના મુદ્દાઓની સુનાવણી કરવા માટે ૭ ઓગસ્ટના રોજ રાત્રે ૮ વાગ્યે ફોગાટે બે મુદ્દાઓને લઈને કોર્ટને મેઈલ કર્યો હતો. એક રિપોર્ટ પ્રમાણે, વિનેશે પહેલો મુદ્દો ઉઠાવ્યો હતો કે, 'તેનું વજન હવે માપવું જોઈએ. કારણ કે ફોગાટે કોર્ટને મેઈલ કર્યો એ સમયે ફાઈનલ શરૂ થવામાં હજુ લગભગ ચાર કલાક જેટલો સમય બાકી હતો. બીજો મુદ્દો એ હતો કે, હું સેમીફાઈનલ સુધી જીત હાંસલ કરી હતી એ સમયે મારું વજન વધારે ન હતું, તેથી મારે ઓછામાં ઓછું સિલ્વર મેડલ મળવો જોઈતો હતો.' બીજી તરફ, કોર્ટે બે મુદ્દાઓમાંથી એકનો જવાબ આપતા કહ્યું હતું કે, 'મેચ ફિક્સ થઈ ગઈ હોવાથી તેમાં હવે કાંઈ નહીં થઈ શકે. જ્યારે બાકીના મુદ્દા પર કોર્ટ દ્વારા પેરિસના સમય પ્રમાણે આવતી કાલે સવારે ૮ વાગ્યે અને ભારતના સમય પ્રમાણે આશરે ૧૧ વાગ્યાની આસપાસ સુનાવણી કરશે.

આ બધા વચ્ચે જો કોર્ટને એવુ લાગે છે કે ફોગાટની વાત સાચી છે તો ઈન્ટર નેશનલ ઓલિમ્પિક કમિટીને કોર્ટ કહી શકે છે કે ફોગાટને સિલ્વર મેડલ આપવો જોઈએ. જો કે, ભલેને સંયુક્ત મેડલ હોય, પરંતુ ફોગાટ સિલ્વર મેડલની હકદાર છે. જ્યારે ફોગાટે તેની પ્રી-ક્વાર્ટર ફાઈનલ્સમાં જાપાનની યૂઈ સુસાકીને હરાવવાની સાથે તે ઘણા સમયથી એકપણ સ્પર્ધામાં હારી ન હતી.

## ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર પર રૂપિયાનો વરસાદ




નવી દિલ્હી, તા.૮

ભારતીય શૂટર મનુ ભાકરે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં દેશ માટે પહેલો મેડલ જીત્યો હતો. તેણે દેશને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે. ભારતે પેરિસ ઓલિમ્પિકમાં અત્યાર સુધીમાં ત્રણ મેડલ જીત્યા છે અને ત્રણેય શૂટિંગ માંથી આવ્યા છે. રમત-ગમત મંત્રી મનસુખ માંડવિયાએ તાજેતરમાં જ મનુ ભાકર સાથે મુલાકાત કરી એને તેમણે મુલાકાત દરમિયાન મનુ ભાકરને પ્રાઈઝ મનીનો ચેક પણ આપ્યો હતો. મનુ ભાકરે સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી આપી હતી. રમત-ગમત મંત્રી માંડવિયાએ પણ સોશિયલ મીડિયા પર આ પોસ્ટ શેર કરી છે.

ભારતને મહિલા પિસ્તોલ શૂટિંગમાં બ્રોન્ઝ મેડલ અપાવનાર મનુ ભાકરને ૩૦ લાખ રૂપિયાનો ચેક આપવામાં આવ્યો છે.

કેન્દ્રીય રમત-ગમત મંત્રી મનસુખ માંડવિયાએ મનુ ભાકરને ચેક સોંપ્યો છે. તેમણે મનુ ભાકર માટે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને લખ્યું કે, પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં બે બ્રોન્ઝ મેડલ જીતીને દેશ પરત ફરેલી દીકરી મનુ ભાકર સાથે આજે મુલાકાત કરી અને તેને ઐતિહાસિક જીત માટે અભિનંદન અને શુભકામના પાઠવી. મનુ ભાકરની આ સફળતા ભારતીય ખેલ જગતના કરોડો યુવાઓને પ્રેરણા આપશે. આખા દેશને તેમના પર ગર્વ છે. તમને જણાવી દઈએ કે, મનુ ભાકરે ૧૦ મીટર એર પિસ્તોલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ત્યારબાદ ૧૦ મીટર એર પિસ્તલ મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં પણ બ્રોન્ઝ જીત્યો હતો. ભારતને ત્રીજો બ્રોન્ઝ સ્વપ્નિલે અપાવ્યો હતો.

## ચાહકો એ વાતથી નિરાશ થઈ ગયા કે શું વિનેશ ફોગાટ ઓલિમ્પિક ૨૦૨૮ રમશે

નવી દિલ્હી, તા.૮

પેરિસ ઓલિમ્પિક્સમાં કુસ્તીની કેટેગરીમાં ૫૦ કિલો કરતાં ૧૦૦ ગ્રામ વધુ વજન હોવાને કારણે અયોગ્ય જાહેર થયેલી વિનેશ ફોગાટે આજે વહેલી સવારે એટલે કે ૮ ઓગસ્ટ ને ગુરુવારે નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી.

જો કે, હવે તેમના કાકા મહાવીર ફોગાટે વિનેશ ફોગાટને તેની નિવૃત્તિ પાછી લેવાની થોડી આશા જગાડી છે. તેમણે કહ્યું છે કે, "વિનેશ ફોગાટ ભારત આવશે પછી તે તેમની સાથે વાત કરશે અને તેમને ૨૦૨૮ ઓલિમ્પિકમાં રમવા માટે મનાવી લેશે." વિનેશ ફોગાટની જાહેરાત બાદ આખો દેશ આશ્ચર્યચકિત થઈ ગયો હતો. ચાહકો એ વાતથી નિરાશ થઈ ગયા હતા કે, તેઓ હવે વિનેશ ફોગાટને આ કુસ્તીની સ્પર્ધા ફરી ક્યારેય જોઈ શકશે નહીં.

વિનેશ ફોગાટે સોશિયલ મીડિયા પર નિવૃતિ જાહેર કરતાં લખ્યું કે, "માઁ કુસ્તી મારાથી જીતી ગઈ અને હું હારી ગઈ. માફ કરજો, તારું સપનું અને મારી હિંમત બધુ તૂટી ગયું, મારી પાસે આનાથી વધુ તાકાત નથી. ગુડબાય રેસલિંગ ૨૦૦૧-૨૦૨૪. હું હંમેશા આપ સૌની ઋણી રહીશ, માફી."

ભારતીય કુસ્તીનો મહત્ત્વપૂર્ણ હિસ્સો રહી ચૂકેલા મહાવીર ફોગાટે વિનેશની પરિસ્થિતિ પર ટિપ્પણી કરતા કહ્યું કે, "તેણી આ વખતે ઓલિમ્પિક ગોલ્ડ મેડલ લાવવાની હતી, પરંતુ તેણીને ગેરલાયક ઠેરવવામાં આવી. આટલા મોટા આઘાત બાદ દુઃખી થવું સ્વાભાવિક છે અને તેથી તેણીએ આ નિર્ણય લીધો. એકવાર તે ઘરે પરત ફરશે, ત્યારે અમે તેની સાથે ૨૦૨૮ ઓલિમ્પિકમાં ભાગ લેવા વિશે વાત કરવાનો પ્રયાસ કરીશું."

હરિયાણાના ઝસ નાયબ સિંહ સૈનીએ જાહેરાત કરી કે, "હરિયાણા સરકાર દ્વારા વિનેશ ફોગાટ ને ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતાની જેમ ઈનામ, સન્માન અને સુવિધાઓ આપવામાં આવશે." જેના પર મહાવીર ફોગાટે કહ્યું કે, "મુખ્યમંત્રીની આ સારી પહેલ છે. તેમણે સિલ્વર મેડલ મળ્યો હોવાની હકીકત સ્વીકારી છે. આ એક સારું પગલું છે અને હું તેમનું સમર્થન કરું છું. હું હરિયાણા સરકારનો આભાર માનું છું, જો અન્ય એથ્લિટ્સ સાથે આવું થશે તો આનાથી તેમને પ્રોત્સાહન મળશે."

ઝસ સૈનીએ આજે ગુરુવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં વિનેશ પ્રત્યેના તેમના સમર્થન પર ભાર મૂક્યો હતો. સૈનીએ લખ્યું હતું કે, "રાજ્ય સરકાર ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા જેમ જ સન્માન, પુરસ્કારો અને સુવિધાઓ વિનેશ ફોગાટને આપશે." વિનેશના પ્રયાસોની પ્રશંસા કરતા તેમણે આગળ કહ્યું કે, "હરિયાણાની અમારી બહાદુર પુત્રી વિનેશ ફોગાટે શાનદાર પ્રદર્શન કર્યું અને ઓલિમ્પિકની ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો. કેટલાક કારણોસર, તે ઓલિમ્પિકની ફાઈનલ રમી શકી નહીં, પરંતુ તે એક ઉત્તમ ઉદાહરણ છે. આપણા બધા માટે ચેમ્પિયન છે."

# બિહારના એક ગામમાં PMOનો આવ્યો પત્ર



પટણા, તા.૮

બિહારમાં ખગરિયાનું એક નાનકડું ગામ મેઘૌના આવેલું છે. જ્યાં PMO તરફથી પત્ર આવ્યો છે. પરંતુ આશ્ચર્યજનક વાત એ છે કે, આ પત્ર જોઈને આખું ગામ ચોંકી ગયું છે અને ખુશીથી નાચવા લાગ્યું છે. બધાને એ વાતની ઉત્સુકતા હતી કે આ પત્ર વડાપ્રધાન કાર્યાલયમાંથી શા માટે મોકલવામાં આવ્યો અને તેમાં શું લખ્યું છે? જ્યારે પત્ર ખોલીને વાંચવામાં આવ્યો ત્યારે તેમાં શું લખ્યું છે તે જાણ્યા પછી બધાના ચહેરા પર આનંદથી સ્મિત આવી ગયા. ગામમાં વડીલોથી લઈને બાળકો સુધીના દરેક લોકો ખુશ છે.

મેઘૌના એ બિહારના ખગરિયાનું એક નાનકડું ગામ છે. જ્યાં પીએમઓ તરફથી પત્ર આવ્યો છે. આ પત્ર ખગરિયાના અલૌલી બ્લોકની મેઘના પંચાયતને મોકલવામાં આવ્યો હતો. અહીં આ પત્ર ગામના વર્તમાન વડા આકાંક્ષા બાસુને મોકલવામાં આવ્યો હતો. જ્યારે પત્ર ખોલીને વાંચવામાં આવ્યો ત્યારે આખું ગામ નાચવા લાગ્યું હતું. વડાપ્રધાન કાર્યાલય તરફ થી આકાંક્ષા ને મોકલવામાં આવેલા આ પત્રમાં લખવામાં આવ્યું છે કે, તમને દિલ્હી આવવાનું આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. વાસ્તવમાં ૧૫ ઓગસ્ટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી લાલ કિલ્લા પરથી રાષ્ટ્રધ્વજને સલામી આપશે. આ પ્રસંગે, આ ગામની વર્તમાન વડા આકાંક્ષા બાસુને PMO દ્વારા ૧૫ ઓગસ્ટના કાર્યક્રમમાં ભાગ લેવા માટે દિલ્હી બોલાવવામાં આવી છે. ધ્વજવંદન કાર્યક્રમમાં પીએમઓ દ્વારા બિહારની ૯ મહિલા પ્રતિનિધિઓને આમંત્રણ પત્ર મોકલવામાં આવ્યું છે, જેમાં ખગરિયાની સૌથી યુવા પ્રમુખ આકાંક્ષા બાસુનું નામ પણ સામેલ છે. મેઘના પંચાયતના લોકો પણ પીએમઓ તરફથી પત્ર મળવા અને દિલ્હી જવાનું આમંત્રણને લઈને ખૂબ જ ખુશ છે. તેમનું કહેવું છે કે તેમની પંચાયત વડા આકાંક્ષા બાસુ દિલ્હીના લાલ કિલ્લા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ધ્વજવંદન કાર્યક્રમમાં ભાગ લેશે. આ કાર્યક્રમના અતિથિ વિશેષ બનવાનું સૌભાગ્ય મળ્યું એ આનંદની વાત છે. પંચાયતમાં બે કરોડથી વધુના ખર્ચે વિકાસના કામો થયા છે. આકાંક્ષા બાસુ ૧૫ ઓગસ્ટે લાલ કિલ્લા પરથી સ્વતંત્રતા દિવસના કાર્યક્રમમાં હાજરી આપવાને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. તેણે કહ્યું છે કે પીએમઓ દ્વારા મોકલવામાં આવેલ કોલ દેશમાં મહિલા સશક્તિકરણનું ઉદાહરણ છે.

# અમદાવાદ-મુંબઇ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડશે

અમદાવાદ, તા.૮

દેશમાં પ્રથમ વખત અમદાવાદ મુંબઇ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને દોડવા માટે રેલવે વિભાગે તૈયારીઓ શરૂ કરી દીધી છે.

આ ટ્રેન દોડાવવા માટે રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાડર્ડ ઓર્ગેનાઈઝેશને પશ્ચિમ રેલવેને લીલીઝંડી આપી દીધી છે. જેથી પશ્ચિમ રેલવે ૯ ઓગસ્ટ શુક્રવારે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનની ટ્રાયલ લેવાશે. હાલમાં અમદાવાદ-મુંબઇ વચ્ચે ૧૬ કોચની ૨ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડી રહી છે જેને ૧૦૦ ટકા પેસેન્જરો મળી રહ્યા છે.

વંદે ભારત ટ્રેનને મુસાફરો નો સારો પ્રતિસાદ મળતાં પશ્ચિમ રેલવેએ પેસેન્જરોની અવર જવરને ધ્યાનમાં રાખીને હવે અમદાવાદ-વડોદરા-સુરત-મુંબઇ સેન્ટ્રલ વચ્ચે ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન દોડાવવાની તૈયારી શરૂ કરી છે. ૨૦ કોચની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૧૩૦ કિમીની સ્પીડે દોડી શકે તે રીતે ડિઝાઈન કરવામાં આવી છે. જેથી પશ્ચિમ રેલવે ટ્રેનને ૧૩૦ કિમીની મહત્તમ સ્પીડે દોડાવીને ટ્રાયલ લેશે. આ ટ્રાયલ દરમિયાન હવામાનની પરિસ્થિતિને પણ ધ્યાને લેવામાં આવશે. અમદાવાદથી મુંબઇ માંડીને રેલવે સ્ટેશનો સાથે રેલવે ક્રોસિંગ પર આરપીએફના જવાનોને તૈનાત રાખવામાં આવશે, જેથી કરીને આકસ્મિક ઘટના સમયે પરિસ્થિતિ પર કાબૂ મેળવી શકાય.

ટ્રાયલ દરમિયાન અપ-ડાઉન લાઈનમાં સમગ્ર રૂટ પર લઘુત્તમ હંગામી ગતિના પ્રતિબંધની ખાતરી કરાશે.પરીક્ષણો મહત્તમ ગતિએ હાથ ધરવામાં આવશે અને તમામ અસ્થાયી અને કાયમી પ્રતિબંધોનું પાલન કરાશે. ટ્રેન સેટની તપાસ સી એન્ડ ડબ્લ્યુની ટીમ કરશે તેમજ ૧૩૦ કિમી પ્રતિ કલાકે દોડવવાનું સર્ટિ-ફિકેટ મેળવવું તેમજ તમામ કોચની તપાસ હાથ ધરવામાં આવશે. ટ્રેનમાં એકસાથે કામ કરવા સક્ષમ ક્રૂ અને ગાર્ડની જોગવાઈ કરાશે.

# પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્યનું નિધન થયું



કોલકાતા, તા.૮

પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્યનું લાંબી માંદગી બાદ આજે સવારે ૮.૨૦ કલાકે નિધન થયું છે. તેમણે ૮૦ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા. માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી ના રાજ્ય એકમના સચિવ મોહમ્મદ સલીમે આ માહિતી આપી હતી.પશ્ચિમ બંગાળમાં ડાબેરી મોરચાના ૩૪ વર્ષના શાસન દરમિયાન બુદ્ધદેવ ભટ્ટાચાર્ય સીપી એમના બીજા અને છેલ્લા મુખ્ય પ્રધાન હતા. તેઓ ૨૦૦૦ થી ૨૦૧૧ સુધી સતત ૧૧ વર્ષ સુધી પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી પદે રહ્યા. તેમના પરિવારમાં તેમની પત્ની મીરા અને પુત્રી સુચેતના છે.

બંગાળના પૂર્વ મુખ્યમંત્રી અને દિગ્ગજ ડાબેરી નેતા બુદ્ધદેવ ભટ્ટાચાર્યએ આજે સવારે ૮.૨૦ કલાકે અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ લાંબા સમયથી બીમાર હતા. તેમને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી, જેના કારણે તેમને જુલાઈમાં હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. તેઓ COPD (ક્રોનિક ઓબ્સ્ટ્રક્ટિવ પલ્મોનરી ડિસીઝ) અને વૃદ્ધાવસ્થા સંબંધિત અન્ય રોગોથી પીડિત હતા.

કોલકાતામાં તેમના ઘરે તેમની સારવાર ચાલી રહી હતી. ખરાબ તબિયતના કારણે તેઓ લાંબા સમયથી જાહેર જીવનથી દૂર હતા. ૨૦૧૫માં, તેમણે પોલિટબ્યુરો અને CPI(M)ની સેન્ટ્રલ કમિટીમાંથી પણ રાજીનામું આપ્યું હતું. તેમણે ૨૦૧૮માં રાજ્ય સચિવાલયનું સભ્યપદ પણ છોડી દીધું હતું

બુદ્ધદેવ ભટ્ટાચાર્યના નિધન પર શોક વ્યક્ત કરતા ભાજપના નેતા સુભેન્દુ અધિકારીએ સોશિયલ મીડિયા પર લખ્યું, 'મને એ જાણીને ખૂબ જ દુ:ખ થયું છે કે પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી; શ્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્યનું નિધન થયું છે. તેમની આત્માને શાંતિ મળે એવી પ્રાર્થના.

બુદ્ધદેવ ભટ્ટાચાર્યના નિધન પર શોક વ્યક્ત કરતા મમતા બેનર્જીએ લખ્યું, 'પૂર્વ મુખ્યમંત્રી શ્રી બુદ્ધદેવ ભટ્ટાચાર્યના આકસ્મિક નિધનથી હું સ્તબ્ધ અને દુ:ખી છું. હું તેમને ઘણા દાયકાઓથી ઓળખું છું અને જ્યારે તેઓ બીમાર હતા ત્યારે ઘણી વખત તેમને મળવા ગઈ હતી. આ દુખની ઘડીમાં હું મીરા દી અને સુચેતનાની સાથે છું. હું ઝૈ(સ) પાર્ટીના સભ્યો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું. અમે નિર્ણય કર્યો છે કે તેમના અંતિમ સંસ્કાર દરમિયાન તેમને પૂરું સન્માન આપવામાં આવશે.

# ખેડૂતો માટે ગુજરાત સરકારે નવી યોજના અમલમાં મૂકી

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ બાદ રાજ્યના ખેડૂતોએ પુષ્કળ પ્રમાણમાં પાક વાવેતર કર્યું છે. ખેડૂતો વધુ પાક ઉત્પાદન અને આવક મેળવી આર્થિક રીતે સજ્જ થવા હાલ ખેતીમાં પોતાનો જીવ રેડી રહ્યા છે. પરંતુ રાજ્યના કેટલાક ખેડૂતો વધુ આવક મેળવવાની લાલચમાં રસાયણિક ખાતર અને પરંપરાગત દાણાદાર યુરીયા ખાતરોનો આડેધડ ઉપયોગ કરતા હોય છે, જે જમીનના સ્વાસ્થ્ય ઉપરાંત પર્યાવરણને પણ નુકશાન કરે છે.

રાજ્યના ખેડૂતોને દાણાદાર યુરિયાના બદલે નેનો યુરિયાનો ઉપ યોગ કરવાની ભલામણ કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, નેનો યુરિયાની ૫૦૦ મિ.લી.ની એક બોટલ, ૪૫ કિ.ગ્રા. દાણાદાર યુરિયાની એક થેલીની ગરજ સારે છે. સાથે જ નેનો યુરીયાની કાર્યક્ષમતા પણ દાણાદાર યુરીયા કરતા ૯૦ ટકાથી વધારે છે. દાણાદાર યુરીયા ખેતરમાં નાખવામાં આવે છે ત્યારે, માત્ર ૨૦ થી ૩૦ ટકા ખાતરનો જ નાઈટ્રોજન સ્વરૂપમાં ઉપ યોગ થાય છે. જ્યારે, બાકીનું યુરીયા ખાતરનો વ્યય થાય છે. ખાતરનો વ્યય અટકાવીને જમીનનું સ્વાસ્થ્ય જાળવવા માટે નેનો યુરિયા શ્રેષ્ઠ વિકલ્પ છે.

કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, ખેડૂતો દાણાદાર યુરિયાના સ્થાને નેનો યુરીયાનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત થાય તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે આ વર્ષે નવી પ્રોત્સાહક યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત નેનો યુરિયાની ખરીદી પર ખેડૂતોને પ્રતિ હેક્ટર વધુમાં વધુ રૂ. ૭૫૦ની મર્યાદામાં સીધી ખરીદ કિંમત પર સહાય આપવામાં આવશે. વર્ષ ૨૦૨૪ ૨૫ દરમિયાન આ યોજના અંતર્ગત ૪૫ લાખ નેનો યુરીયાની બોટલ પર સહાય આપવામાં આવશે. નેનો યુરીયાના વપરાશને પ્રોત્સાહિત કરતી આ યોજના માટે અંદાજપત્રમાં રૂ. ૪૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

# આગામી વર્ષ સુધી આવી જશે ડેન્ગ્યુની રસી, ત્રીજા તબક્કાના ટ્રાયલ પણ પૂરા થવાની તૈયારી



નવી દિલ્હી, તા.૮

દેશનું આરોગ્ય મંત્રાલય આગામી વર્ષ સુધી ડેન્ગ્યુની રસી ભારતમાં લોન્ચ કરી શકે છે. હાલ ચાર કંપ નીઓ રસી પર ટ્રાયલ કરી રહી છે. ત્રીજા તબક્કાનું ટ્રાયલ પૂર્ણ થવાની સાથે જ આ રસી બજારમાં મૂકવામાં આવશે.

નોંધનીય છે કે, ઓક્ટોબરમાં ડેન્ગ્યુના કેસો પીક પર રહેશે. ગતવર્ષની તુલનાએ આ વર્ષે ડેન્ગ્યુના સૌથી વધુ ૩૨૦૯૧ કેસો નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સચિવ અપૂર્વ ચંદ્રે જણાવ્યું હતું કે, અમે ડેન્ગ્યુ સંદર્ભે રાજ્યો સાથે બેઠક કરી વધી રહેલા કેસોને નિયંત્રણમાં લેવા માર્ગદર્શિકા તૈયાર કરી છે. ઓગસ્ટ, સપ્ટેમ્બર, ઓક્ટોબર અને નવેમ્બરમાં વરસાદની સિઝનમાં ડેન્ગ્યુના કેસો વધુ નોંધાય છે. ઓક્ટોબરમાં ડેન્ગ્યુના કેસ પિક પર હોય છે અને બાદમાં ઘટવા લાગે છે.

૨૦૦૦ સુધી ડેન્ગ્યુથી થતા મૃત્યુનો આંક ૩ ટકા હતો. જે ઘટી ૧ ટકા થયો છે. ડેન્ગ્યુ મામલે તમામ રાજ્યો સાથે બેઠક યોજી હતી. જેમાં રાજ્યોને માર્ગદર્શિકા આપવામાં આવી હતી. તમામ રાજ્યોને તેનાથી બચવાના ઉપાયો જણાવવામાં આવ્યા હતા.

આ અંગે વધુ માહિતી આપતા અપૂર્વ ચંદ્રાએ કહ્યું કે ચોમાસાની શરૂઆતથી, દેશના દક્ષિણ ભાગમાં ડેન્ગ્યુના વધુ કેસ જોવા મળી રહ્યા છે જેમાં આંધ્રપ્રદેશ, તેલંગાણા, કર્ણાટક અને તમિલનાડુ સમાવિષ્ટ છે. આ સાથે મહારાષ્ટ્ર અને ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ડેન્ગ્યુના કેસ પણ જોવા મળી રહ્યા છે. ગયા વર્ષની સરખામણીમાં આ વખતે મહારાષ્ટ્રમાં વર્ષના પ્રથમ સાત મહિનામાં ડેન્ગ્યુના કેસો ૮૩ ટકા વધ્યા છે. જાન્યુઆરી અને જુલાઈ ૨૦૨૩ દરમિયાન મહારાષ્ટ્રમાં ૩,૧૬૪ કેસ નોંધાયા હતા, જ્યારે આ વર્ષના પ્રથમ સાત મહિનામાં ૫,૭૭૬ કેસ નોંધાયા છે. આ વર્ષે અત્યાર સુધીમાં કર્ણાટક માં ડેન્ગ્યુના ૧૯,૦૦૦થી વધુ કેસ નોંધાયા છે. પશ્ચિમ બંગાળમાં પણ ડેન્ગ્યુના કેસ ઝડપથી વધી રહ્યા છે, જ્યાં અત્યારસુધીમાં ઓછામાં ઓછા ૨,૬૪૦ લોકો ડેન્ગ્યુનો ભોગ બન્યા છે.

ડેન્ગ્યુ એ મચ્છરજન્ય વાયરલ રોગ છે જે મોટે ભાગે પાણીમાં થાય છે. તેના લક્ષણોમાં વધુ પડતો તાવ, માથાનો દુખાવો, ઉલટી, સ્નાયુઓ અને સાંધાના દુખાવાની સાથે ત્વચામાં ખંજવાળ અને ફોલ્લીઓ થવી વગેરે સામેલ છે.

# ઓલિમ્પિક વિનર સ્વપ્નિલ કુસાલનું પૂણેમાં ભવ્ય સ્વાગત



મુંબઈ, તા.૮

પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારતને ત્રીજો મેડલ અપાવનાર શૂટર સ્વપ્નિલ કુસાલે ભારત પરત ફર્યો છે. સ્વપ્નીલે પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશનમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ ઈવેન્ટમાં મેડલ જીતનાર તે પ્રથમ ભારતીય ખેલાડી બન્યો હતો. તેણે ફાઇનલમાં ૪૫૧.૪ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. પેરિસમાં બ્રોન્ઝ મેડલ જીત્યા બાદ સ્વપ્નિલ ભારત પહોંચ્યો ત્યારે તેનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. પુણે એરપોર્ટનો વીડિયો ન્યૂઝ એજન્સી દ્વારા શેર કરવામાં આવ્યો છે, જ્યાં ઢોલ વગાડીને તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં પેરિસ ઓલિમ્પિક ૨૦૨૪માં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીતનાર સ્વપ્નિલ કુસાલે ભારત પરત ફર્યો છે. પૂણે એરપોર્ટ પર સ્વપ્નિલ કુસલેનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવી રહ્યું છે, જેમાં તેના ગળામાં ફૂલોની માળા પહેરાવીને મેડલ જીતવા બદલ તેને અભિનંદન આપવામાં આવી રહ્યાં છે. પેરિસ ઓલિમ્પિક્સ ૨૦૨૪માં પુરુષોની ૫૦ મીટર રાઈફલ ૩ પોઝિશન ઈવેન્ટની ફાઇનલમાં સ્વપ્નિલ કુસલે ખાસ શરૂઆત કરી શક્યો ન હતો. તેણે ઘૂંટણિયે શૂટ કરીને ૧૫૩.૩ સ્કોર કર્યો (પહેલો શોટ – ૫૦.૮, બીજો શોટ – ૫૦.૯, ત્રીજો શોટ – ૫૧.૬). આ સમયગાળા દરમિયાન તે છઠ્ઠા સ્થાને રહ્યો. આ પછી, તેણે પ્રોનમાં શાનદાર કમબેક કર્યું અને ૧૫૬.૮ (પહેલો શોટ- ૫૨.૭, બીજો શોટ- ૫૨.૨, ત્રીજો શોટ- ૫૧.૯) સ્કોર કર્યો.અહીંથી સ્વપ્નિલે મેચમાં જોરદાર કમબેક કર્યું હતું. સ્ટેન્ડિંગમાં તેણે પોતાનો સ્કોર ૪૨૨.૧ પર પહોંચાડ્યો. આ પછી તે ત્રીજા સ્થાને પહોંચીને બ્રોન્ઝ મેડલ જીત્યો.

# જો બાંગ્લાદેશમાં અશાંતિ ચાલુ રહેશે તો કેટલાક લોકોને ભારતમાં આવવાની ફરજ પડશે : હિમંતા



ગોવાહાટી,તા.૮

બાંગ્લાદેશમાં એક મહિના કરતાં વધુ સમય સુધી ચાલેલા અનામત વિરોધી આંદોલને શેખ હસીનાને પદ છોડવાની ફરજ પાડી હતી. આવતીકાલે નોબેલ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર શપથ લેશે, પરંતુ બાંગ્લાદેશમાં સ્થિતિ હજુ પણ તંગ છે. ભારત સરકાર સતત સ્થિતિ પર નજર રાખી રહી છે અને બાંગ્લાદેશ સરહદ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે.

બાંગ્લાદેશમાં ચાલી રહેલા હિંસક વિરોધને કારણે ઘણા લોકોને દેશ છોડવાની ફરજ પડી છે, હજારો બાંગ્લાદેશીઓએ બંગાળ સરહદ પર ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.પશ્ચિમ બંગાળના જલપાઈ ગુડીમાં બાંગ્લાદેશ બોર્ડર પર બીએસએફ એ ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા લોકોને અટકાવ્યા હતા.

મળતી માહિતી મુજબ, હજારો બાંગ્લાદેશીઓ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશની સરહદ પર આ આશા સાથે ઉભા છે કે ભારત તેમને પ્રવેશની મંજૂરી આપશે. આ લોકોનું કહેવું છે કે જો તેઓ પાછા ફરશે તો હિંસામાં તેમની હત્યા થઈ શકે છે. પરંતુ આવી ઘૂસણખોરી ભારતની સુરક્ષા માટે મોટો ખતરો બની શકે છે, તેથી બીએસએફ ના જવાનો સરહદ પર સઘન ચેકિંગ અને કડક દેખરેખ રાખી રહ્યા છે. આ ઉપરાંત બીએસએફના જવાનો પણ સરહદી ગામડાઓમાં લોકો સાથે બેઠકો કરીને તેમને સરહદ પારથી કોઈને આશ્રય ન આપવા માટે જાગૃત કરી રહ્યા છે. બીએસએફના જવાનોએ પણ ચેક પોસ્ટ પર પેટ્રોલિંગ શરૂ કરી દીધું છે. તે જ સમયે, આસામના મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ કહ્યું છે કે બાંગ્લાદેશની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે, તેમણે કહ્યું છે કે, “જો બાંગ્લાદેશમાં આવી અશાંતિ ચાલુ રહેશે, તો કેટલાક લોકો ભારત આવવા માટે મજબૂર થશે, તેથી આપણે સુરક્ષિત કરવાની જરૂર છે. તેમણે કહ્યું છે કે શેખ હસીનાની સરકાર દરમિયાન બાંગ્લાદેશમાંથી ઉત્તર-પૂર્વના તમામ આતંકવાદી જૂથોને ખતમ કરી દેવામાં આવ્યા હતા, પરંતુ હવે આપણા માટે ચિંતાનો વિષય હશે કે બાંગ્લાદેશ ફરી એકવાર આવા આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રય બની શકે છે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે લગભગ ૪૦૦૦ કિલોમીટર લાંબી સરહદ છે. જેમાંથી સૌથી મોટો ભાગ, લગભગ ૨૨૦૦ કિલોમીટર, પશ્ચિમ બંગાળ રાજ્યમાં આવેલો છે. આ સિવાય બાંગ્લાદેશ તેની સરહદ ભારતના આસામ, ત્રિપુરા, મિઝોરમ અને મેઘાલય સાથે પણ વહેંચે છે. આવી સ્થિતિમાં ભારત માટે સરહદ પર સુરક્ષા વધારવી અને ઘૂસણખોરીના પ્રયાસોને રોકવા ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે.

# કચ્છ જિલ્લા પ્રભારીએ કંડલા પોર્ટની મુલાકાત લીધી



ગાંધીધામ, તા.૮

જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરિયા કચ્છના એક દિવસીય પ્રવાસે છે.તેઓએ ગાંધીધામ ખાતે દિનદયાળ પોર્ટ-કંડલા પોર્ટની મુલાકાત લઈને પોર્ટ કામગીરી અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી. કંડલા પોર્ટ ચેરમેન સુશિલકુમાર સિંઘે પોર્ટ ખાતે આયાત નિકાસ પ્રક્રિયા અંગે પ્રભારી મંત્રીને અવગત કરાવ્યા હતા.આ ઉપરાંત કંડલા પોર્ટ દ્વારા ગાંધીધામ શહેરના વિકાસ માટે કરવામાં આવી રહેલા નિષ્ઠાપૂર્વકના પ્રયાસોને પ્રભારી મંત્રીએ બિરદાવ્યા હતા. પ્રભારીમંત્રીએ દિનદયાળ પોર્ટ ઓથોરિટી તરફથી ગોપાલપુરી કેન્દ્રિય વિદ્યાલયને આપ વામાં આવેલા સહયોગને આવકારદાયક પહેલ ગણાવી હતી. દિનદયાળ પોર્ટ સી.એસ.આર અંતર્ગત આયોજિત ગુરુ નાનક સ્કૂલના વિદ્યાર્થીઓને પ્રોજેક્ટર અને લેપટોપ વિતરણના કાર્યક્રમ હાજરી આપી હતી. આ પ્રસંગે અગ્રણી દેવજી વરચંદ, ગાંધીધામ ધારાસભ્ય શ્રીમતિ માલતી મહેશ્વરી, અગ્રણી ધવલ આચાર્ય, અંજાર પ્રાંત અધિકારી સુનિલ, જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમાર, દિનદયાળ પોર્ટના નાયબ ચેરમેન નંદિશ શુક્લા, પોર્ટના સચિવ. હરિચંદ્રન, ચીફ એન્જિનિયર વી. રવિન્દ્ર રેડ્ડી, કેપ્ટન પ્રદિપ મોહન્તી, પોર્ટ પ્રવક્તા ઓમપ્રકાશ દદલાણી સહિત પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છ યુનિવર્સિટિમાં ભૂગર્ભ જળ વ્યવસ્થાપન ડિપ્લોમા કોર્ષ શરૂ થશે



ભુજ તા.૬

માત્ર કચ્છ જ નહીં પરંતુ આખા દેશમાં ઊંડા ઉતરતા ભૂગર્ભ જળ અને ભૂગર્ભ જળની ખરાબ ગુણવત્તાની સમસ્યા એ હાલના સમયમાં પ્રાણ પ્રશ્ન તરીકે ઊભરી આવી છે.

આ સમસ્યાના નિરાકરણ માટે કામ કરતાં માનવ સંસાધનોની સંખ્યા આખા દેશમાં ખૂબ મર્યાદિત છે, કોઈપણ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને વૈજ્ઞાનિક અભિગમ અને તકનિકની મદદથી આ સમસ્યાનું નિરાકરણ શક્ય છે અને આ વિષયના નિષ્ણાતોની આવનારા સમય માં ખૂબ માંગ રહેવાની છે.

આ અનુસંધાને કચ્છ યુનિવર્સિટિના કુલપતિ મોહન પટેલ અને એસીટી સંસ્થાના ડાયરેક્ટર ડો.યોગેશ જાડેજા એ સંયુક્ત રીતે સહભાગી ભૂગર્ભ જળ વ્યવસ્થાપનનો ડિપ્લોમા કોર્ષ કચ્છ યુનિવર્સિટિ અંતર્ગત ચલાવાની જાહેરાત કરી છે, આ સંદર્ભે બંને સંસ્થા વચ્ચે કરાર પણ થયેલ છે.

કચ્છ યુનિવર્સિટિ અને એસીટી સંસ્થાની આ પહેલ કચ્છના વિધ્યાર્થી ઓ માટે “ઘર બેઠા ગંગા" સમાન સાબિત થશે. અને આ પ્રકારના વોકેશનલ કોર્ષથી રોજગારી માટે ની તકો ઊભી થશે સાથે ભૂગર્ભ જળને લગતી સમસ્યાનું વૈજ્ઞાનિક ઢબે નિરાકરણ પણ આવશે.

બીજી સપ્ટેમ્બર ૨૦૨૪ થી આ એક વર્ષના ડિપ્લોમા કોર્ષની શરૂઆત થવા જઇ રહી છે જેનો ક્રેડિટ ૪૦ પોઈન્ટનું રહેશે.

કોર્ષ વિષેની વિશેષ વિગત માટે કચ્છ યુનિવર્સિટિ અર્થ એન્ડ એન્વાયરમેન્ટ સાઈન્સ ડિપાર્ટમેંટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ.ગૌરવ ચૌહાણ: ૯૯૨૫૬૪૦૬૫૬ અને એસીટી સંસ્થા ના મનોજ સોલંકી: ૯૪૨૭૨૭૩૦૮૭ નો સંપર્ક કરવા જણાવાયું છે.

# માધાપર તાલીમ કેન્દ્ર ખાતે મહિલા કર્મયોગી દિવસની ઉજવણી

## કાર્યક્રમમાં મહિલાઓને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કરાયો મહિલાઓને સરકાર તરફતી મળતા ફાયદા તથા તેની સુરક્ષા માટે ઉભી કરાયેલા વ્યવસ્થા અંગે બેઠકમાં માર્ગદર્શન અપાયુ



ભુજ તા.૮

નારી વંદના ઉત્સવની ઉજવણીના ભાગરૂપે મહિલા કર્મયોગી દિવસની ઉજવણી કચ્છ જિલ્લાના તમામ તાલુ-કામાં કરવામાં આવી હતી ભુજ તાલુકામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને મહિલા અને બાળ અધિકારીના સહયોગથી તાલુકા હેલ્થ કચેરી ભુજના સંયુક્ત ઉપક્રમે તાલુકા હેલ્થ ઓફીસર ડૉ. કેશવ કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા તાલીમ કેન્દ્ર માધાપર ખાતે નારી કર્મયોગી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પીસી પીએનડીટી એક્ટ વિશે તેમજ એમટીપી એક્ટ વિશે માહિતી આપ વામાં આવી હતી.આ કાર્યક્રમમાં મહિલા અને બાળ અધિકારીની કચેરીના મિશન ડિસ્ટ્રીકટ કોર્ડિનેટર ફોરમ વ્યાસે મહિલાઓ સંબંધિત યોજના વિશેની સમજણ આપી હતી.જેમાં બેટી બચાવો બેટી ૫ ઢાઓ-દીકરીઓને શિક્ષણનું પ્રોત્સાહન મળે, સ્ત્રીભૃણ હત્યા અટકે, બાળ લગ્ન બંધ થાય અને દીકરીના જન્મને આવકાર તેમજ વ્હાલી દીકરી યોજના- દીકરી ના જન્મના એક વર્ષની અંદર અરજી કરે તો ત્રણ હપ્તામાં ૧ લાખ ૧૦ હજારની સહાય મળે વગેરે માહિતી આપવામાં આવી હતી. મહિલા સ્વાવલંબન યોજના અંતર્ગત આર્થિક ઉપાર્જન અર્થે બહેનોને ગૃહ ઉદ્યોગ ચલાવવા માટે સરકાર દ્વારા સબસિડી સાથેની લોન મળવાપાત્ર છે. સખી વન સ્ટોપ સેન્ટરના માધ્યમથી ઘરેલું હિંસાથી પિડીત મહિલાઓને પાંચ પ્રકારની મદદ મળી શકે છે જેમાં તબીબી,પોલીસ, કાઉન્સિલિંગ, વકીલની,આશ્રય, પોલીસ સ્ટેશન બેઝ સપોર્ટ સેન્ટર વગેરેનો સમાવેશ થાય છે.એડવો-કેટ માલશ્રી ગઢવીએ જાતીય સતામણીની કાયદાકીય માહિતી આપી હતી.દહેજ પ્રતિબંધક અધિકારી ભરત મકવાણાએ ઘરેલું હિંસા અને દહેજ વિશેની માહિતી આપી હતી.બ્રહ્માકુમારી વિદ્યાલય ભુજના બિનાબેને માનસિક સ્વાસ્થ્ય વિશેની સમજણ સાથે ધ્યાન સહિતના ઉપચારો અંગે જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૮૧ અભયમ્ સંસ્થા ઓમાંથી આવેલી બહેનો સોલંકી ઉજાલા, સુથાર અંજલી હાજર રહ્યા હતા. જેમાં સોલંકી ઉજાલા દ્વારા મહિલાઓને ઉદભવતા પ્રશ્નો અંગે કેવી રીતે ૧૮૧ હેલ્પલાઈન વિશેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ઈન્ચાર્જ જિલ્લા આઈ.ઈ.સી અધિકારી વિનોદ ઠક્કર, તાલુકા હેલ્થ વિઝીટર ગંગા વિંઝોડા,તાલુકા સુપર વાઈઝર આશિત શાહ, કિંચન પટેલ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કલ્પના મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ભુજ કચ્છની યાદીમાં જણાવાયું છે.

# દ્વારકાના હર્ષદ માં રાજ્યના ૨૩મા સાંસ્કૃતિક વન “હરસિદ્ધિ વન”નું મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

**“માતૃવન”ના નિર્માણ અર્થે મુખ્યમંત્રી તેમજ મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરાયું પ્રકૃતિ જતનમાં યોગદાન આપનારા સેવાભાવીઓને “વન પંડિત પુરસ્કાર” તેમજ તાલુકા તથા ગ્રામ પંચાયતોને પુરસ્કાર વિતરણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે એનાયત આગામી માર્ચ મહિના સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૭ કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક**



દ્વારકા,તા.૮

રાજ્યના વન અને પર્યાવરણ વિભાગના ઉપક્રમે આજે દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુર તાલુકાના ગાંધવીમાં હર્ષદ માતાના મંદિરના સાનિધ્યમાં ૭૫મા વન મહોત્સવની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલા “એક પેડ માઁ કે નામ“ અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રી તેમજ મહાનુભાવોના હસ્તે “માતૃ વન”ના નિર્માણ અર્થે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યું હતું કે, “એક પેડ મા કે નામ“ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં સવા સાત કરોડ વૃક્ષો વાવીને ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. આવનારા દિવસોમાં જન જનના સહયોગથી આ અભિયાનને જન આંદોલન બનાવવાનું છે.આજે વિશ્વ ગ્લોબલ વોર્મિંગના પડકારોથીત્રસ્ત છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ધરતી માતાનું ગ્રીન કવચ વધારવાના હેતુ સાથે વિશ્વ પર્યાવરણ દિવસે “એક પેડ માઁ કે નામ“ અભિયાન શરૂ કરાવ્યું છે, તે અંતર્ગત દેશમાં ૧૪૦ કરોડ જેટલા વૃક્ષો વાવવાનો આહવાન કર્યું છે.હર્ષદ ગાંધવી ખાતે નિર્માણ પામેલા ૨૩મા સાંસ્કૃતિક વન-હરસિદ્ધિ વનમાં ૪૧ હજારથી વધુ રોપાઓ વાવવામાં આવ્યા છે. “એક પેડ મા કે નામ“અભિયાન અંતર્ગત આગામી માર્ચ મહિના સુધીમાં સમગ્ર રાજ્યમાં ૧૭ કરોડ વૃક્ષો વાવવાના છે.૭૫મા વન મહોત્સવ અંતર્ગત વન વિભાગ દ્વારા લોકભાગીદારીથી સમગ્ર રાજ્યમાં પાંચ હજાર જેટલા માતૃવનનું નિર્માણ કરાશે.બાળકોમાં વૃક્ષ વાવવાના અને તેના જતનના સંસ્કાર કેળવાય એટલા માટે રાજ્યની ૫૩ હજાર આંગણવાડીઓમાં સવા ત્રણ લાખ વૃક્ષોના વાવેતરનો પ્રારંભ કરી દેવાયો છે. સદભાવના વૃદ્ધાશ્રમ સાથે મળીને દ્વારકા સોમનાથ કોસ્ટલ હાઈવેની બંને બાજુએ ૪૦ હજાર જેટલા વૃક્ષો વાવવાનું આયોજન છે.આ અવસરે ખાસ સિક્કો તથા વિશેષ પોસ્ટલ કવરનું વિમોચન કરવામાં આવ્યું હતું.પાંચ એકરમાં ફેલાયેલા અને રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૦ કરોડના ખર્ચે નિર્મિત હરસિદ્ધિ વનના લોકાર્પણ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લાને બીજા સુંદર સાંસ્કૃતિક વનની ભેટ મળી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### સામાજિક કાર્યકર્તા હેમેન્દ્ર જણસારી ની દિવ્યાંગ સલાહકાર સમિતિ માં વરણી



ભુજ તા.૮


ભારત સરકાર દ્વારા દીવ્યાંગોના અધિકારો ને રક્ષણ તેમજ કલ્યાણ માટે અમલી કરેલ "ધ રાઈટ્સ ઓફ પર્સન વિથ ડીસીબીલીટી એક્ટ ૨૦૧૬" મુજબ રાજ્ય કમિશ્નરશ્રી ની મદદ માટે રાજ્ય સરકાર દ્વારા સલાહકાર સમિતિ ની રચના કરવામાં આવે છે.આ સમિતિ માં કચ્છ ના સામાજિક કાર્યકર્તા અને શ્રી લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ ના મંત્રી હેમેન્દ્ર જણસારી ની વરણી કરવામાં આવી છે.આ સમિતિ ની કામગીરી દીવ્યાંગો ની મદદ કરવા હેતુ કરવામાં આવેલ છે. દિવ્યાંગ જનો ને કોઈ પણ ક્ષેત્રમાં કોઈ અગવડતા ના પડે. તેમજ સરકારશ્રી ની વિવિધ યોજનાઓ નો દિવ્યાંગજનો લાભ લઈ શકે તેવા સતત પ્રયાસો સમિતિ ના સભ્યો દ્વારા કરવામાં આવે છે.અને દીવ્યાંગો ના પ્રશ્નો ને ગાંધીનગર કમિશ્નરશ્રી સુધી પહોચાડવાની કામગીરી આ સમિતિ દ્વારા કરવામાં આવે છે. હેમેન્દ્ર ભાઈ જણસારી એ સમગ્ર કચ્છ માં છેલ્લા ૨૦ વર્ષ થી વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરી રહ્યા. અને પોતે દિવ્યાંગ હોવા છતાં. દીવ્યાંગો માટે સતત કાર્યશીલ રહી સેવાકીય કાર્યો કરી રહ્યા છે. આ રાજ્ય લેવલ ની સમિતિ માં કચ્છ ના હેમેન્દ્રભાઈ ની વરણી એ ખુબજ ખુશી ની વાત છે.આ પ્રસંગે હેમેન્દ્ર જણસારી દ્વારા ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. અને વધુમાં જણાવ્યું હતું કે દીવ્યાગજનો ને કોઈ પણ જાતનો પ્રશ્ન ઉદભવે તો કોઈ પણ સમયે ટેલીફોની અથવા રૂબરૂ મુલાકાત કરી પોતાના પ્રશ્નો રજુ કરી શકે છે.

### ભુજ આરટીઓ માં ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકની કામગીરી અંતે શરૂ

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ભુજ કચ્છ ખાતે ઓટોમેટિક ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકમાં ટેક્નિકલ ખામી સર્જાવાના લીધે ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાની કામગીરી બંધ કરવામાં આવી હતી. જોકે, ૨-વ્હીલર અને ૪- વ્હીલર(એલ.એમ.વી કાર) ટેસ્ટ ટ્રેકની ક્ષતિનું નિવારણ થઈ જતા ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાની કામગીરી આજથી રાબેતા મુજબ ચાલુ કરવામાં આવી છે હવે અરજદારો એપોઈમેન્ટ મેળવીને ડ્રાઈવિંગ ટેસ્ટ આપી શકશે.૧૯ તારીખે ખામી સર્જાયા બાદ ચોક્કસ વાહનોનો ટેસ્ટ થતા તમામ વાહનો માટે ટ્રેક બંધ કરાયો હતો. જો કે હવે તમામ વાહનોનુ ટેસ્ટ થઈ શકશે તો ભુજ ઉપરાંત અંજારમાં ટ્રેક શરૂ થઈ જતા હવે અરજદારોનુ કાર્ય ઝડપી બનશે તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભુજ પ્રદિપસિંહ વાઘેલાએ એક યાદીમાં જણાવ્યુ હતુ જો કે વારંવાર સર્જાતી ખામીને કારણે ભુજનો ટેસ્ટ ટ્રેક અવાર-નવાર બંધ રહેતા અનેક લોકોને હાલાકીનો સામનો કરવો પડે છે.

### ૧૦ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવાની રજુઆત સફળ

છેલ્લા ઘણા સમયથી અમદાવાદ સુધી આવતી લાંબા અંતરની ૧૦ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવા માટે લેખિત તેમજ મોખિક રીતે અવારનવાર રજૂઆત કરતા હતા. આ બાબતે છેલ્લે ભક્તિનગર રેલ્વે સ્ટેશન ઉપર અમૃત મહોત્સવના કાર્યક્રમમાં પણ જાહેર કરેલ હતું કે, ટૂંક સમયમાં રાજકોટને લાંબા અંતરની ટ્રેનો લંબાવી આપવા માટે કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા હકારાત્મક અભિગમ દાખવેલ આમ રજૂઆતના હકારાત્મક પડઘા પડેલ અને અત્યારે અમદાવાદ સુધી આવતી ટ્રેનને રાજકોટ સુધી લંબાવી આપવામાં આવી છે.



રામભાઈની રજુઆતને સફળતા મળી છે પ્રજામાં આનંદની લાગણી ફેલાય ગઈ છે. નીચેની ટ્રેનોને લીલીઝંડી આપી દેવામાં આવી છે.જેમાં ટ્રેન નંબર ૧૯૪૧૩ અમદાવાદ કલકતા એક્ષ્પ્રેસ - વીકલી, ટ્રેન નંબર ૧૧૦૪૯ કોલ્હાપુર એક્ષ્પ્રેસ – વીકલી, ટ્રેન નંબર ૧૯૪૨૧/૨૨ (અમદાવાદ-પટના એક્ષ્પ્રેસ) - વીકલી, ટ્રેન નંબર ૨૨૧૩૮/૩૭ (પ્રેરણા એક્ષ્પ્રેસ – અઠવાડિયામાં ત્રણ દિવસ જેને કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ રજુઆત બાદ સહમતી દર્શાવાઈ છે.

### રોટરીનગર-ટોપહીલ સોસાયટી વિસ્તારોમાં વૃક્ષારોપણ કરાયું



હાલમાં સારા વરસાદ બાદ ઠેરઠેર વૃક્ષારોપણ પ્રવૃતિ કરાઇ રહી છે ત્યારે નવી રાવલવાડી રિલોકેશન સાઇટ રોટરીનગર-ટોપહીલ સોસાયટી ઓનાં રહેવાસીઓ દ્વારા વૃક્ષારોપણ કાર્યનો પ્રારંભ કરાયો હતો. નગરસેવક મનુભા જાડેજા, ઘનશ્યામ ઠક્કર, મનીષા સોંલકીનાં માર્ગદર્શન હેઠળ ધાર્મિક મંત્રોચ્ચાર સાથે વૃક્ષારોપણ કાર્યનો પ્રારંભ કરાયો હતો. જેમાં રહેવાસીઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. આગેવાનોનાં વરદ્ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવેલ. સમગ્ર વ્યવસ્થા કાર્યકર ભાઇ બહેનોએ સંભાળી હતી.

# ભારતીય સંસ્કૃતિના જતન સાથે જે દેશમાં રહેતા હો તે દેશના નિયમો પ્રમાણે વર્તવું



**સિકોકસ ન્યૂજર્સી સ્વામિનારાયણ મંદિરનો ૨૩મો ત્રિદિવસીય પ્રતિષ્ઠોત્સવ વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે સંપન્ન થયો**

અમદાવાદ તા.૮

સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીની અધ્યક્ષતામાં સ્વામિનારાયણ મંદિર, સિકોકસ ન્યૂજર્સી મંદિરનો ૨૩મા ત્રિદિવસીય પ્રતિષ્ઠોત્સવ વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે સંપન્ન થયો હતો. હરિકૃષ્ણ મહારાજનું ષોડશોપ ચારથી પૂજન, અર્ચન, વિવિધ ગ્રંથોની પારાયણ પણ યોજાઈ હતી. પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ પણ ભવ્ય રીતે ઉજવાયો હતો અને શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ અંતર્ગત સ્વામિ નારાયણ ભગવાનની દિવ્ય વાણી આચારસંહિતા એવી શિક્ષાપત્રીનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવ પ્રસંગે યુ.એસ કોંગ્રેસ મેન રોબ મેનનડેઝ, સિકોકસ સીટીના મેયર માઈક ગનેલી સાથે કાઉન્સિલ મેમ્બર્સ રોબ કોન્સ્ટાટીને, જોન ગેર્સબાસીઓ, સિકોકસ પોલીસ ચીફ ડેનીસ મીલર, જજ જોસેફ ટૂલા, હડસન કાઉન્ટી, સુપીરીયર કોર્ટ જજ, સિકોકસ એસેમ્લી મેન, નોર્થ બર્ગન જુલીઓ મારેન્ડો, જેમ્સ અનઝાલડી, મેયર કલીફટન એન્ડ રીપ્રેન્ટીગ યુ.એસ કોંગ્રેસ મેન બીલ પાસક્રેલ, માર્ક કોમ્યુનિકેશન ડાયરેક્ટર ફોમ હડસન કાઉન્ટી એક્ઝિક્યુટિવ ઓફિસર, રમણ પટેલ પૂર્વ કોન્સ્યુલેટ જનરલ ડોમીનીકન, આન્દ્રિ સાટોક, પેટરસન સીટી મેયર, ડો.જયેશ પટેલ જર્સી સીટી ઈન્ડીયન કોમ્યુનિટી લીડર વિગેરે મહાનુભાવો પધાર્યા હતા, કોંગ્રેસ મેન બીલ પ્રાસકેલે તથા ન્યૂ જર્સી સ્ટેટ એસેમ્લીમેન જુલીઓએ આચાર્ય સ્વામી મહારાજને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. નાસાના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ તેમના સાથી સાથે અવકાશમાંથી હેમખેમ પરત ફરે તે માટે પ્રાર્થના સભા યોજાઈ હતી. જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે, જે દેશમાં રહેતા હો તે દેશના નિયમો પ્રમાણે વર્તવું, સાથે ભારતીય સંસ્કૃતિનું જતન થાય તે માટે હાકલ કરી હતી. આ મહોત્સવમાં મહંત સદ્‌ગુરુ શાસ્ત્રી ભગવત્પ્રિયદાસજી સ્વામી, મુનિભુષણદાસજી સ્વામી, દિલ્હી મંદિર મહંત ધર્મનંદનદાસજી સ્વામી વિગેરે વરિષ્ઠ સંતમંડળ તથા દેશ વિદેશના હરિભક્તોનો પણ ઉપસ્થિત રહ્યા હોવાનું મહંત સદ્‌ગુરુ શાસ્ત્રી ભગવત્પ્રિયદાસજી સ્વામીની યાદીમાં જણાવાયું હતું.

## રાજ્યના શિક્ષણ મંત્રીને શિક્ષણ, શિક્ષક સંબંધિત રજૂઆતો કરાઈ



ભુજ તા.૮

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-કચ્છ જિલ્લાની ટીમ દ્વારા રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી તેમજ કચ્છ જિલ્લા પ્રભારી પ્રફુલ પાનસેરિયા સાથે ભુજ મધ્યે શુભેચ્છા મુલાકાત કરી શિક્ષણ અને શિક્ષકોના પ્રશ્નો સંદર્ભમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ તકે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ-કચ્છ માધ્યમિક સરકારી અધ્યક્ષ નયન વાંઝા તેમજ માધ્યમિક ગ્રાન્ટેડ સંવર્ગ અધ્યક્ષ અલ્પેશ જાનીએ કચ્છમાં શિક્ષકોની ઘટ તેમજ તેની કાયમી પરિપૂર્તિ બાબતે તેમજ પ્રસુતિ અને બીજી અન્ય લાંબી રજાઓ દરમિયાન શૈક્ષણિક કાર્ય શાળામાં ન બગડે એ માટે વચગાળાની રાહતરુપ પ્રવાસી શિક્ષકોથી ખાલી જગ્યાઓ ભરવા રજૂઆત કરી હતી. સરકારી માધ્યમિક મહામંત્રી શૈલેન્દ્રસિંહ જાડેજા, કોષાધ્યક્ષ અમોલ ધોળકીયા, સહ સંગઠનમંત્રી જયકુમાર જોષી સહિતના કાર્યકર્તાઓ સાથે રહ્યા હતા.

## ભુજ ખાતે જિલ્લા શિક્ષક સમાજ દ્વારા શિક્ષણ મંત્રીનું સન્માન



ભુજ તા.૮

તાલુકા,જિલ્લા અને રાજ્ય સંગઠનની વખતો વખતની રજૂઆતના અંતે ઘણા લાંબા સમય બાદ એચ. ટાટ આચાર્યોના બદલીના નિયમો જાહેર કરવામાં આવતા આજે ભુજ ખાતે પધારેલ રાજ્ય કક્ષાના શિક્ષણ મંત્રી અને કચ્છ જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલ્લ પાનસેરિયાનું કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષક સમાજ દ્વારા કચ્છી પાઘડી, શાલ અને પુસ્તક વડે અભિવાદન કરવામાં આવ્યું હતું. આ તકે ભુજ મત વિસ્તારના ધારાસભ્ય કેશુ પટેલ ઉપરાંત કચ્છ જિલ્લાના રાજ્યના પદનામિત હોદ્દેદાર હરિસિંહ જાડેજા, જિલ્લા સંઘના ખજાનચી ધર્મેન્દ્રસિંહ જાડેજા, સિનિયર ઉપપ્રમુખ જીતેન્દ્ર ઠક્કર, ભુજ તાલુકા પ્રાથમિક શિક્ષક સમાજના પ્રમુખ ઘનશ્યામસિંહ જાડેજા, મહામંત્રી મેહુલ જોષી, સરકારી માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ દિવ્યરાજસિંહ જાડેજા સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છ જિલ્લા ભાજપ દ્વારા હર ઘર તિરંગા અંતર્ગત અગત્યની બેઠક યોજાઇ

**દેશભાવના જગાડવા માટે કાર્યક્રમની સફળતા અનિવાર્ય છે ત્યારે ભાજપ દ્રારા રેલી,ઘર-ઘર તિરંગા સહિતના કાર્યક્રમો યોજવામા આવશે પ્રભારી ખાસ બેઠક માટે ઉપસ્થિત રહ્યા**



કચ્છ જિલ્લા ભાજપ દ્વારા આ-જરોજ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજી વરચંદની આગેવાનીમાં આગામી તારીખ ૧૧ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન યોજાનાર હર ઘર તિરંગા અભિયાન અંતર્ગતના વિવિધ કાર્યક્રમો અંગે તમામ ૧૭ મંડળો માંથી ઉપસ્થિત એવા અપેક્ષિત શ્રેણીના કાર્યકરો સાથે મનોમંથન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર અભિયાન અંતર્ગત વિશેષ માર્ગદર્શન આપવામાટેકચ્છનાપ્રભારીમંત્રીપ્રફુલ પાનસેરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દેવજી વરચંદે વિવિધ કાર્યક્રમો અંગે જણાવ્યું હતું કે તિરંગો એ ભારતની શાન અને ગૌરવ નું પ્રતીક છે.આ અભિયાન અંતર્ગત ભારતીય જનતા પાર્ટીનો મુખ્ય ઉદેશ ઘર ઘર પર તિરંગો લહેરાય અને સરવાળે આખાયે દેશમાં રાષ્ટ્રભક્તિનો એક અનેરો માહોલ ઊભો કરવાનો છે. કચ્છ જિલ્લા ભાજપ દ્વારા જિલ્લાના તમામ ૧૭ મંડળોમાં બહુવિધ પ્રકારના કાર્યક્રમો હાથ ધરવામાં આવશે.આ અભિયાન અંતર્ગત વિવિધ રેલીઓનું આયોજન કરવામાં આવશે, દેશના મહાપુરુષો ને આ પ્રસંગે યાદ કરવામાં આવશે તેમજ ભાગલાના કાળા દિવસને પણ વિભાજન વિભીશિકા દિવસ તરીકે મનાવવામાં આવશે.આ અંગે વિસ્તૃત માં વાત કરતા કચ્છના પ્રભારી મંત્રી એવા પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું કે પ્રત્યેક ભારતીયના ઘર પર તિરંગો લહેરાતો જોવો એનાથી વિશેષ બીજી કોઈ આનંદની ઘડી હોઈ ના શકે.વધુમાં ભારતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અત્યંત દ્રઢ અને મજબૂત વિદેશ નીતિના ફળસ્વરૂપે ભારતની વિશ્વ ફલક પર અદકેરુ ગૌરવ અપાવીને વિશ્વકક્ષાના એક મજબૂત નેતા તરીકે પ્રસ્થાપિત થયા છે ત્યારે દેશમાં જ એકતા અખંડિતતા અને રાષ્ટ્રિયતાનો સાર્વત્રિક માહોલ જળવાઈ રહે એવા શુભાશયથી આ પ્રકારના કાર્યક્રમની સફળતા અત્યંત ઈચ્છનીય છે.અભિયાન અંતર્ગત જિલ્લા ભાજપના તમામ ૧૭ મંડલો ખાતે તારીખ ૧૧ થી ૧૩ ઓગસ્ટ દરમિયાન યુવા મોરચા દ્વારા મંડલ કક્ષાની પદયાત્રા રેલીનું આયોજન કરવામાં આવશે. તારીખ ૧૨ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન વિવિધ મહાનુભાવોની પ્રતિમાઓની સ્વચ્છતા હાથ ધરી તેમને અંજલી અર્પણ કરવામાં આવશે. ૧૪ ઓગસ્ટના વિભાજન વિભીશિકા દિવસના રોજ ભાગલા વખતની દારૂણ પીડા દર્શાવતી પ્રદર્શની સહિતના કાર્યક્રમો આયોજન હાથ ધરવામાં આવશે. તારીખ ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમિયાન પ્રત્યેક ઘર, કચેરી, કાર્યાલય જેવા વિવિધ સ્થળોએ તિરંગો ફરકાવાય એ પ્રકારના આયોજનો ઘડી કાઢવામાં આવશે તેમજ ૧૮ ઓગસ્ટે મંડળ સહ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્ર પ્રજાપતિએ કર્યું હતું જ્યારે આભાર વિધિ હર ઘર તિરંગા અભિયાનના સહ ઈન્ચાર્જ એવા જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ શીતલ શાહે કરી હતી. આ બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ધારાસભ્યો કેશુ પટેલ, ત્રિકમ છાંગા, માલતી મહેશ્વરી, જિલ્લા ભાજપ મહામંત્રીઓ દિલીપ શાહ, ધવલ આચાર્ય, જિલ્લા ભાજપના હોદ્દેદારો, વિવિધ મંડળના પ્રમુખ, મહામંત્રીઓ, વિવિધ સ્થાનિક સ્વ રાજ્યના પ્રમુખ, કારોબારી ચેરમેન સહિત સેલ મોરચાના કન્વીનર, સહ કન્વીનર તેમજ અપેક્ષિત શ્રેણીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

## માધાપર કન્યાશાળામાં 'પુસ્તક પરબ' દ્વારા મિત્રતા દિવસની અનોખી ઉજવણી કરાઈ



ભુજ તા.૮

માધાપર કન્યાશાળામાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલોપમેન્ટના પ્રમુખ રસનીધિ અંતાણી, જાણીતા કેળવણીકાર તથા હરેશ ધોળકિયા તેમજ માતૃછાયા કન્યા વિદ્યાલયના પુસ્તકપ્રેમી શિક્ષિકા જાગૃતીબેન વકીલના હસ્તે પુસ્તક પરબનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. પુસ્તકથી શ્રેષ્ઠ કોઈ મિત્ર નથી, ત્યારે મિત્રતા દિવસની અનોખી ઉજવણી રૂપે શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા પુસ્તક પરબનું સંચાલન મહિનાના પ્રથમ અને તૃતીય રવિવારે કરવામાં આવશે, ઈન્સ્ટિટ્યૂટ ઓફ યુથ ડેવલોપમેન્ટ સંસ્થા દ્વારા ૧૫૦ જેટલા પુસ્તકો તથા શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની રિયા સોનગરાએ પુસ્તકો ભેટ આપ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પુસ્તક પૂજન દ્વારા કરવામાં આવી હતી શાળા પરિવાર દ્વારા ઉપસ્થિત મહેમાનોને પ્રેરણાપાથેય તેમજ ભગવદ્ ગીતા દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. રસનિધિભાઈએ જીવનમાં મનની તંદુરસ્તી માટે પુસ્તકો વાંચવા જોઈએ, જ્યારે હરેશભાઈએ સફળતાની ચાવી પુસ્તકમાં રહેલી હોય છે, સફળ થવા પણ પુસ્તકોનું વાંચન કરવું જોઈએ એવી શીખ પોતાના વક્તવ્યમાં આપી. શાળાના આચાર્ય નેહાબેન મહેતાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે "પુસ્તકો મનની તાકાત વધારે છે લક્ષ્ય પ્રાપ્તિ અને જીત માટેનું આત્મબળ પૂરું પાડે છે. કાર્યક્રમમાં એસ.એમ. સી.ના સભ્યો,વાલીઓ, વિદ્યાર્થિનીઓ અને શાળા પરિવાર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા હેતલબેન દ્વારા અને આભાર વિધિ શાળાના શિક્ષિકા ડૉ.પલ્લવીબેન દ્વારા કરવામાં આવી હતી. છેલ્લા ૪૦ વરસોથી યુવાઓને દિશા અને ગતિ આપવા વિવિધ પ્રવૃતિઓ કરતી 'ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલપમેન્ટ' ભુજ દ્વારા આજની પેઢીને વધુને વધુ વાંચન વાળવાના પ્રયાસના ભાગરૂપે પુસ્તક પરબને અવારનવાર વાંચન પ્રેમીઓ તરફથી પુસ્તકોની ભેટ મળે છે. છેલ્લા ૧૩ વર્ષોથી હમીરસર કિનારે દર રવિવારે, અને દર મંગળવારે સાંજે આશાપુરા મંદિર ભુજ ખાતે પુસ્તક પરબ અવિરત ચાલે છે.

# હિંડોળા પ્રદર્શનમાં ધર્મ સાથે રાષ્ટ્રપ્રેમ ! ૧૯૭૧ના યુદ્ધ વખતની પ્રતિકૃતિ બનાવાઇ

**હાલ સમગ્ર દેશમાં શ્રાવણ માસ દરમ્યાન શિવ ભક્તી સાથે હિંડોળા ઉત્સવનુ પણ અનેરૂ આકર્ષણ હોય છે ત્યારે ધર્મની સાથે દેશભક્તિ દર્શાવાનો અનેરો પ્રયત્ન માધાપરમા કરાયો છે. જ્યા વિરાંગનાઓને સમર્પિત વિરાંગના હિંડોળા તૈયાર કરવામાં આવ્યા છે જેને આકર્ષણ ઉભુ કર્યુ છે.**



માધાપર, તા.૮

કચ્છનુ માધાપર ગામ હાલ ભગવાનની ભક્તિ સાથે રાષ્ટ્રભાવનાને ઉજાગર કરતા હિંડોળાને કારણે ચર્ચામાં છે. અહી ૧૯૭૧માં ભારત-પાકિસ્તાનના યુદ્ધમાં બોમ્બમારાથી જે રનવેને ૭૨ કલાકની અંદર તૈયાર કરવામાં આવ્યો હતો તેની યાદમાં સ્વામિનારાયણ મંદિર ખાતે ચાલી રહેલા હિંડોળા મહોત્સવમાં વિરાંગનાઓને સમર્પિત વિરાંગના હિંડોળા તૈયાર કરવામાં આવ્યું છે જેમાં યુદ્ધ સમયની પરિસ્થિતિ શું હતી શું દશ્ય હતા તેની પ્રતિકૃતિ તૈયાર કરાઇ છે. શ્રાવણ માસે માધાપરના જુનાવાસમાં આવેલ પ્રસાદી સ્વામિનારાયણ મંદિરમાં માધાપરના ગૌરવશાળી ઈતિહાસને ઉજાગર કરતા હિંડોળા પ્રદર્શનમાં ૧૯૭૧ના યુદ્ધ વખતે ભારત-પાકિસ્તાનના ચાલુ યુદ્ધે બોમ્બમારા વચ્ચે માધાપરની વીરાંગના બહેનોએ જે સાહસ બહાદૂરીથી દેશભાવના બતાવી માધાપરનું નામ ભારતભરમાં રોશન કર્યુ હતુ તેની યાદગીરી રૂપે હિંડોળા દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.. જેમાં રનવે પટ્ટી,૩ વિમાન, કામ કરતા મહિલા-ભાઈઓ, પાવડા,રેતી, કાંકરી,સિમેન્ટ, રનવે પટ્ટી પર પડેલા મોટા ખાડા આબેહૂબ બતાવાયા છે. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન આ મંદિરમાં વિવિધ હિંડોળા પ્રદર્શન કરવામાં આવે છે જેમાં આ પણ દર્શાવાશે જેથી વર્તમાન યુવા પેઢી માધાપરની વીરાંગનાના સાહસને યાદ કરી ગૌરવશાળી ઈતિહાસને સમજે ઘટનાની વાત કરીએ તો ૩ ડિસેમ્બર ૧૯૭૧ના ભુજની એરસ્ટ્રીપ પર પાકિસ્તાનની વાયુસેનાએ ચાર વાર હુમલો કર્યો હતો અને તેના કારણે રનવેના મોટા ભાગના હિસ્સાને નુકશાન થયુ હતુ. જે સ્થિતી વચ્ચે માધાપરની મહિલાઓ આગળ આવીને ચાલુ બોમ્બમારાની વચ્ચે ૭૨ કલાકની અંદર એરસ્ટ્રિપ તૈયાર કરી હતી અને જે પછી વાયુસેનાએ મોરચો સંભાળી પાકિસ્તાનને મુહતોડ જવાબ આપ્યો હતો.આ સાહસ કાર્યમાં ૩૦૦ જેટલી મહિલાઓ જોડાઈ હતી. આમતો આ સાહસથી તમામ આજે વાકેફ છે પરંતુ ભક્તિ સાથે તેને ફરી ઉજાગર કરવાનો પ્રયત્ન માધાપર મંદિરમા કરાયો છે. જે અચુક નિહાળવો એક લાહ્વો છે. કેમકે અહી ધર્મ સાથે દેશભક્તિના પણ દર્શન થશે

# ભુજ સ્વામિનારાયણ મંદિરમાં હરિને હૈયાનાં હેતથી ઝુલાવવાનો હિંડોળા ઉત્સવ

**સ્વામિનારાયણ બાપા ચરિત્રામૃત સાગર સંસ્કૃત ગ્રંથની પંચદિનાત્મક ચાતુર્માસ કથાનું આયોજન**







ભુજ તા.૮

પરંપરાગત હિંડોળા ઉત્સવનો પ્રારંભ થયો છે, સ્વામિનારાયણ ગાદીના આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામી મહારાજની પ્રેરણાથી સંતો, ભક્તોએ મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન સંચાલિત સ્વામિનારાયણ મંદિર, ભૂજમાં 'શ્રી શિક્ષાપત્રી દ્વિશતાબ્દી મહોત્સવ' અંતર્ગત હિંડોળા સજાવ્યાં છે, જેનાં દર્શનથી હજારો ભાવિકો કૃતાર્થ થયા છે. વિવિધ શણગારેલાં હિંડોળામાં સ્વામિનારાયણ ભગવાનને બિરાજમાન કરી સંતો અને હરિભક્તો શાસ્ત્રિય રાગો સાથે ઝુલાવતા હોય, હિંડોળાનાં કીર્તનો ગવાતાં હોય ત્યારે સુંદર અધ્યાત્મિક વાતાવરણ સર્જાય છે. અષાઢ અને શ્રાવણ બે માસ એટલે ભગવાનની ભક્તિમાં તલ્લીન થવાના માસ, દર વર્ષે અષાઢ- શ્રાવણ માસની વરસાદી મોસમમાં હિંડોળાનો ઉત્સવ ઉજવાય છે, હિંડોળા ઉત્સવ એટલે ભગવાનને સ્વહસ્તે ઝુલાવાનો અણમોલ અવસર, ભક્તિની રીત જ એવી છે કે હરિ સંગાથે લાડ કરવાં, એમને જમાડવા, પોઢાડવા અને એમને ઝુલાવવા. હિંડોળાની રચના કરવામાં સૌ ભક્તો પોતાની ઊર્મિઓ ઠાલવે છે કળા અને કસબ, ધન અને શ્રમ એમાં સીંચે છે. આ દિવસો દરમિયાન મંદિરોમાં વિધવિધ હિંડોળા તૈયાર કરવામાં આવે છે. ભગવાનના હિંડોળાને ફૂલોથી, સુકામેવાથી, ફ્રૂટથી, પવિત્રાથી, રાખડીઓથી, મીણબત્તી, પેન, કોડી, શૃંખલા, છીપલાં, મોરપીંછ, સિક્કાઓથી, અગરબત્તી, આદિથી શણગારવામાં આવે છે. સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ અબજીબાપા, જીવનપ્રાણ સ્વામીબાપા તથા વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય પુરુષોત્તમ પ્રિયદાસજી સ્વામીજી મહારાજને આ વર્ષે હિંડોળા પર્વમાં પ્રેમથી અને ભક્તિભાવથી ઝુલાવી હિંડોળાની સેવામાં તન, મન અને ધનથી સેવા કરીને પ્રસન્ન કરવામાં આવી રહ્યા છે. સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ મુક્તજીવન સ્વામીબાપા વિરચિત દેવભાષા સંસ્કૃતમાં શ્રી સ્વામિનારાયણબાપા ચરિત્રામૃત સાગર ગ્રંથની પંચ દિનાત્મક ચાતુર્માસ કથા જેમાં સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ અબજી બાપા તથા સાર્વભૌમ નાદવંશીય પરંપરાનાં અનેકવિધ દિવ્ય ચરિત્રો છે, સ્વામિનારાયણ મંદિર, ભૂજના સંતવર્ય સહજાનંદચરણદાસજી સ્વામી,મહંત ધર્મવત્સલદાસજી સ્વામી, વિવેકભૂષણદાસજી સ્વામી, નિર્દોષસ્વરૂપદાસજી સ્વામી વગેરે સંતો તથા હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં આ ચાતુર્માસ કથાનું રસપાન સંતશિરોમણિ ગુરુપ્રિયદાસજી સ્વામી કરાવી રહ્યા છે.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

### આજે વિશ્વ આદિવાસી દિવસ

# ૧૯૫ દેશો માંથી ૯૦ દેશોમાં ૫૦૦૦ આદિવાસીઓના સમુદાયનો વસવાટ





જાણ્યું અજાણ્યું

ડો.મિહિર એમ.વોરા

૯ ઓગસ્ટ ના વિશ્વ આદિવાસી દિવસ ઉજવાય છે .૪૦૦ પેઢીઓ પહેલા આદિવાસી પરંપરા હતી, જે વિકાસમાં આજે સીમિત બની છે .દેશમાં હાલ ૧૦ કરોડથી વધુ આદિવાસીઓ આજે પણ કરી રહ્યા છે પ્રકૃતિનું સંવર્ધન અને પૂજન, જંગલ, જમીન, નદી, પહાડ, કુદરતના ખોળે વસ્તી આ પ્રજાતીનો આપણે પણ એક અવિભાજ્ય ભાગ હતા, જે વિકાસની દોડમાં તેમનાથી અલિપ્ત થતા ગયા.પેહલા આદિમાનવ, બાદ આદિવાસી, પછી ગ્રામવાસી, કસ્બાવાસી, નગર-શહેરવાસી અને જિલ્લા વાસીઓ અસ્તિત્વમાં આવતા ગયા. આજે માનવ ચાંદ ઉપર પહોંચી ગયો છે પણ તે પ્રકૃતિ અને કુદરતના ખોળે જ્યારે પણ રજા મળે ત્યારે આરામની પળો શોધે છે અને ત્યાં તેને જવું પડે છે.આધુનિક યુગમાં જ્યાં આજનો માનવી પ્રકૃતિના ખોળે વિસામો લેવા જાય છે તે છે આદિવાસી, આદિમાનવ થી લઈ આદિવાસી સુધી આજે પણ માનવીને શાંતિ માટે પ્રકૃતિ જ છે મૂળ અને તે જ આપણા મૂળ નિવાસી આદિવાસી એ મૂળનીવાસી કે હજી કેટલીક સદીઓ અને હાજરો વર્ષો આગળ જઈએ તો આદિમાનવ એટલે પૃથ્વી ઉપર જીવનસૃષ્ટિની ઉત્પત્તિ થી સર્જાયેલા બીજા કોઈ નહિ પણ આપણે જ છે. કાળ ક્રમે વિકસતા જતા આજે આપણે આદિમાનવ, આદિવાસી, ગ્રામજન કે શહેરીજન બની ગયા છે. પણ દેશમાં હજી ૧૦ કરોડથી વધુ એવા લોકો છે જેને પોતાની પ્રકૃતિ, કુદરત, નિસર્ગ, નદી, પહાડ, ઝરણાં, નદી, જમીન અને જંગલ ને છોડ્યા નથી.તેઓ આજે પણ કુદરત વચ્ચે આદિકાલની જેમ નેસર્ગીક જીવન જીવે છે. આદિકાલથી તેઓ કુદરતના સમીપ અને પ્રકૃતિ વચ્ચે જ રહે છે. આપણે તો આજે આધુનિક યુગમાં સાધન સહાય અને ઈ-યુગમાં આવી ગયા પણ આ આદિવાસીઓ આજે પણ પરંપરાગત જીવન ગુજારી રહ્યા છે અને રજા, વેકેશન કે મૂડ ફ્રેશ કરવા આપણે છેવટે તો તેમની પાસે જ જવું પડે છે.ગુજરાતમાં અંબાજીથી લઈ આ-હવા સુધી આદિવાસી પટ્ટી આવેલી છે. આ જિલ્લામાં તેઓની પરંપરા, પહેરવેશ, ઉત્સવ, પ્રાકૃતિક ઈલાજ, માન્યતા, સંસ્કૃતિ, વાદ્યો, મેળા, રીતિ રિવાજ આજે પણ આપણા માટે એક પહેલી અને આશ્ચર્ય જ છે. વાત છે ૪૦૦ પેઢીઓ પેહલાની, અને તેઓ આદિવાસી હતા પરંતુ વિકાસને કારણે પહેલા ગામડાઓ પછી ગામડા ઓ અને અંતે શહેરો બન્યા. જેથી વિભાજન શરૂ થયું જેઓ જંગલમાં રહ્યા તેઓ વનવાસી કહેવાયા, જે ગામમાં રહી ગયા તેઓને ગ્રામીણ અને જેઓ શહેરમાં ગયા તેઓને નગરવાસી કહેવાયા. ભલ્લા, વસુ, અપ્સરા, પિશાચ, સિદ્ધ, મરુડગન, કિન્નર, ચારણ, ભાટ, કિરાત,રીચા,નાગ,વિદ્યાધર,દર્દ,પક્થા (પખ્તુ), આહીર, મેઘ, માનવ, વનારા, નિષાદ, મત્સા, અશ્માકા, કલિંગ, યવન, શિના, શૂર, પુરુ, યદુ, તુર્વશ, અનુ, દ્રુહ્યુ, અલિન, ભાલન, શિવ, કાક, વિષકધ, શિવ ચિન્ધા, સમરા, કોકણ, જંગલ, સાક, પુન્દ્ર, ઓડુ, માલવ, ક્ષુદ્રક, યોધ્યા, જોહિયા, તક્ષક અને લોહાર, મદ્રા, કંબોજ, ભરત વગેરે. ઘટનાક્રમને કારણે આ નામો બદલવામાં આવ્યા હતા. ભારતમાં કન્યાકુમારીથી કાશ્મીર સુધી સફેદ, કાળો, ઘેરો, લાલ અને ઘઉં જેવા રંગ છે. એક જ પરિવારમાં કેટલાક કાળા અને કેટલાક ગોરા, એક જ સમાજમાં કેટલાક કાળા અને કેટલાક ગોરા. તમને દરેક વર્ગમાં દરેક રંગના લોકો મળશે. કાશ્મીરી બ્રાહ્મણો ગોરા છે અને દક્ષિણના બ્રાહ્મણો કાળા છે. દક્ષિણ ભારતમાં મોટા ભાગના લોકો કાળા રંગના છે. હિન્દુઓમાં,મુસ્લિમોમાં,ખ્રિસ્તીઓઅને હિન્દુઓમાં, દલિત અને બ્રાહ્મણો બધા કાળા છે. આ રીતે જો ભારતીયોના નાક અને ચહેરાની વાત કરીએ તો તે ચીન અને આફ્રિકાના લોકોથી સાવ અલગ છે. જો આપણે રંગ વિશે વાત કરીએ, તો ભારતીયોનો રંગ યુરોપ, આફ્રિકાના લોકોથી સંપૂર્ણપણે અલગ છે. અમેરિકન અને યુરોપિયન લોકોના ગોરા રંગમાં અને ભારતના લોકોના ગોરા રંગમાં મોટો તફાવત છે. એ જ રીતે આફ્રિકાના અશ્વેત અને ભારતના અશ્વેતમાં મોટો તફાવત છે. બ્રાહ્મણોમાં કેટલા કાળા અને ઉગ્ર કાળા જોવા મળશે અને દલિતોમાં કેટલા ગોરા જોવા મળશે. કેટલાક આર્યોને મધ્ય એશિયા કહે છે, કેટલાક સાઇબિરીયા, કેટલાક મોંગોલિયા, કેટલાક ટ્રાન્સ કોકેશિયા, અને કેટલાકે સ્કેન્ડિનેવિયાના આર્યોને કહ્યું છે. પરંતુ આ આર્ય આક્રમણ સિદ્ધાંત પર ફરીથી વિચાર કરવાની જરૂર છે. શોધ મુજબ, આર્ય આક્રમણ નામની વસ્તુ ન તો ભારતીય ઈતિહાસના કોઈપણ સમયગાળામાં બની હતી અને ન તો પૃથ્વી પર આર્યન અને દ્રવિડ નામની બે અલગ-અલગ માનવ જાતિઓનું અસ્તિત્વ હતું. આર્ય કોઈ જાતિ ન હતી, પરંતુ એક ચોક્કસ વિચારધારા માં માનતા લોકોનો સમૂહ હતો, જેમાં ગોરા, ઉઘાડા, લોહી, કાળા અને કાળા રંગના તમામ લોકોનો સમાવેશ થતો હતો. વેદોમાં એવો કોઈ પુરાવો નથી જે આર્યો, દાસ અને દસ્યુસ વચ્ચેના વંશીય ભેદને દર્શાવે છે. ભારતમાં રહેતી દરેક વ્યક્તિ આદિવાસી છે, પરંતુ જ્યારથી ભારતીય જંગલોમાં રહેતા આદિવાસીઓએ તેમની પવિત્રતા જાળવી રાખી છે અને તેઓ જંગલના વાતાવરણમાં ખુલ્લામાં રહેતા હતા, ત્યારથી તેમની શારીરિક રચના, રંગ, પરંપરા અને રીતરિવાજો નહોતા. જો કે, આદિવાસીઓ જે હવે ગામડાં, નગરો અને શહેરોના ઘરોમાં રહેવા લાગ્યા છે, તેઓ ચોક્કસપણે ધીમે ધીમે બદલાશે. પ્રારંભિક માનવીઓ પ્રથમ એકો જગ્યાએ રહેતા હતા. ત્યાંથી તે સમય, સમય અને સંજોગ પ્રમાણે આખી દુનિયામાં વસ્યા. વિશ્વભરના લોકોના નાક અને નાક વગેરેમાં સમાનતા જોવા મળે છે કારણ કે તેઓએ હિજરત પછી પણ તેમની જાતિ શુદ્ધતા જાળવી રાખી હતી અને આદિવાસીઓ અથવા આદિવાસીઓ કે જેઓ તેમની જમીન અને જંગલ છોડીને ગયા હતા અને હિજરત કરતી વખતે આ પવિત્રતા છોડી દીધી હતી. તેમનામાં પરિવર્તન આવ્યા. આ પરિવર્તન પણ પર્યાવરણ અને જીવવાના સંઘર્ષમાંથી આવ્યું છે.

ભારતનો આદિવાસી ઈતિહાસ

ભારતના ઉત્તરીય પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઉત્તરાંચલ અને હિમાચલ પ્રદેશમાં, લેપ્ચા, ભુટિયા, થારુ, બક્સા, જોન સારી, ખમ્પ તી, કનોટા જાતિઓ અગ્રણી છે. પૂર્વોત્તર પ્રદેશમાં (આસામ, મિઝોરમ, નાગાલેન્ડ, મેઘાલય વગેરે), લેપચા, ભારી, મિસ્મી, દાફલા, હમર, કોડા, વુકી, લુસાઈ, ચકમા, લખેર, કુકી, પોઈ, મોનપાસ, શેરદુક પાસ અગ્રણી છે. પૂર્વીય પ્રદેશમાં (ઓરિસ્સા, ઝારખંડ, સંથાલ, બંગાળ), જુઆંગ, ખોડ, ભૂમિજ, ખારિયા, મુંડા, સંથાલ, બિરહોર હો, કોડા, ઉરાવ વગેરે જાતિઓ અગ્રણી છે. આમાં સંથાલ સૌથી મોટી જાતિ છે. પશ્ચિમ ભારતમાં (ગુજરાત, રાજસ્થાન, પશ્ચિમ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર), ભીલ, કોળી, મીના, ટાકણકર, પારધી, કોરકુ, પાવરા, ખાસી, સહરિયા, આંધ્ર, ટોકે કોળી, મહાદેવ કોળી, મલ્હાર કોળી, ટાકંકર વગેરે છે. અગ્રણી દક્ષિણ ભારતમાં (કેરળ, કર્ણાટક વગેરે) કોટા, બગાડા, ટોડા, કુરુમ્બા, કાદર, ચેંચુ, પુલિયન, નાયક, ચેટ્ટી મુખ્ય છે. ટાપુ પ્રદેશમાં (આંદામાન-નિકોબાર વગેરે), જારાવા ઓંગે, ગ્રેટ આંદામાનીઝ, સેન્ટી નેલીઝ, શોમ્પેન્સ અને બો, જાખા વગેરે જાતિઓ અગ્રણી છે. આમાં ની કેટલીક જાતિઓ જેમ કે લેપ્ચા, ભુતિયા વગેરે. ઉત્તર ભારતની જાતિઓ મોંગોલ જાતિની છે. બીજી તરફ કેરળ, કર્ણાટક અને ટાપુ પ્રદેશની કેટલીક પ્રજાતિઓ નેગ્રો જાતિની છે. ભારતમાં લગભગ ૪૬૧ જાતિઓ છે. ઉપરોક્ત તમામ આદિવાસીઓનો ધર્મ હિંદુ છે, પરંતુ ધર્માંતરણને કારણે હવે તેઓ ખ્રિસ્તી, મુસ્લિમ અને બૌદ્ધ પણ છે. ભારતના આદિવાસીઓનો ધર્મ શું છે તે અંગે અનેક પ્રકારની મૂંઝવણો સર્જાય છે. આ ભ્રમ આધુનિક સમયના રાજકારણને કારણે છે જે ૩૦૦ વર્ષથી ચાલી આવે છે.

## ભારતના આદિવાસીઓનો મૂળ ધર્મ શૈવ ધર્મ

ભારતના આદિવાસીઓનો મૂળ ધર્મ શૈવ ધર્મ છે. તેઓ શિવલિંગની પૂજા કરે છે, ભગવાન શિવની મૂર્તિની નહીં. શિવ ઉપરાંત તેમના ધર્મના દેવતા ભૈરવ, કાલિકા, દસ મહાવિદ્યાઓ અને લોકદેવતાઓ, કુળ દેવતાઓ, ગ્રામ દેવતાઓ છે.ભારતની પ્રાચીન સભ્યતામાં પણ શિવ અને શિવલિંગ સંબંધિત અવશેષો જોવા મળે છે, જે દર્શાવે છે કે પ્રાચીન ભારતના લોકો શિવની સાથે પ્રાણીઓ અને વૃક્ષોની પૂજા કરતા હતા. ભગવાન શિવને આદિદેવ, આદિનાથ અને આદિયોગી કહેવામાં આવે છે. આદિનો અર્થ સૌથી પ્રાચીન, પ્રથમ અને આદિમ છે. શિવ આદિવાસીઓના દેવ છે. શિવ પોતે આદિવાસી હતા. આર્યો સાથેના તેમના જોડાણને કારણે, આર્યોએ તેમને તેમના દેવોની શ્રેણીમાં મૂક્યા. આર્યો શિવની પૂજા કરતા ન હતા, પરંતુ પ્રાચીન કાળથી આદિવાસીઓના દેવતા શિવ રહ્યા છે. મૂળભૂત રીતે આદિવાસીઓનો પોતાનો ધર્મ છે. તેઓ શિવ અને ભૈરવની સાથે પ્રકૃતિના ઉપાસક છે અને જંગલો, પર્વતો, નદીઓ અને સૂર્યની પૂજા કરે છે. તેઓના પોતાના અલગ લોક દેવતા, ગ્રામ દેવતા અને કુળ દેવતા છે. નાગવંશી આદિવાસીઓની જેમ અને તેમની પેટા આદિવાસીઓ સાપની પૂજા કરે છે. સિંધુ ખીણની સંસ્કૃતિમાં શિવ જેવા પ્રાણીઓથી ઘેરાયેલું જોવા મળેલું શિલ્પ સાબિત કરે છે કે આદિવાસીઓ પણ સિંધુ ખીણની સંસ્કૃતિ સાથે સંબંધિત હતા.

## સમગ્ર વિશ્વમાં આદિવાસી દિવસનુ મહત્વ

બીજા વિશ્વ યુદ્ધ પછી આખા વિશ્વમાં શાંતિ સ્થાપવાની સાથે સાથે વિશ્વના દેશોમાં પારસ્પરિક મૈત્રી પૂર્ણ સમન્વય બનાવવા એક બીજાના અધિકારો અને સ્વતંત્રતાને સમાન વધારો કરવો વિશ્વમાંથી ગરીબી તદઉપરાંત શિક્ષા, સ્વાસ્થ્ય પર વિકાસને કેન્દ્રિત કરી તેનો વધારો કરવા ૨૪ ઓક્ટોબર ૧૯૪૫ માં સયુંકત રાષ્ટ્ર સંઘની રચના કરવામાં આવી હતી જેમાં અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ, બ્રિટન અને ભારત સહિત વર્તમાન સમયમાં જેમાં ૧૯૩ દેશ જેના સદસ્ય છે તેમનાં ગઠન (સંગઠન)ના ૫૦ વર્ષ પછી સયુંકત રાષ્ટ્ર સંઘએ એવું મહેસુસ કર્યું કે ૨૧ મી સદીમાં વિશ્વના વિભિન્ન દેશોમાં વસવાટ કરી રહેલાં જનજાતિ આદિવાસી સમુદાય તેમની ઉપેક્ષા, ગરીબી, નિરક્ષરતા, સ્વાસ્થ, સુવિધાનો અભાવ બેર-ોજગારી તેમજ ભટકતું જીવન, મજૂરી જેવી સમસ્યાથી પૂર્ણત છે.જનજાતિની ઉપરોક્ત સમસ્યાઓના નિરાકરણ હેતુ વિશ્વના ધ્યાનાકર્ષણ માટે ૧૯૯૪ માં સયું-કત રાષ્ટ્ર સંઘની મહાસભા દ્વારા પ્રતિ વર્ષ ૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ મનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. ત્યાર પછી વિશ્વ તેમજ અમેરીકા મહા દ્વિપ, આફ્રિકા મહા દ્વિપ, એશિયા મહા દ્વિપના સયુંકત દેશોમાં ૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ ખૂબ જોર- શોરથી તેમજ પુરા ધામ ધૂમથી ઉજવવામાં આવે છે.આદિવાસીઓને તેમના હકો મળે તેમજ ભારતમાં ખાસ બંધારણ જોગવાઈ મુજબ શિડયુલ એરિયાઓમાં અનુસૂચિ-૫ અને ૬ લાગુ કરવામાં આવે, તો તેમના હક અને અધિકાર તેમને મળે જળ, જમીન, જંગલ, સંપત્તિ તેઓની પોતાની છે જેની જોગવાઈ આ અનુસૂચિમાં કરવામાં આવી છે.જેની જાણકારી મળે તેના ભાગ રૂપે ૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વમાં ૧૯૫ દેશો માંથી ૯૦ દેશોમાં ૫૦૦૦ આદિવાસીઓના સમુદાય વસે છે.

# કચ્છના વણઉકેલ્યા તમામ પ્રશ્નોને પ્રાધાન્ય આપી ઉકેલો : પ્રભારીમંત્રી

**પ્રભારીમંત્રી પ્રફુલ પાનશેરિયાએ વહીવટીતંત્ર સાથે સંકલન બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરી જેમાં કચ્છના ભૂકંપગ્રસ્તોના પ્રશ્નો, વીજળી, પીવાના પાણી, ખેડૂતોના પ્રશ્નો, રસ્તા, દબાણ સહિતના પ્રશ્નો ઉપર વહિવટીતંત્રને તત્કાલ કાર્યવાહી કરવા તાકીદ કરી હતી**



ભુજ તા.૮

સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ રાજયકક્ષાના મંત્રી તથા પ્રભારીમંત્રી પ્રફુલ પાનશેરીયાએ ગૂરૂવારે ભુજ કલેકટર કચેરી ખાતે વહિવટીતંત્ર સાથે સમીક્ષા બેઠક યોજી હતી.બેઠકમાં ધારાસભ્યોના પ્રશ્નો સાંભળવા સાથે વિવિધ વિભાગની કામગીરીની સમીક્ષા કરી હતી.કચ્છમાં ધરતીકંપ સંલગ્ન તમામ વણઉકેલાયેલા પ્રશ્નોના ઉકેલ માટે રાજ્ય સરકાર કટિબધ્ધ હોવાથી તત્કાલ તમામ જરૂરી વિગતો સાથે લેખિતમાં માહિતગાર કરવા પ્રભારીમંત્રીએ અધિકારીઓને જણાવ્યું હતું. તેમજ ભૂકંપગ્રસ્તોના તમામ પડતર પ્રશ્નો રાજય સરકાર ઉકેલશે તેવી ખાત્રી આપી હતી.આ બેઠકમાં અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમ્ન સિંહ જાડેજાએ પીવાના પાણી, વોટર શેડના કામ, વાસ્મો અંતર્ગતના કામો, ખેડૂતોને વીજ કનેકશનમાં મેળવવા પડતી મુશ્કેલી, નખત્રાણા નગરપાલિકાના પ્રશ્નો, યાત્રાધામ વિકાસ તથા દયાપર કોલેજ સંલગ્ન પ્રશ્નો રજૂ કર્યા હતા. જ્યારે ગાંધીધામ ધારાસભ્ય માલતી મહેશ્વરીએ અંડર અને ઓવરબ્રિજની કામગીરી, આયોજન મંડળ સંદર્ભના પ્રશ્નો રજૂ કર્યા હતા.અંજાર ધારાસભ્ય ત્રિકમ છાંગાએ ખાસ નિંગાળના ખેડૂતોનો જમીન પ્રશ્ન,અંજાર બાયપાસ તથા ટ્રાફીકના વર્ષો જૂના પ્રશ્નોને વહીવટી તંત્રે સંવેદનશીલતા સાથે ઉકેલી દેતા સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા. ભુજ ધારાસભ્ય કેશુ પટેલે વેટરનરી કોલેજ, કૃષિ કોલેજ, ભુજને મહાનગરપાલિકા બનાવવા, ભુજના રીંગરોડની માલીકી તથા તેને નવા બનાવવા, ભુજ બાયપાસ રોડ સહિતના પ્રશ્નો રજૂ કર્યા હતા. રાપર મત વિસ્તારમાં ડોકટરની ઘટ્ટ, પીવાના પાણી, ભોજમરી તથા સુવઇ ડેમ યોજના સંદર્ભના પ્રશ્ન રજૂ કરાયા હતા. જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ વીજળી સમસ્યા,નર્મદા કેનાલના કામ સહિતના પ્રશ્નો મુકયા હતા. બેઠકમાં રજૂ કરાયેલા પ્રશ્નો મુદે પ્રભારીમંત્રીએ તમામ સંલગ્ન વિભાગના અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો જાણીને તત્કાલ ઉકેલની દિશામાં કામગીરી કરવા તાકીદ કરી હતી. પ્રભારી સચિવ હર્ષદ પટેલ તથા કલેક્ટર અમિત અરોરાએ રજૂ કરાયેલા પ્રશ્નો મુદે સંબંધિત વિભાગના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.બેઠકમાં જિલ્લા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન કુંવર મહેશ્વરી,નગર પાલિકાના પ્રમુખો,તમામ તાલુકા પંચાયત પ્રમુખો અને અગ્રણી જનપ્રતિનિધિઓએ તથા પૂર્વ કચ્છ એસ.પી સાગર બાગમાર, જિલ્લા વિકાસ અધિકારી નિકુંજ પરીખ, નિવાસી અધિક કલેકટર મિતેશ પંડ્યા, સર્વે પ્રાંત અધિકારીઓ અને જિલ્લા વહીવટીતંત્રના તમામ શીર્ષ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છ પોલીસ કોમ્બીંગના નામે ચોક્કસ વર્ગમાં ભયનો માહોલ ઉભો કરવા માંગે છે ?

**કોંગ્રેસ આગેવાન દ્વારા પોલીસ કાર્યવાહી સામે આક્ષેપો કરી કચ્છના સાંસદ સામે પણ સવાલો ઉઠાવ્યા**




ભુજ તા.૮

કરછ પોલીસ કોમ્બીંગનાં નામે મુસ્લીમ તેમજ નબળા સમાજોમાં ભય ફેલાવવાનુ કામ કરતી હોવાનો સીધો આક્ષેપ કોંગ્રેસ નેતા દ્વારા કરાયો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી વી.કે. હુંબલની એક યાદીમાં પોલીસ અને કચ્છના સાંસદ સામે પણ સવાલો કરાયા છે. તેમની યાદીમાં જણાવ્યા મુજબ, તાજેતરમાં બોર્ડર રેન્જ આઈ.જી. તેમજ પૂર્વ-પશ્ચિમ કચ્છ એસ.પી. દ્વારા મુસ્લિમ વિસ્તારોમાં કોમ્બીંગનાં નામે પોલીસનાં ૪૦૦ જેટલા અધિકારી-કર્મચારીઓ સાથે ભચાઉ તાલુકાના શિકારપુર, સુરજબારી જશાપરવાંઢ ચેરાવાંઢમાં રાત્રીનાં ૧૨-૦૦ વાગ્યે લોકોનાં ઘરમાં ઘુસી અને તલાશી કરવામાં આવેલ હતી, આમ કરી કચ્છ પોલીસ મુસ્લિમ તેમજ નબળા સમાજોમાં ભય અને ડર ફેલાવવાનુ કામ કરી રહેલ છે, થોડા સમય પહેલાં કિડાણા અને ખારીરોહર તેમજ ભુજનાં સંજોગનગર વિસ્તારોમાં કોમ્બીંગનાં નામે રાત્રીનાં સમયે કોઈપણ જાતનાં વોરંટ વગર ઘરમાં ધુસી દરકે ધરોની તલાશી લઇ અને મહિલાઓ અને બાળકોમાં પણ ખુબજ ડરનો માહોલ પોલીસ દ્વારા ઉભો કરવામાં આવેલ, જે નિંદનીય છે, આ પ્રકારે પોલીસનો કાફલો ઉતારી અને કોઈ આતંક વાદીઓને પકડવા માટેનુ અભિયાન હોય તેવું લાગી રહેલ છે.

ભચાઉ તાલુકાનાં વિસ્તારમાં જે ગામડાઓમાં જઈ અને કોમ્બીંગ કરવામાં આવેલ બાદ પોલીસ દ્વારા પત્રકાર પરિષદ કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં ધાતક હથિયારો મળી આવેલ તેવુ જણાવેલ, અને આ હથિયારોમાં છરી, ચાકુ, ધારિયા, કુહાડી, લાઠી જેવા હથિયારો પોલીસને મળેલ છે, પરંતુ દરેક ખેડૂતોનાં કે સામાન્ય ધરોમાં પણ ધારીયા,ચાકુ- તલવાર - કુહાડી - લાઠી વિ. રાખવામાં આવે છે અને આવા હથિયારો જાહેરમાં વેચાણ પણ થાય છે, ત્યાં કેમ અટકાવવામાં આવતા નથી? ચાકુ છરી જેવા સાધનો દરકે ઘરોમાં શાકભાજી કાપવામાં વપરાય છે તેને પણ પોલીસ હથીયારમાં ગણતરી કરશે ? ખેડૂતો પોતાનાં ખેતરમાં ધારીયા-કુહાડી જેવા સાધનો ઉપયોગમાં લેતા હોય છે,અને તલવાર શક્તિનું પ્રતિક છે. ઘણાં હિન્દુનાં ઘરોમાં તલવાર રાખવામાં આવે છે. જેમો લગ્ન પ્રસંગે પણ ઉપયોગ થાય છે ત્યારે આટલી મોટી સંખ્યામાં પોલીસ. કાફલો ઉતારી ચારથી પાંચ જેટલા ગામોમાં દરેક ધરોની તલાશી બાદ પણ કોઈ એવા તીક્ષણ કે ઘાતક હથિયારો મળી આવેલ નથી પોલીસે બે સામાન્ય તમંચા જેની કિંમત રૂ. ૪૦૦૦ બતાવેલ છે તેમજ એક વ્યક્તિનાં ધરમાંથી બીયરનું ડબલુ મળેલ જેનો ઉલ્લેખ પણ પ્રેસ- મીટીંગમાં કરેલ છે આમ કરી પોલીસ પોતાની પીઠ થાબળવા માંગે છે ? શ્રી હુંબલે આક્ષેપ કર્યો હતો કે પોલીસ મુસ્લીમ સમાજ તેમજ નબળા સમાજોમાં કોમ્બીંગનાં નામે દબાવી અને ડરાવવા માંગે છે અને સરકાર તેમજ ગૃહમંત્રીની "ગુડબુક" માં આવવા માંગે છે. આ યાદીમાં શ્રી હુંબલે આઈ.જી.તેમજ એસ.પી.ને અનુરોધ કર્યો હતો કે,તમારે ઘાતક હથિયારો પકડવા હોય તો દૂર જવાની જરૂર નથી, ભચાઉ, રાપર ગાંધીધામ તેમજ અન્ય શહેરોમાં કોમ્બીંગ કરવામાં આવે તો જીવલેણ અને ધારદાર હથિયારો અને બંદુક પીસ્તોલ જેવા અનેક હથિયારો, બીયરનાં ડબલાનાં બદલે અનેકે ધરોમાં વિદેશી દારૂ અને ડ્રગ્સ પણ મળી શકે તેમ છે. માત્ર અમુક સમાજોને જ દબાવવા પોલીસ કાર્યવાહી કરે છે તે વ્યાજબી નથી. કરછ જીલ્લામાં ઘણી જગ્યાએ ખૂન-કેસમાં વપરાયેલ પીસ્તોલ-બંદૂક જેવા હથિયારો પોલીસ પકડી શકેલ નથી ઘણાં ગુન્હેગારો ખુલ્લેઆમ ફરે છે છતાં પોલીસ પકડતી નથી અને ગરીબ અને નબળા લોકો ઉપર દમન ગુજારે છે એવા પ્રહારો પોલીસ સામે કર્યો હતા. ઉપરાંત તાજેતરમાં ભુજમાં ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીની પ્રેસ મીટીગ માં કોંગ્રેસ આગેવાન એચ.એસ.આહિર ઉપર પણ ખોટી ફરિયાદ કરવામાં આવી હોવાનું જણાવી ઉમેર્યું હતું કે, આઈ.બી.નાં કર્મચારી કોઈ પણ પક્ષ માટેની મીટીંગમાં બેસી ન શકે, આઈ.બી.નાં કર્મચારીની જવાબદારી અને ફરજ છે કે કોઈ પણ મુવમેન્ટ ઉપર નજર રાખવી હોય તો બહાર ઉભા રહી મીટીંગમાં કોણ અવર-જવર કરે છે જેનો અહેવાલ સરકારને મોકલવાનો હોય છે, પરંતુ પક્ષની મીટીગમાં પક્ષની આંતરિક પોલીસીની ચર્ચા થતી હોય છે, તેવી મીટીંગોમાં આઈ.બી.નાં કર્મચારી કેવી રીતે વગર પરવાનગીએ આવી શકે? આવો સવાલ ઉઠાવી આ બાબતે આઈ.જી, તથા એસ-પીને અપીલ કરી હતી કે, અમારી પ્રીમાઈસીસમાં પક્ષની મીટીગો ચાલતી હોય ત્યારે અમારી પરવાનગી વગર આઈ.બી. કે કોઈ જ પોલીસ કર્મીઓએ આવવુ કે બેસવુ નહી એવી સુચનાઓ આપવામાં આવે.

જ્યારે સાંસદ પર ટીકા કરતા જણાવ્યું હતું કે, તાજેતરમાં ઝુરા ગામે ડિગ્રી વગરનાં ડોક્ટર ડો.સૈયદને પકડવામાં આવેલ તે અંગે કચ્છનાં સાંસદ વિનોદ ચાવડાએ એક્સ પર પોસ્ટ કરી કોંગ્રેસ પક્ષની ટીકા કરેલ હતી, અગાઉ કચ્છમાં ઘણાં બોગસ ડોક્ટરો પકડાયેલ છે ત્યારે સાંસદએ ક્યારે પણ કોઈ પ્રતિકીયા આપી ટવીટ કરેલ નથી, ઝુરામાં ડોકટરની કામગીરી મુસ્લીમ સમાજનાં આગેવાન તરીકેની હતી એટલે સાંસદે પ્રતિક્રીયા આપી, શ્રી હુંબલે સવાલ કર્યો હતો કે આરોગ્ય શાખામાં ૫૦ ટકા ડોકેટરોની ઘટ છે તે ઘટ પુરવા માટે સાંસદ કેમ ટવીટ કે એક્સ પર પોસ્ટ કે સરકારમાં રજૂઆત કરતા નથી ? કચ્છમાં બોગસ તબીબો એ પણ ભાજપ સરકારની દેન છે એવો સીધો આક્ષેપ કરી માત્ર એકે જ સમાજને ટારગેટ કરી ૧૦ વર્ષમાં પહેલી વખત આવુ એક્સ પર પોસ્ટ મારફતે આવેલ છે જે બાબતને વિચારવા જેવી ગણાવી હતી. આ તરફ અખીલ કચ્છ સુન્ની મુસ્લિમ હિત રક્ષક સમિતિએ પણ કલેકટર એસ.પી. ને લેખીત પત્ર લખી ઘટનાને વખોડી છે.

CRIME LINE CRIME LINE CRIME LINE CRIME LINE

## મુંદરા ઝુંપડીમાંથી ગાંજાના જથ્થા સાથે એક ઈસમને એસ.ઓ.જી.એ ઝડપ્યો



ભુજ તા.૮


કેફી માદક પદાર્થની પ્રવૃતિ સાથે સંડોવાયેલ ઈસમો વિરૂધ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવા એસ.ઓ.જી.ના પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી.ભોલાએ તાબાના કર્મચારીઓને આપેલ સુચના અન્વયે એસ.ઓ.જી. સ્ટાફના કર્મચારીઓ કાર્યરત હતા, તે દરમ્યાન તા.૦૭/૦૮ ના પો.હે.કો. ચેતનસિંહ જાડેજા તથા ગોપાલ ગઢવીને મળેલ બાતમી મુજબ વર્કઆઉટ કરી મુંદરા ખાતે આવેલ હિંદ સર્કલથી પોર્ટ રોડ વચ્ચે બનાવેલ કાચી ઝુંપડીમાંથી આરોપી રામ વાલજી શેડા,(રહે.ઝરપરા)ને ઝડપી પાડી તેના કબ્જામાંથી ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજો ૧.૭૪૪ કિલોગ્રામ, કિ.રૂ. ૧૭,૪૪૦,

મોબાઈલ-૧, રૂ.૫,૦૦૦ અને

રોકડા રૂ.૭૨૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડી મુંદરા પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

આ કામગીરી એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેક્ટર વી.વી.ભોલા,એ.એસ.આઇ. નરેન્દ્રસિંહ જાડેજા, દિનેશ ગઢવી, પો.હે.કો.ચેતનસિંહ જાડેજા, ગોપાલ ગઢવી, રજાક સોતા, અને મહિપતસિંહ સોલંકી એ કરી હતી.

## નલીયા વિસ્તારમાં બાવળની ઝાડીમાં છુપાવેલ ૧ લાખ ૫૧ હજારનો દારૂ પકડાયો




ભુજ તા.૮

નલિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ કિંમત ૧,૫૧,૪૦૦ નો જથ્થો પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચ,ભુજ દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો, જોકે આરોપી હાજર મળ્યો ન હતો.ગેરકાયદેસર રીતે જથ્થો મંગાવી વેચનારા ઈસમો ઉપર વોચ રાખી આવી પ્રવૃત્તિ અટકાવવા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પશ્ચિમ કચ્છના પોલીસ ઈન્સ્પેકટર એસ.એન.ચુડાસમા, સબ ઈન્સ્પેકટર ટી.બી. રબારીએ ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો મંગાવી વેચનારા ઉપર કાયદેસર કાર્યવાહી કરવા આપેલ સુચના અનુસંધાને લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ જાડેજા, નવીનકુમાર જોષી, સુરજ વેગડા, શક્તિસિંહ ગઢવી તથા મહિપાલસિંહ પુરોહીત નલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે બાતમી મળેલ કે, મહીપતસિંહ ગોરધનસિંહ સોઢા (રહે. સોઢા કેમ્પ ખાનાય) વાળાએ નાગીયા ગામની બાજુમાં આવેલ ચાંદરાઇ તળાવની પાસે પોતાના કબ્જામાં બાવળોની ઝાડીમાં ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો બહારથી મંગાવી રાખેલ છે, અને તે સગેવગે કરવાની ફીરાકમાં છે માહિતી આધારે રેઈડ કરતા ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલો નંગ-૨૫૨, કી.રૂા. ૧,૧૫,૪૦૦ અને બીયરના ટીન નંગ-૩૬૦ કી.રૂા. ૩૬,૦૦૦ મળી આવ્યા હતા, જોકે મજકુર ઈસમ રેઈડ દરમ્યાન હાજર મળ્યો ન હતો.

# ગાંધીધામ મેઈન માર્કેટમાં પોલીસ ચોકી કાર્યરત કરાતા સુરક્ષા મજબુત બની



રાપર તા.૮

કચ્છના વિકસિત ગાંધીધામ ખાતે કાયદો અને વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા પૂર્વ કચ્છ પોલીસ વિભાગ દ્વારા ગાંધીધામના મેઈન માર્કેટ, ભાઈ પ્રતાપ સર્કલ પાસે પોલીસ ચોકીને બોર્ડર રેન્જ આઈજી ચિરાગ કોરડીયાના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. આ પ્રસુંગે આઈજી ચિરાગ કોરડીયાએ આ વિકસિત શહેર, જે મીની મુંબઈ તરીકે જાણીતું છે તેવા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર ખડેપગે તૈયાર છે, કોઈ પણ વેપારીઓ કે આમ જનતાને પોલીસની જરૂર પડે ત્યારે નજીકની પોલીસ ચોકીનો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો, જ્યારે પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારે વિકસિત ગાંધીધામ અંજાર આદિપુરના વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વધુ સુવિધા ઉપલબ્ધ દાખલ તે માટે પોલીસ સતત પ્રયત્નશીલ છે એવું જણાવ્યું હતું. આ પ્રસંગે અંજાર નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરી, એલસીબી પી.આઈ એન.એન.ચુડાસમા, ગાંધીધામ બી ડીવીઝન પી.આઈ એસ.વી સિસોદીયા, પ્રોબેશનલ ડીવાયએસપી પરેશ રેણુકા, ગાંધીધામ એ ડીવીઝન પી.આઈ એમ. ડી.ચૌધરી, કંડલા પીઆઈ એમ.એ.વાળા, ટ્રાફિક પી.આઈ એસ.વી.ડાંગર સહિતનો પોલીસ સ્ટાફ ઉપરાંત ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મહેશ પુજ, વેપારી મંડળના પ્રમુખ રાજુભાઈ ચંદદાની, અભિષેક પારેખ, કમલેશ પરિહાણી, વેપારી મંડળ, અને ચેમ્બર્સ ઓફ કોમર્સના સદસ્યો, વેપારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.